સપ્ટેમ્બર ૨૦૨૫

અંક - ૦૫

# પરિવર્તન

DR. K. R. SHROFF FOUNDATION



krshrofffoundation

Dr.K.R.Shroff.Foundation

krsf.in (English)
krsf.in/gu (Gujarati)

DrKRShroffFoundation

ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન અને તેના અંશતઃ સહયોગથી કાર્યરત સંસ્થાઓ દ્વારા સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચતી સેવા, સંવેદના અને વિકાસના અવિરત પ્રયત્નોનું જીવંત દસ્તાવેજીકરણ એટલે 'પરિવર્તન' સામયિક. અહીં રજૂ થયેલી દરેક પ્રવૃત્તિ ફક્ત એક કાર્ય નથી પણ માનવજીવનમાં હકારાત્મક પરિવર્તન લાવવાના સંકલ્પની અભિવ્યક્તિ છે.

સપ્ટેમ્બર, ૨૦૨૬

**પરિવર્તન**

# ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન અને તેના અંશતઃ સહયોગથી કાર્યરત સંસ્થાઓ દ્વારા થતા આજીવિકાના કાર્યોની ઝાંખી


















## ડૉ.કે.આર શ્રોફ ફાઉન્ડેશન દ્વારા વિવિધ સંસ્થાઓમાં થઇ રહેલા કાર્યોની વિગત

## અનુક્રમણિકા


**સ્થાપકની કલમે.......................................... ૦૩**

**૮ રાજ્યો ને ૨૪ સંસ્થાઓ સાથે ચાલવાનો KRSF નો સંકલ્પ.......... ૦૫**

- આઠ રાજ્યો, એક સંકલ્પ – ભારતના વિવિધ ભાગોમાં KRSF.......... ૦૭
- એક સરકારી તળાવે બદલ્યું ગામનું નસીબ - વાત મહારાષ્ટ્રથી.......... ૧૦
- એકતાની તાકાતથી શોષણનો અંત - વાત મહારાષ્ટ્રથી.......... ૧૨
- શું સરકારી કામ સરળતાથી થાય તેવું સરકાર ના કરી શકે ? - વાત મહારાષ્ટ્રથી ૧૪

**KRSFની પહેલ - શિક્ષણથી ઉજ્જવળ ભવિષ્ય તરફ.......... ૧૬**

- ફરજથી આગળ... સેવાની સંસ્કૃતિ એટલે જ શ્રેષ્ઠતાનું સન્માન.......... ૧૭
- તમે છઠ્ઠા માણસ છો જેને હું આ વાત કહી રહ્યો છું.......... ૨૦

**બાળકો માટે માત્ર શિક્ષક નહીં, પરંતુ વાલી પણ.......... ૨૩**

- જ્યાં શિક્ષક વિદ્યાર્થીના ઘરે પહોંચે છે.......... ૨૪
- ગણિત-વિજ્ઞાનના ૩૨ મોડલ તૈયાર કર્યા.......... ૨૫
- શિક્ષકના સ્પર્શે, બાળકનું જીવન બદલ્યું.......... ૨૭
- દિવ્યાંગ બાળક ફક્ત દોડયું જ નહીં જીત્યું પણ.......... ૨૮
- વેસ્ટમાંથી આટલું બધુ બેસ્ટ ?.......... ૩૦
- માત્ર ભણાવ્યું નહી... જીતવાનું પણ શીખવ્યું.......... ૩૧

**બાળપણથી સ્વચ્છતા સંસ્કારનું સિંચન - KRSFનો અનોખો અભીગમ.......... ૩૩**

- શિક્ષકની સતર્કતાએ બાળકની આંખ બચાવી.......... ૩૩
- શિક્ષકની સંવેદનાએ તમન્નાને ફરી ઊભી કરી.......... ૩૫
- ...નહીં તો ચિનુનું શું થાત!!.......... ૩૬
  અડધી રાત્રે દોડતી શિક્ષિકા.......... ૩૭

**માનવ અધિકાર - અધિકારથી સશક્તિકરણ સુધીની સફર.......... ૩૯**

- અનાથ બાળકોને દર મહિને ત્રણ હજાર રૂપિયાની મદદ અમારા શિક્ષકના પ્રયત્નથી મળી.......... ૩૯
- ૩૯૦ પરિવારોને મળ્યું ઓળખનું સોનાથીયે વધુ કિંમતી લટકણિયું.......... ૪૧
- રાજકોટના પડધરીમાં ૧૨૪ પરિવારોને મળ્યું કાયમી સરનામું.......... ૪૩

## સંસ્થાના વિવિધ કાર્યક્રમો હેઠળ થઈ રહેલા કામની વિગત

**ઘર - માત્ર ચાર દિવાલ નહીં પણ એક સન્માનભર્યું જીવન** ........ ૪૫
- ૧૩ મદારી પરિવારોના નવા જીવનની શરૂઆત ........ ૪૬
- રઝળપાટભર્યા જીવનમાંથી પોતાના સરનામા સુધીની સફરમાં KRSF ને નિમિત્તનો આનંદ. ........ ૪૮
- ૩૫૦ ની વસતિ ધરાવતું ગામ. અહીં એક પણ દીકરી છ પાસ નથી ને એક પણ દીકરો દસ પાસ નથી ........ ૫૦

**સ્વાવલંબન : આત્મસન્માન તરફનું પ્રથમ પગલું** ........ ૫૩
- ૩૧ શાળાઓમાં ૧,૬૨૫ વિદ્યાર્થીઓને ભણતરની સાથે વિવિધ વ્યવસાયિક તાલીમ આપવામાં આવી ........ ૫૪
- પોતાના ઘરનું અજવાળું જાતે કર્યું ........ ૫૬
- ૪૦૦૦ ઉપરાંત પરિવારોને સ્વાવલંબી બનાવવામાં નિમિત્ત બન્યાનો હરખ ........ ૫૮

**વૃક્ષો - આવનારી પેઢીનો અમૂલ્ય વારસો** ........ ૬૧
- ૮,૩૩,૧૮૨ વૃક્ષોના ઉછેરમાં KRSF નિમિત્ત ........ ૬૧
- વૃક્ષદેવની પ્રાણપ્રતિષ્ઠા : ધૂણસોલગામના હરિયાળા સંકલ્પથી, કૃષ્ણ વીણા ગ્રામવનના નિર્માણની વાત ........ ૬૨
- ૬ શાળાઓના બાળકોએ ભેગા મળીને ૭૦,૦૦૦ થી વધારે રોપા ઉછેર્યા ........ ૬૪
- વેસ્ટમાંથી બેસ્ટ નર્સરી ........ ૬૬

**જળ વ્યવસ્થાપન - પાણી જીવનનો આધાર અને આવનારી પેઢી માટેની જવાબદારી** ........ ૬૯
- જળખૂટ્યા પછી જળમંદિર તરફની યાત્રા ........ ૭૦
- ૨૫ ફૂટે મળતું પાણી આજે ૧૦૦૦ ફૂટે પહોંચ્યું ........ ૭૨

**પ્રાકૃતિક ખેતી** ........ ૭૫
- ભણતર સાથે કુદરતી ખેતી શીખતા બાળકો ........ ૭૫
- M.Sc. પાસ ખેડૂત ........ ૭૭
- KRSF ની શાળાઓમાં અલગ પહેલ ........ ૭૯

# સ્થાપકની કલમે...



**સફર હજુ ચાલુ છે...**

"ना पूछो कि मेरी मंजिल कहाँ है, अभी तो सफर का इरादा किया है.
न हारूँगा हौसला उम्र भर, ये मैंने किसी से नहीं, खुद से वादा किया है."

જીવનમાં દરેક વ્યક્તિ કોઈને કોઈ ક્ષેત્ર પસંદ કરે છે. પછી પ્રશ્ન એ રહેતો નથી કે આપણે કયા ક્ષેત્રમાં છીએ; પ્રશ્ન એ હોય છે કે જે ક્ષેત્ર પસંદ કર્યું છે, તેમાં આપણે કેટલી નિષ્ઠા, પ્રામાણિકતા અને શ્રેષ્ઠતા સાથે કામ કરીએ છીએ.

જ્યારે મેં મારા વ્યવસાયની શરૂઆત કરી, ત્યારે એક જ ધ્યેય હતો, પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ બનવું. વ્યવસાયને માત્ર રોજગારનું સાધન નહીં, પરંતુ મૂલ્યનિર્માણનું માધ્યમ માન્યું. પરંતુ વ્યવસાયની સફળતા સાથે મનમાં સતત એક વિચાર જીવંત રહ્યો, **આ દેશે મને ઘણું આપ્યું છે ત્યારે મારે પણ મારા દેશના કલ્યાણ માટે નિમિત્ત બનવાનું છે.** આ જ વિચારમાંથી **ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનની** પ્રવૃત્તિઓને દિશા મળી.

આ ફાઉન્ડેશન મારા પૂજ્ય પિતા **ડૉ. કે. આર. શ્રોફ**ના નામે સ્થાપિત છે. મારા પિતા **"જમણો હાથ શું કરે તેની ડાબા હાથને પણ ખબર ન પડે." એ રીતે સેવાકાર્યો કરતા.** તેમણે જીવનભર નિઃસ્વાર્થ ભાવથી અસંખ્ય લોકોને મદદ કરી. આજે પણ કોઈ યુવાન, કોઈ પરિવાર કે કોઈ વડીલ મારી પાસે આવીને કહે છે કે, "ડૉક્ટર સાહેબે મારા ભણતર માટે મદદ કરી હતી," ત્યારે મને ગર્વ કરતાં વધુ વિનમ્રતા અનુભવાય છે. ઘણી સેવાઓ એવી હતી જેની ખબર સમાજને નહોતી, પરંતુ તેનો પ્રકાશ અનેક પરિવારોના જીવનમાં આજે પણ ઝળહળે છે.

મને લાગે છે કે સંપત્તિ કરતાં મોટો વારસો **સંસ્કાર અને સેવાનો** હોય છે. મારા પિતાએ એ વારસો મને આપ્યો અને એ વારસાને આગળ વધારવાનો એક નાનો પ્રયાસ હું ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન દ્વારા કરી રહ્યો છું.

વર્ષ **૨૦૧૨**માં અમે શિક્ષણ ક્ષેત્રે કાર્યની શરૂઆત કરી. મારું દઢ માનવું છે કે શિક્ષણ માત્ર સોનેરી ચાવી નથી, પરંતુ રાષ્ટ્રના ભવિષ્યનું દ્વાર ખોલતી ચાવી છે.

વિશ્વના અનેક દેશોમાં ફરવાનો અવસર મળ્યો છે. યુરોપ હોય કે અમેરિકા, દરેક વિકસિત દેશને નજીકથી જોતા એક પ્રશ્ન મનમાં વારંવાર ઊભો થતો હતો કે તેઓ આટલા આગળ કેમ છે અને આપણે હજુ કેટલું અંતર કાપવાનું બાકી છે?

આ અંતર શિક્ષણ થકી જ કપાશે એવું મને સમજાયું. વિકસીત દેશોમાં બાળકોનું ભણતર અધવચ્ચે અટકતું નથી. વધુમાં વધુ યુવાનો ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચે છે. એન્જિનિયરો, ડૉક્ટરો, વૈજ્ઞાનિકો, સંશોધકો અને વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો દેશના વિકાસમાં સક્રિય ભાગ ભજવે છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ એ તેમના વિકાસનો મજબૂત પાયો છે.

આ બધુ જોતા મને લાગ્યું કે જો ભારતને સાચા અર્થમાં બદલવું હોય તો શરૂઆત શિક્ષણથી જ કરવી પડશે. આ વિચાર સાથે ગુજરાતના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ ક્ષેત્રે કાર્ય શરૂ કર્યું. શરૂઆત નાની હતી, પરંતુ આજે હજારો બાળકોના જીવનમાં નવી આશા જગાવતું એક મોટું અભિયાન બની ગયું છે.

વળી સમય જતાં સમજાયું કે સમાજનો વિકાસ માત્ર શિક્ષણથી જ પૂર્ણ થતો નથી. પાણી હશે તો ખેતી ટકશે, વૃક્ષો હશે તો પર્યાવરણ ટકશે, રોજગાર હશે તો સ્વાભિમાન ટકશે અને સામાજિક જાગૃતિ હશે તો પરિવર્તન ટકશે. આ સમજણ સાથે ફાઉન્ડેશને શિક્ષણ ઉપરાંત જળસંચય, વૃક્ષારોપણ, કૃષિ વિકાસ, આજીવિકા, સામાજિક પરિવર્તન અને વંચિત પરિવારોને આત્મનિર્ભર બનાવવાના અનેક ક્ષેત્રોમાં પણ કાર્યનો વ્યાપ વધાર્યો.

હું હંમેશા એક વાતમાં વિશ્વાસ રાખું છું કે, ઈશ્વર આપણને જે ક્ષમતા, સંપત્તિ અને સફળતા આપે છે, તે માત્ર આપણા માટે નથી. તેમાં સમાજનો પણ હક છે. જો આપણે પોતાની ક્ષમતાનો એક હિસ્સો પણ સમાજના કલ્યાણ માટે સમર્પિત ન કરી શકીએ, તો આપણી સફળતા અધૂરી છે.

મને એક પંક્તિ ખૂબ પ્રિય છે,

"सिर्फ हंगामा खड़ा करना मेरा मकसद नहीं,
मेरी कोशिश है कि ये सूरत बदलनी चाहिए.."

સાચું પરિવર્તન ભાષણોથી નહીં, પરંતુ સતત પ્રયત્નોથી આવે છે.

હું એવો દાવો ક્યારેય કરતો નથી કે હું એકલો સમાજ બદલી રહ્યો છું. કોઈ એક વ્યક્તિ સમાજને બદલી શકતી નથી. પરિવર્તન તો અસંખ્ય લોકોના નાના-નાના યોગદાનથી સર્જાય છે.

રામાયણમાં ભગવાન શ્રીરામે સેતુ બાંધ્યો ત્યારે નાનકડી ખિસકોલીએ પણ પોતાની ક્ષમતા મુજબ રેતીના કણો ઉઠાવીને યોગદાન આપ્યું હતું. કદાચ તેનું યોગદાન પથ્થરો જેટલું મોટું નહોતું, પરંતુ તેના ભાવની કિંમત અણમોલ હતી. મારે પણ એટલું જ કરવાનું છે.

મારા દેશના વિકાસમાં મારું યોગદાન કદાચ ઇતિહાસમાં નહીં નોંધાય પણ જો મારા જીવનના અંતે હું એટલું અનુભવી શકું કે મેં મારી ક્ષમતા મુજબ ખિસકોલી જેટલું પણ રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપ્યું છે, તો એ મારા જીવનનો સૌથી મોટો સંતોષ અને સૌથી મોટો પુરસ્કાર હશે.

જો કે સફર હજુ પૂરી નથી થઈ. હજુ તો અનેક બાળકો સુધી શિક્ષણ પહોંચાડવાનું છે, અનેક ગામોમાં પાણી પહોંચાડવાનું છે, લાખો વૃક્ષોને ઉછેરવાના છે અને હજારો પરિવારોના જીવનમાં સ્વાભિમાનનો પ્રકાશ પ્રગટાવવાનો છે.

આ સફરમાં જોડાયેલા દરેક સહયોગી, કાર્યકર અને શુભેચ્છકનો હું હૃદયપૂર્વક આભારી છું.

ચાલો, આપણે સૌ મળીને માત્ર વિકાસ નહીં, પરંતુ **પરિવર્તન**ની એક નવી ગાથા લખીએ.

**– પ્રતુલ શ્રોફ**

સ્થાપક, ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન

# 8 રાજ્યો ને 24 સંસ્થાઓ સાથે ચાલવાનો KRSF નો સંકલ્પ...

**"એક દીવો સળગે તો અંધકાર થોડો ઓછો થાય,**
**પણ અનેક દીવા એકસાથે પ્રગટે તો સમગ્ર જગતમાં અજવાળું થઈ જાય."**

સમાજમાં પરિવર્તન લાવવાનો માર્ગ ક્યારેય એકલાનો હોતો નથી. કોઈ એક સંસ્થા કે એક વ્યક્તિ સમગ્ર સમાજની તમામ સમસ્યાઓનું નિરાકરણ લાવી શકે નહીં પણ અનેક સારા વિચારો સાથે નિષ્ઠાવાન સંસ્થાઓ અને સંવેદનશીલ લોકો એકબીજાના હાથમાં હાથ નાખીને આગળ વધે, ત્યાં પરિવર્તન શક્ય જ નહીં, પણ સ્થાયી બને છે.

ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનનો દૃઢ વિશ્વાસ છે કે દેશમાં મોટા અને લાંબા ગાળાના પરિવર્તન માટે સમાજના તળિયે, લોકોની વચ્ચે રહીને કામ કરતી નાની પરંતુ સમર્પિત સંસ્થાઓને મજબૂત બનાવવી જરૂરી છે. આ સંસ્થાઓ પાસે વિસ્તારની સમજ, લોકોનો વિશ્વાસ અને સેવા કરવાની તીવ્ર ઇચ્છા છે. જો તેમને યોગ્ય માર્ગદર્શન, સંસાધનો અને સતત સાથ મળે તો તેઓ સમાજમાં અદભૂત પરિવર્તન સર્જી શકે.

આ જ વિચારને કેન્દ્રમાં રાખીને ફાઉન્ડેશને 'સાથે ચાલવાનો' માર્ગ પસંદ કર્યો. અમે ફક્ત આર્થિક સહાય પૂરતી અમારી ભૂમિકા મર્યાદિત રાખતા નથી. સંસ્થાઓ લાંબા ગાળે સ્વાવલંબી, વ્યાવસાયિક અને અસરકારક રીતે કાર્ય કરી શકે તે માટે તેમના સમગ્ર સંસ્થાકીય ઘડતરમાં સહભાગી બનવાનું કરીએ છીએ.

સંસ્થાનું વિઝન અને મિશન સ્પષ્ટ કરવામાં, તેનું DNA અને મૂળભૂત મૂલ્યો (Core Values) ઘડવામાં, સુવ્યવસ્થિત કાર્યપદ્ધતિ ઊભી કરવામાં, મોનિટરિંગ અને મૂલ્યાંકનની પદ્ધતિઓ વિકસાવવામાં તેમજ MBO અને OKR જેવી આધુનિક આયોજન પ્રણાલીઓ દ્વારા લક્ષ્યાંકો નક્કી કરવામાં અમે તેમની સાથે સતત કામ કરીએ છીએ. માર્ગમાં આવતી દરેક અડચણમાં અમે સહયાત્રી બનીને ઊભા રહીએ છીએ. સંસ્થાઓ સાથે અમારો સંબંધ દાતા અને ગ્રહીતાનો નહીં, પરંતુ વિકાસયાત્રાના સહભાગીનો છે.

આજે ભારતના આઠ રાજ્યોમાં કાર્યરત ચોવીસથી વધુ સંસ્થાઓ સાથે અમે આ યાત્રામાં જોડાયેલા છીએ. આ સંસ્થાઓ આજે વધુ સક્ષમ, વધુ વ્યવસ્થિત અને વધુ અસરકારક બનીને હજારો પરિવારોના જીવનમાં આશા અને આત્મવિશ્વાસનું અજવાળું પાથરી રહી છે. તેમની સફળતા જ અમારી સૌથી મોટી ઉપલબ્ધિ છે.

જે સંસ્થા જે વિસ્તારમાં શ્રેષ્ઠ કાર્ય કરતી હોય ત્યાં તેની શક્તિને વધુ મજબૂત બનાવવી એ અમારી માન્યતા. અમે માનીયે છીએ કે, સાચું પરિવર્તન સ્પર્ધાથી નહીં, સહકારથી જન્મે. જ્યારે સારા લોકો, સારા વિચારો અને સારા પ્રયત્નો એકસાથે આવે, ત્યારે સમાજની પ્રગતિની ગતિ અનેકગણી વધી જાય.

*'સાથી હાથ બઢાના'ની ભાવના સાથે ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન એક એવું મંચ બની રહ્યું છે, જ્યાં સંસ્થાઓ ફક્ત સહાય નથી મેળવતી પણ પોતાની ક્ષમતાને ઓળખે છે, મજબૂત બને છે અને સમાજમાં પરિવર્તનના નવા અધ્યાય સર્જે છે.*

*અમે માનીયે છીએ કે,*

***"એક સંસ્થાની સફળતા ફક્ત એક સંસ્થાની સફળતા નથી,***
***તે સમાજની સંયુક્ત શક્તિનું પ્રતીક છે.***
***જ્યાં સહકાર સંસ્કૃતિ બને,***
***ત્યાં વિકાસ ક્યારેય અટકતો નથી."***

*ભારતના ૮ રાજ્યોમાં કાર્યરત વિવધ સંસ્થાઓને KRSF થકી સક્ષમ, વધુ વ્યવસ્થિત અને વધુ અસરકારક બનાવવાનો પ્રયાસ*

## "પાણી માટે કોઈની રાહ નહી"

મહારાષ્ટ્રના વાશિમ જિલ્લાના એક ગામમાં બાબુરાવ તાજણેની પત્નીને એક કૂવામાંથી પાણી ભરવા દેવામાં આવ્યું નહીં. વાત માત્ર પાણીની નહોતી... વાત એ હતી કે પોતાની જરૂરિયાત માટે પણ બીજાની મરજી પર કેમ જીવવું? બાબુરાવે કોઈને ફરિયાદ કરી નહીં, કોઈની મદદની રાહ જોઈ નહીં. તેમણે હાથમાં પાવડો લીધો અને પોતાના ઘર પાસે જ કૂવો ખોદવાનું શરૂ કર્યું.

ગામના લોકોને લાગ્યું કે આ માણસ શું કરી રહ્યો છે? પથ્થરવાળી જમીનમાં એકલો કૂવો ખોદવો કોઈ સહેલું કામ નહોતું. પણ બાબુરાવ રોજ ખોદતા રહ્યા. લગભગ 40 દિવસ સુધી એકલા મહેનત કર્યા પછી પાણી નીકળ્યું. જે માણસને પહેલાં પાણી માટે બીજાના કૂવા પાસે ઊભું રહેવું પડતું હતું, તેણે પોતાના હાથથી પોતાનું પાણી ઊભું કરી દીધું.

પણ બાબુરાવની વાત અહીં પૂરી થતી નથી. જે કૂવો તેમણે પોતાની પત્નીના અપમાન પછી ખોદ્યો હતો, એ પછી આખા મહોલ્લાનો કૂવો બની ગયો.

કદાચ આ જ આ વાર્તાની સૌથી મોટી વાત છે.

બદલાવ હંમેશા કોઈ બીજું લાવે તેની રાહ જોવી પડે નહીં. ક્યારેક એક માણસ પોતાની સમસ્યાનો ઉકેલ શોધવા ઊભો થાય છે, અને તેની મહેનત પછી સમજાય છે કે સમસ્યા તો એકની હતી જ નહીં.

# આઠ રાજ્યો, એક સંકલ્પ – ભારતના વિવિધ ભાગોમાં KRSF

## વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM)

વિચરતી, વિમુક્ત અને વંચિત જાતિઓને શિક્ષણ, આવાસ, સરકારી યોજનાઓનો લાભ અને સ્વરોજગાર દ્વારા આત્મનિર્ભર બનાવવાનું કાર્ય કરે છે. સાથે જ પર્યાવરણ સંરક્ષણ, જળ સંરક્ષણ અને વૃક્ષારોપણ જેવા પ્રયાસો દ્વારા ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપી તેમના જીવનમાં લાંબા ગાળાનું સકારાત્મક પરિવર્તન લાવવા માટે કાર્ય કરે છે.

### SRISTI

ખેડૂતોને રાસાયણિક મુક્ત (પ્રાકૃતિક) ખેતી અપનાવવા માટે જાગૃતિ, તાલીમ અને માર્ગદર્શન આપે છે. સાથે જ તેમના કૃષિ ઉત્પાદનોને વધુ સારા બજાર સાથે જોડીને યોગ્ય ભાવ મળે તે માટે કાર્ય કરે છે.

### AAA (Amhi Amchya Arogyasathi)

વન આધારિત જીવનનિર્વાહને મજબૂત બનાવવા, દિવ્યાંગ વ્યક્તિઓને સરકારી હકો અને યોજનાઓનો લાભ અપાવવા તથા ગ્રામસભાઓને સશક્ત બનાવવા માટે કાર્ય કરે છે. સાથે જ સરકારી યોજનાઓ દ્વારા ગામોના સર્વાંગી વિકાસમાં સહયોગ આપે છે.

### Better Life Foundation

ખેડૂતોને વધુ સારી ખેતી પદ્ધતિઓ અને આવક વધારવાના અવસર સાથે જોડીને તેમના જીવનધોરણમાં સુધારો લાવવા માટે કાર્ય કરે છે.

## દક્ષિણ ગુજરાતની છ ભાગીદાર સંસ્થાઓ

જનકલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ, કર્તવ્ય ફાઉન્ડેશન, ગ્રામ સેવા ટ્રસ્ટ, સર્વાંગી વિકાસ ટ્રસ્ટ, સ્વદર્શન ચેરીટેબલ ટ્રસ્ટ, વેડછી પ્રદેશ સેવા સમિતિ જેવી સંસ્થાઓ શિક્ષણ, આજીવિકા, આરોગ્ય અને સરકારી યોજનાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે માટે ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન દક્ષિણ ગુજરાતની ૬ સંસ્થાઓ સાથે કાર્ય કરે છે. ભાગીદારી દ્વારા લોકોના જીવનમાં લાંબા ગાળાનું સકારાત્મક પરિવર્તન લાવવાનો સતત પ્રયાસ કરવામાં આવે છે.

### Gram Urja

ગામના લોકોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ મળે તે માટે સહાય કરે છે. સાથે જ શાળાના બાળકોના પાયાના વાંચન, લેખન અને ગણિતના શિક્ષણમાં સુધારો લાવવા માટે કાર્ય કરે છે.

## કારીગર કલીનીક

કારીગરોને તાલીમ, માર્ગદર્શન અને જરૂરી સહયોગ દ્વારા સ્વતંત્ર ઉદ્યોગસાહસિક તરીકે વિકસાવવામાં આવે છે. તેમને પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે સશક્ત બનાવી આત્મનિર્ભર બનાવવામાં આવે છે, જેથી તેમની આવકમાં નોંધપાત્ર વધારો થઈ શકે.

### KHOJ

વન આધારિત જીવનનિર્વાહ ધરાવતા પરિવારોની આવકમાં વધારો કરવા, સરકારી યોજનાઓનો લાભ અપાવવા અને ગ્રામસભાઓને વધુ સશક્ત બનાવવા માટે કાર્ય કરે છે. કુદરતી સંસાધનોના અધિકારો અને ગામોના સર્વાંગી વિકાસ માટે પણ સહયોગ આપે છે.

**LIFT for Upliftment**

આર્થિક રીતે નબળા અને આદિવાસી વિદ્યાર્થીઓને નિઃશુલ્ક NEET કોચિંગ આપી તેમને ડૉક્ટર બનવા માટે સશક્ત બનાવે છે. ગુણવત્તાયુક્ત તબીબી શિક્ષણ સુધી તેમની પહોંચ વધારી તેઓ પોતાના પરિવાર, સમાજ અને આરોગ્ય ક્ષેત્રમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે તે માટે કાર્ય કરે છે.

**માઝા ઘર ફાઉન્ડેશન**

અનાથ, નિરાધાર અને રસ્તા પર જીવન જીવતા બાળકો તેમજ લાચાર વ્યક્તિઓને સુરક્ષિત આશ્રય, શિક્ષણ, આરોગ્યસંભાળ અને પુનર્વસનની સુવિધા પૂરી પાડવાનું કાર્ય કરે છે. સાથે જ બાળકોને શિક્ષણ અને કૌશલ્ય વિકાસ દ્વારા આત્મનિર્ભર બનાવી તેમને સમાજની મુખ્ય ધારામાં ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે સશક્ત બનાવે છે.

**Navchetna**

મહિલાઓને ડેરી વ્યવસાય સાથે જોડીને સ્વરોજગાર અને સ્થાયી આવકના અવસર ઊભા કરે છે. તેમને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે જરૂરી સહયોગ અને માર્ગદર્શન પૂરું પાડે છે.

**NEAID**

શાળાના બાળકોને ધોરણ મુજબનું વાંચન, લેખન અને ગણિતનું જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે શિક્ષણની ગુણવત્તા સુધારવાનું કાર્ય કરે છે.

**Open Links Foundation (OLF)**

સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ટેક્નોલોજી આધારિત ઉકેલો વિકસાવે છે. શિક્ષકોને માર્ગદર્શન અને સહયોગ આપી બાળકોમાં પાયાના વાંચન, લેખન, ગણિત તેમજ જીવન કૌશલ્યોના વિકાસ માટે કાર્ય કરે છે. સરકાર સાથે ભાગીદારીમાં શિક્ષણ વ્યવસ્થાને વધુ અસરકારક અને ટકાઉ બનાવવાનો પ્રયાસ કરે છે.

**SeSTA**

મહિલા ખેડૂતોને આધુનિક ખેતીની પદ્ધતિઓ, તાલીમ અને માર્ગદર્શન દ્વારા આત્મનિર્ભર બનાવવાનું કાર્ય કરે છે. તેમની આવકમાં વધારો થાય અને તેઓ આર્થિક રીતે સશક્ત બને તે માટે સતત સહયોગ આપે છે.

**શ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ**

દ્રષ્ટિહીન અને વંચિત બહેનોને શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને સ્વરોજગારની તાલીમ દ્વારા આત્મનિર્ભર બનાવવાનું કાર્ય કરે છે. બહેનોમાં આત્મવિશ્વાસ વધે, તેઓ સ્વાભિમાન સાથે જીવન જીવી શકે અને સમાજમાં સમાન સ્થાન મેળવી શકે તે માટે સતત પ્રયત્ન કરે છે. KRSF આ સંસ્થાને માર્ગદર્શન, સંસ્થાકીય વિકાસ અને જરૂરી સહયોગ પણ પૂરો પાડે છે.

**Vidarbha Nature Conservation Society (VNCS)**

વન ઉત્પાદનો અને માછીમારી દ્વારા ગ્રામજનોની આવકમાં વધારો થાય તે માટે કાર્ય કરે છે. સાથે જ સરકારી યોજનાઓનો લાભ અપાવવા અને ગ્રામસભાઓને વધુ મજબૂત બનાવવા માટે સહયોગ આપે છે.

**Vidya – The Living School (વિદ્યા – ધ લિવિંગ સ્કૂલ)**

બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે જીવન કૌશલ્ય, વ્યવસાયલક્ષી તાલીમ અને સર્વાંગી વિકાસની તક પૂરી પાડે છે. અનાથ, શાળા છોડેલા અને વંચિત પરિવારોના બાળકોને નિઃશુલ્ક શિક્ષણ આપી તેમને

આત્મનિર્ભર અને આત્મવિશ્વાસપૂર્ણ જીવન જીવવા માટે સશક્ત બનાવે છે. સાથે જ ટકાઉ જીવનશૈલી, સ્વાવલંબન અને વ્યવહારુ શિક્ષણ દ્વારા ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવા માટે કાર્ય કરે છે.

**Vigyan Ashram (વિજ્ઞાન આશ્રમ)**

ગ્રામીણ યુવાનોને વ્યવસાયલક્ષી શિક્ષણ, ટેક્નિકલ કૌશલ્ય અને પ્રયોગાત્મક તાલીમ દ્વારા આત્મનિર્ભર બનાવવાનું કાર્ય કરે છે. શિક્ષણને રોજગાર અને ઉદ્યોગસાહસિકતા સાથે જોડીને યુવાનોને પોતાના ગામમાં જ રોજગારી અને સ્વરોજગારના અવસર ઊભા કરવા માટે સશક્ત બનાવે છે.




*KRSF ભારતના આઠ રાજ્યોમાં કાર્યરત ૨૪ જેટલી સંસ્થાઓને સહયોગ કરે છે.*

| રાજ્ય | સંસ્થા |
|---|---|
| ગુજરાત | ૯ |
| મહારાષ્ટ્ર | ૮ |
| આસામ | ૩ |
| રાજસ્થાન | ૧ |
| ઉત્તર પ્રદેશ | ૧ |
| બિહાર | ૧ |
| નાગાલેન્ડ | ૧ |
| કુલ સંસ્થાઓ | ૨૪ |

### વિવિધ રાજ્યોમાં KRSF ની મદદ પહોંચી ને એના લીધે જે પરિવર્તન આવ્યું તેની વાતો...

## એક સરકારી તળાવે બદલ્યું ગામનું નસીબ - વાત મહારાષ્ટ્રથી



*ગ્રામ પંચાયતે ૧૧ સભ્યોની મત્સ્યપાલન સમિતિ બનાવી તેમને ખાસ ટેકનિકલ ટ્રેનિંગ આપવામાં આવી.*

મહારાષ્ટ્રના ગોંડિયા જિલ્લાના પોલઝોલા ગામ પાસે વન અધિકાર અધિનિયમ હેઠળ ૫૭૧.૫૯ હેક્ટર જંગલ જમીન અને એક મોટું સરકારી તળાવ હતું. વર્ષોથી ગ્રામ પંચાયત આ તળાવ માછીમારી માટે હરાજીમાં ભાડે આપતી, જેનાથી વર્ષે માંડ ₹૫૦,૦૦૦ની નજીવી આવક થતી અને ગામના યુવાનો રોજગારી માટે ભટકતા હતા.

આ વાર્તામાં વળાંક ત્યારે આવ્યો જ્યારે વીએનસીએસ (VNCS) અને ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) એ ગામલોકોને ભેગા કરી તેમના કાનૂની અધિકારોની સમજ આપી. આ જાગૃતિથી પ્રેરિત થઈને ગ્રામસભાએ તળાવ ભાડે આપવાને બદલે પોતે જ વૈજ્ઞાનિક પદ્ધતિથી મત્સ્યપાલનનો ગૃહઉદ્યોગ શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો.

આ સપનાને સાકાર કરવા ૧૧ સભ્યોની મત્સ્યપાલન સમિતિ બનાવી તેમને ખાસ ટેકનિકલ ટ્રેનિંગ આપવામાં આવી. સંસ્થાઓના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલી દરખાસ્તને પગલે શબરી ડેવલપમેન્ટ કોર્પોરેશન તરફથી ₹૬૩ લાખની સરકારી સહાય મંજૂર થઈ.

જ્યારે દાનત સાફ હોય અને મહેનત સાચી હોય, ત્યારે કુદરત પણ સાથ આપે છે.

પ્રથમ જ વર્ષે તળાવમાંથી ૪૨૦ ક્વિન્ટલ માછલીઓનું વિક્રમી ઉત્પાદન થયું અને તેના વેચાણથી ગ્રામસભાને ₹૬.૯૮ લાખથી વધુની



*૨૨ લાખની આવકમાંથી પંચાયત ગામની શાળા, દવાખાના, અને રસ્તાઓ વગેરેમાં વાપરે છે*

આવક થઈ, જે અગાઉ કરતાં ૧૩ ગણી વધારે હતી. આ પ્રોજેક્ટથી સ્થાનિક માછીમારોને ₹૧.૩૫ લાખની મજૂરી મળી, ૧૦ પરિવારોને રોજગારી મળી અને નફામાંથી લોનનો પહેલો હપ્તો પણ સમયસર ભરાઈ ગયો.

પરંતુ આ વ્યવસાય પાછળ માત્ર નફો કમાવવાનો હેતુ નહોતો; ગામના ગરીબ પરિવારોને પૌષ્ટિક આહાર મળી રહે તે માટે માત્ર ₹૧૦૦ પ્રતિ કિલોના સસ્તા ભાવે માછલીઓ આપવામાં આવી. આ સફળતાથી



*સામુહિક રીતે મત્સઉત્પાદન કરતા ગ્રામજનો*

પ્રેરિત થઈને આજુબાજુના ગામોએ પણ ૨૦ તળાવોમાં મત્સ્યપાલન શરૂ કર્યું, જેનાથી અન્ય સમુદાયોને ₹૨૨ લાખની આવક થઈ. આજે પોલઝોલા ગ્રામસભા આ કમાણીનો ઉપયોગ ગામની શાળા, દવાખાના અને પાકા રસ્તાઓ પાછળ કરીને વિકાસનું એન્જિન ચલાવી રહી છે.

હવે KRSF આ પરિવર્તનને વધુ વ્યાપક બનાવવા માટે નવા લક્ષ્યો તરફ આગળ વધી રહ્યું છે. આગામી સમયમાં તેંદુ પત્તા (બીડી બનાવવામાં વપરાતાં જંગલી વૃક્ષનાં પાંદડાં) અને મહુડાના ફૂલના વ્યવસ્થિત આયોજનથી સ્થાનિકો માટે ₹૭.૫ કરોડની વધારાની આવક તેમજ સરકારી યોજનાઓ દ્વારા ગામના વિકાસ માટે ₹૫ કરોડ એકત્ર કરવાનું આયોજન છે. સાથે જ, મત્સ્યપાલનમાંથી ₹૨૫ લાખની વધારાની આવક ઊભી કરવા અને ૪ ગ્રામસભાઓને મનરેગાની અમલીકરણ સંસ્થા તરીકે માન્યતા અપાવી સ્થાનિક સ્તરે કાયમી આત્મનિર્ભરતા લાવવાનો અમારો મક્કમ સંકલ્પ છે.

# એકતાની તાકાતથી શોષણનો અંત - વાત મહારાષ્ટ્રથી



*મહુડાના ફૂલ યોગ્ય ભાવે ખરીદ્યા અને તેના બદલામાં ₹૬૨,૬૮,૧૭૭ ની રકમ સીધી જ આદિવાસી પરિવારોના હાથમાં ચૂકવવામાં આવી*

મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાના ગાઢ જંગલોમાં વસતા હજારો આદિવાસી પરિવારો માટે જંગલ એ માત્ર વૃક્ષોનો સમૂહ નથી, પણ તેમની આજીવિકાનો મુખ્ય આધાર છે. પેઢીઓથી અહીંના લોકો મહુડાના ફૂલ, તેંદુ પત્તા (બીડી બનાવવામાં વપરાતાં જંગલી વૃક્ષનાં પાંદડાં) અને વાંસ જેવી વન પેદાશો એકઠી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે.

પરંતુ, દર વર્ષે મહુડાની સીઝન આવતાં જ સ્થાનિક પરિવારો એક મોટી મૂંઝવણનો સામનો કરતા. આ ફૂલોને સુરક્ષિત રાખવા માટે તેમની પાસે સંગ્રહ કરવાની કોઈ સુવિધા નહોતી, બજારના સાચા ભાવોની માહિતી નહોતી અને એકસાથે મળીને વેચવાની કોઈ સિસ્ટમ નહોતી. પરિણામે, બહારથી આવતા વેપારીઓ ગરીબ આદિવાસીઓની મજબૂરીનો ફાયદો ઉઠાવીને માત્ર ₹૨૦ થી ₹૩૦ પ્રતિ કિલોના નજીવા ભાવે આખો માલ ખરીદી લેતા અને આદિવાસીઓની વર્ષોની મહેનત પાણીમાં જતી હતી.

આ ચિંતાજનક પરિસ્થિતિને કાયમ માટે બદલવા માટે સ્થાનિક સંસ્થા 'આમચી આમચ્યા આરોગ્યસાથી' (A A A) અને આપણી સંસ્થા ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) એ હાથ મિલાવ્યા. અમે આદિવાસી કલેક્ટરોને માત્ર માર્ગદર્શન આપવાને બદલે તેમને એક શક્તિહાળી સંગઠન તરીકે ઊભા કર્યા.

સ્થાનિક ગ્રામસભાઓ, વન અધિકાર વ્યવસ્થાપન સમિતિઓ (CFRMCs) અને બહેનોના સેલ્ફ હેલ્પ ગ્રુપ (SHG) ને સાથે જોડીને મહુડાના ફૂલના સામૂહિક ખરીદ-વેચાણ અને વૈજ્ઞાનિક સંગ્રહનું એક મોટું અભિયાન શરૂ કરવામાં આવ્યું.

અમે સતત મીટિંગો કરીને લોકોને સમજાવ્યા કે જો ગુણવત્તા જાળવીને કોલ્ડ

સ્ટોરેજમાં માલ રાખવામાં આવે, તો વેપારીઓ સામે સોદાબાજી કરવાની તાકાત મેળવી શકાય છે. આ નવી સિસ્ટમ હેઠળ, ૨૪ વન ધન વિકાસ કેન્દ્રો, ગ્રામસભાઓ અને સખી મંડળોએ સીધા જ ગરીબ પરિવારો પાસેથી ૧,૪૭,૫૭૫ કિલોગ્રામ મહુડાના ફૂલ યોગ્ય ભાવે ખરીદ્યા અને તેના બદલામાં ₹૬૨,૬૮,૧૭૭ ની રકમ સીધી જ આદિવાસી પરિવારોના હાથમાં ચૂકવવામાં આવી, જેનાથી ૧,૦૭૦ પરિવારો આર્થિક શોષણમાંથી બચી ગયા. આ સાથે જ, જમીન પર ન પડેલા અને ચોખ્ખા નેટ પર એકઠા કરેલા ઉત્તમ ક્વોલિટીના 'ગ્રેડ-એ' મહુડાને અલગ તારવીને ફૂડ ઇન્ડસ્ટ્રીઝમાં ₹૭૦ થી ₹૭૫ ના ઉંચા ભાવે વેચવામાં આવ્યા, જેણે ખેડૂતો અને વનવાસીઓને ગુણવત્તાનું મહત્વ સમજાવ્યું.

આ સફળ પ્રયોગથી પ્રેરાઈને હવે અમે આવનારા વર્ષોમાં કામના વ્યાપને ઘણી મોટી ઊંચાઈ પર લઈ જવા માટે સજ્જ થયા છીએ. આગામી વર્ષમાં વનવાસીઓ અને ખેડૂતોને આર્થિક રીતે સધ્ધર બનાવવા માટે ગૌણ વન પેદાશો (NTFP) ના યોગ્ય સંગ્રહ અને વૈજ્ઞાનિક વેચાણ પદ્ધતિ દ્વારા ₹૬ કરોડની વધારાની આવક ઊભી કરવામાં આવશે. આ સાથે જ ગામડાઓમાં વસતા પછાત અને વંચિત વર્ગ માટે કામ કરતાં ૧૦૦ જેટલી દિવ્યાંગ વ્યક્તિઓને શોધીને તેમને મળવાપાત્ર તમામ હકપાત્ર સરકારી લાભો અને આજીવિકાની તકો અપાવવામાં આવશે.

ભૌગોલિક અને કાનૂની અધિકારો વધુ મજબૂત બને તે માટે AAA ના સહયોગથી નવા ૨૦ ગામોને સામુદાયિક વન સંસાધન (CFR) નો કાનૂની દરજ્જો મેળવવામાં પૂરેપૂરી ટેકનિકલ અને વહીવટી સહાય પૂરી પાડવામાં આવશે. સ્થાનિક લોકોને ગામમાં જ રોજગારી મળી રહે તે માટે ૨૫ ગ્રામસભાઓને મનરેગા (MGNREGA) ની સત્તાવાર અમલીકરણ સંસ્થા તરીકે માન્યતા અપાવવામાં આવશે, જેથી ગ્રામીણ સ્તરે નિર્ણય લેવાની સત્તા મજબૂત બને. આ તમામ યોજનાઓ અને સરકારી કાર્યક્રમોના સુવ્યવસ્થિત સંકલન (Convergence) દ્વારા ગામડાઓના વિકાસ કાર્યો માટે વધારાનો ₹૫ કરોડનો આર્થિક લાભ ઊભો કરવાનો અમારો મક્કમ નિર્ધાર છે.




*પહેલા મહુડાનો ભાવ ₹૨૦ કિલોના ભાવે વેચાતી જે અત્યારે ફૂડ ઇન્ડસ્ટ્રીઝમાં ₹૭૦ થી ₹૭૫ ના ઉંચા ભાવે વેચવામાં આવે છે*

પરિવર્તન
સપ્ટેમ્બર, ૨૦૨૬

# શું સરકારી કામ સરળતાથી થાય તેવું સરકાર ના કરી શકે? - વાત મહારાષ્ટ્રથી

મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લાના ચિખલદરા તાલુકામાં આવેલું મખલા ગામ કુદરતી સૌંદર્યથી જેટલું રળિયામણું છે, ત્યાં જીવતા આદિવાસીઓ માટે જિંદગી એટલી જ આકરી છે. સાચી માહિતીનો અભાવ, દસ્તાવેજોની માથાકૂટ અને કચેરીઓની અટપટી પ્રક્રિયાઓને કારણે અહીંના અનેક લાયક પરિવારો સરકારી યોજનાઓના લાભથી વંચિત રહી જાય છે. આવો જ એક કપરો સંઘર્ષ મખલા ગામના વિધવા માતા શાંતિબેન જામુનકર પણ વેઠી રહ્યા હતા, જેઓ પતિના અવસાન પછી અત્યંત આર્થિક ભીંસમાં દિવસો વિતાવી રહ્યા હતા.

શાંતિબેનની આ લાચારી પર જ્યારે ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) ના સહયોગી યોગેશ કાસદેકરની નજર પડી, ત્યારે આ પરિવારનું નસીબ બદલાયું. યોગેશભાઈએ માત્ર શાંતિબેનની પરિસ્થિતિ જ ન જોઈ, પણ તેમના ઘરે જઈને જરૂરી કાગળો એકઠા કર્યા, સરકારી ફોર્મ ભર્યા અને કચેરીઓમાં સતત ધક્કા ખાઈને ફોલોઅપ ચાલુ રાખ્યું.

તેમની ત્રણ મહિનાની અવિરત મહેનત રંગ લાવી અને શાંતિબેનને દર મહિને મળતા 'સંજય ગાંધી નિરાધાર પેન્શન' ની સાથે તાલુકા કચેરી તરફથી ₹૨૦,૦૦૦ ની એકસાથે નાણાકીય સહાય પણ મળી ગઈ.

આ સરકારી મદદ મળતાં જ શાંતિબેનના જીવનમાં એક નવો આશાનો દીવો પ્રગટ્યો. ઘરમાં આર્થિક સુરક્ષા આવવાથી તેઓ પોતાના



*શાંતીબેન જામુનકર*

રોજિંદા ખર્ચ અને સ્વાસ્થ્યની જરૂરિયાતો ગર્વભેર પૂરી કરી શક્યા અને કચેરીઓ પ્રત્યેનો તેમનો ડર પણ હંમેશ માટે દૂર થઈ ગયો. આ એક પરિવારનો બદલાવ એ KRSF પ્રોજેક્ટના એ ભગીરથ કાર્યની સુંદર ઝાંખી છે, જે અંતર્ગત ૩૭ ગામોમાં કામ કરતા પ્રતિનિધિઓ રોજ આવા અસંખ્ય પરિવારોને શોધીને તેમને સરકારી યોજનાઓ સાથે જોડી રહ્યા છે.

જાન્યુઆરી ૨૦૨૬ થી જૂન ૨૦૨૬ ના માત્ર ૭ મહિનાના ગાળામાં જ આ પ્રોજેક્ટે અદભુત કામ કરીને ૧,૪૭૦ જેટલા લાભાર્થીઓને સંજય ગાંધી નિરાધાર પેન્શન, શ્રવણ બાળ પેન્શન, વિકલાંગ પેન્શન, વૃદ્ધાવસ્થા પેન્શન અને પ્રધાનમંત્રી કિસાન

સન્માન નિધિ જેવી યોજનાઓનો લાભ અપાવ્યો છે.

આ સાથે જ સોલાર પંપ યોજના ઉપરાંત રેશન કાર્ડ, પાન કાર્ડ, આભા હેલ્થ કાર્ડ, ઈ-શ્રમ કાર્ડ, વોટર આઈડી કાર્ડ તથા જન્મ, આવક, જાતિ અને ડોમિસાઈલના દાખલા જેવા પાયાના નાગરિક દસ્તાવેજો અને અન્ય જરૂરી ઓળખપત્રો સરળતાથી બનાવી આપવાનું મોટું સેવાકાર્ય પણ કર્યું છે.

આગામી સમયમાં વધુ ૪,૦૦૦ થી વધુ પરિવારો સુધી પહોંચવાના લક્ષ્ય સાથે KRSF આગળ વધી રહ્યું છે. શાંતિબેનની વાત સાબિત કરે છે કે જ્યારે કોઈ સમર્પિત હાથ જરૂરિયાતમંદ સુધી પહોંચે છે, ત્યારે સરકારી યોજનાઓ કાગળ પરથી ઉતરીને કોઈના ઘરનું અજવાળું બની જાય છે.

## મહારાષ્ટ્રના વિવિધ ગામોમાં થઇ રહેલા માનવ અધિકારોના કામોની ઝાંખી



*શાંતિબેનને દર મહિને મળતા 'સંજય ગાંધી નિરાધાર પેન્શન' ની સાથે તાલુકા કચેરી તરફથી ₹૨૦,૦૦૦ ની એકસાથે નાણાકીય સહાય પણ મળી ગઈ.*





# KRSFની પહેલ - શિક્ષણથી ઉજ્જવળ ભવિષ્ય તરફ

*"જો કોઈ સમાજનું ભવિષ્ય બદલવું હોય, તો તેના બાળકોને શિક્ષિત કરો."*

*ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનના સ્થાપક આદરણીય પ્રતુલભાઈ શ્રોફનો શિક્ષણ પ્રત્યેનો અભિગમ આ એક વિચારમાં સમાઈ જાય. તેઓ દઢપણે માને છે કે* ***શિક્ષણ એ એવી સોનેરી ચાવી છે, જે ગરીબી, વંચિતતા અને અસમાનતાના બંધ દરવાજા ખોલી શકે છે.*** *જેના જીવનમાં શિક્ષણની જ્યોત પ્રગટે છે, તે વ્યક્તિ માત્ર પોતાનું જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને આવનારી પેઢીઓનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે છે.*

*શિક્ષણનું મહત્વ અને તે માટે મદદના સંસ્કાર તેમને વારસામાં મળ્યા હતા. પ્રતુલભાઈના પિતા, ડો. કે.આર. શ્રોફ, વ્યવસાયે ડૉક્ટર. તેઓ શિક્ષણના મહત્ત્વને ખૂબ સારી રીતે સમજતા હતા. આર્થિક મુશ્કેલીને કારણે જે વિદ્યાર્થીઓ પોતાનું દાક્તરીનું ભણતર અધૂરું છોડી દેવાની સ્થિતિમાં આવે, તેમની ફી ભરીને તેઓ નિઃશબ્દ રીતે મદદ કરતા. અનેક યુવાનો તેમની મદદ ભણ્યા. પણ આ સેવાની તેમણે ક્યારેય જાહેરાત કરી નહીં. પ્રતુલભાઈને પણ પિતાના આ ઉમદા કાર્યની જાણ ઘણા સમય પછી થઈ. પિતાની આ નિઃસ્વાર્થ ભાવનાએ તેમના જીવન પર ઊંડી અસર કરી.*

*જ્યારે તેમણે પોતાની કંપની eInfochipsની સ્થાપના કરી અને કંપની પ્રગતિ કરી રહી હતે, ત્યારે તેમણે પોતાના પિતાના નામે* ***ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન****ની સ્થાપના કરીને શિક્ષણ અને સમાજસેવાના આ વારસાને વધુ વ્યાપક બનાવવાનો સંકલ્પ કર્યો.*

*ભારતમાંથી ગરીબી દૂર કરવી હોય, તો દરેક બાળક સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચાડવું જ પડશે એવું પ્રતુલભાઈ દઢપણે માને. આ વિચારને સાકાર કરવા માટે વર્ષ ૨૦૧૨થી ફાઉન્ડેશને ગુજરાતના વિવિધ વિસ્તારોમાં એક અનોખી પહેલ શરૂ કરી. જ્યાં સરકારી શાળાઓમાં શિક્ષકોની અછત હતી, ત્યાં ફાઉન્ડેશને પોતાના તાલીમબદ્ધ અને સમર્પિત શિક્ષકોની નિમણૂક કરીને બાળકોના શિક્ષણની જવાબદારી સ્વીકારી.*

*આજે ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનના આશરે ૯૦૦ શિક્ષકો ગુજરાતના વિવિધ ગામોની સરકારી શાળાઓમાં બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ આપી રહ્યા છે. હજારો બાળકોના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પહોંચાડવાનો આ સતત પ્રયત્ન માત્ર શિક્ષણ પૂરતો મર્યાદિત નથી, પરંતુ આત્મવિશ્વાસ, સંસ્કાર અને ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ પણ કરી રહ્યો છે.*

*ફાઉન્ડેશનની વિશેષતા એ છે કે એક તરફ તે દેશભરની અનેક સામાજિક સંસ્થાઓને મજબૂત બનાવી સમાજપરિવર્તનની પ્રક્રિયાને ગતિ આપે છે, તો બીજી તરફ શિક્ષણના ક્ષેત્રમાં પોતે સીધો હસ્તક્ષેપ કરીને બાળકોના જીવનમાં પરિવર્તનની જ્યોત પ્રગટાવે છે.*

KRSF દ્વારા કરવામાં આવતા આવા જ કેટલાક પ્રેરણાદાયી શિક્ષણકાર્યો અને તેનાથી બદલાયેલા જીવનની હૃદયસ્પર્શી વાતો

# ફરજથી આગળ... સેવાની સંસ્કૃતિ એટલે જ શ્રેષ્ઠતાનું સન્માન

કોઈપણ સંસ્થાની સૌથી મોટી મૂડી તેની ઇમારતો કે સાધનો નથી હોતા, પરંતુ તેના લોકો હોય છે. ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનમાં અમે શરૂઆતથી જ એવી કાર્યસંસ્કૃતિ ઊભી કરવાનો પ્રયત્ન કર્યો છે, જેમાં દરેક વ્યક્તિ માત્ર પોતાની ફરજ પૂરી કરવા માટે નહીં, પરંતુ સમાજના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવવા માટે કાર્ય કરે.

આ માટે સંસ્થામાં સુવ્યવસ્થિત કાર્યપદ્ધતિ, સ્પષ્ટ લક્ષ્યાંકો અને જવાબદારીની સંસ્કૃતિ વિકસાવવામાં આવી છે. પરંતુ સાથે-સાથે એક બીજી વાતનું પણ એટલું જ ધ્યાન રાખવામાં આવે છે, **સારું કામ કરનારની સમયસર અને દિલથી કદર કરવી.** જે કર્મચારીઓ પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવે, નવી પહેલ કરે અને સમાજ માટે વધારાનું યોગદાન આપે, તેમનું નિયમિત સન્માન કરી તેને પ્રોત્સાહન આપવામાં આવે છે.

ખાસ કરીને KRSFના શિક્ષકોમાં ઘણા એવા છે, જેમણે પોતાની ફરજની સીમા ઓળંગીને સમાજસેવકની ભૂમિકા નિભાવી છે. કોઈ બાળક આર્થિક મુશ્કેલી, આત્મવિશ્વાસના અભાવ કે અન્ય કારણોસર શાળા છોડી દે તો તેઓ માત્ર હાજરી નોંધાવીને અટકી જતા નથી. તેઓ બાળકના ઘરે જાય છે, પરિવાર સાથે વાત કરે છે, વાલીઓને સમજાવે છે, બાળકમાં ફરી આત્મવિશ્વાસ જગાવે છે અને તેને ફરી શાળાએ લાવવામાં સફળ થાય છે. ઘણા શિક્ષકો ગામના લોકોની અન્ય સમસ્યાઓમાં પણ સહભાગી બનીને તેમને યોગ્ય માર્ગદર્શન અને સહાય પૂરી પાડે છે.

આવા સમર્પિત શિક્ષકોને દર મહિને વિશેષ રીતે સન્માનિત કરવામાં આવે છે. આ સન્માન માત્ર એક વ્યક્તિ માટે નથી હોતું, તે સમગ્ર ટીમને એવો સંદેશ આપે છે કે સાચી સફળતા માત્ર ફરજ નિભાવવામાં નહીં, પરંતુ માનવસેવામાં એક ડગલું આગળ વધવામાં છે.

આ સંસ્કૃતિનું જ પરિણામ છે કે આજે KRSFમાં કાર્યરત સેંકડો કાર્યકર્તાઓ પોતાનું કામ માત્ર વ્યવસાય તરીકે નહીં, પરંતુ એક મિશન તરીકે જીવે છે. તેમની નિષ્ઠા, સંવેદના અને સેવાભાવની અસર બાળકો, વાલીઓ અને સમગ્ર ગામ પર પડે છે. શિક્ષક માત્ર પાઠ્યપુસ્તકનો પાઠ ભણાવતો નથી, પરંતુ પોતાના વર્તન દ્વારા જીવનના મૂલ્યો પણ શીખવે છે.

આજે ગર્વ સાથે કહી શકાય કે KRSF માત્ર એક સંસ્થા નથી રહી પણ તે ૯૦૦થી વધુ સમર્પિત સાથીઓનો એવો પરિવાર બની ગયો છે, જ્યાં દરેક વ્યક્તિનો પ્રયાસ સમાજના જીવનમાં આશા, વિશ્વાસ અને પરિવર્તનની નવી કેડી કંડારવાનો છે.

## જેમનું સન્માન થયું તે...



**ધવલકુમાર**
ચન્દુલાલ ચૌહાણ



**જીતેન્દ્રકુમાર**
દામાભાઈ પંડ્યા



**અંકિતાબેન**
ધીરૂભાઈ વસાવા



**અલ્કાબેન**
પ્રભુદાસભાઈ ડોડીયાર



**નેહલબેન**
વિરાભાઈ મેતા



**પ્રોફાઈનાબેન**
ચીમનભાઈ બરંડા



**મૌલિકભાઈ**
રમણભાઈ મેણાત



**ડીમ્પલબેન**
દિનેશભાઈ પરમાર



**કિંજલબેન**
બાબુભાઈ ઝાંપડીયા



**નમ્રતાબેન**
પ્રફુલભાઈ વણકર



**અનિલભાઈ**
ધનજીભાઈ ભગોરા



**ઈશ્વરભાઈ**
બાબલીયાભાઈ વસાવા



**સરોજબેન**
ધવલભાઈ નિનામા



**મમતાબેન**
ભીખાભાઈ ગોલેટર



**પ્રદીપકુમાર**
મોતીભાઈ વણકર



**પ્રદીપકુમાર**
અમૃતભાઈ પટેલ

## જેમનું સન્માન થયું તે...



**દિશાબેન**
સવાભાઇ ચૌધરી



**કોકીલાબેન**
ઓમપ્રકાશભાઇ વણકર



**જ્યોત્સનાબેન**
રમેશભાઈ તરાલ



**રીંકલબેન**
ધવલ કુમાર પ્રજાપતિ



**ભરતભાઈ**
બાબુભાઈ સોલંકી



**રશ્મિકાબેન**
વિજયકુમાર પરમાર

## ઉત્કૃષ્ટ પ્રદર્શન



**શાહીનબાનું**
આબિદભાઈ મનસુરી



**રોહિતકુમાર**
ભવજીભાઇ પટેલ



**કિરીટકુમાર**
ધનજીભાઈ પંડ્યા



**અલ્કાબેન**
પ્રભુદાસભાઈ ડોડીયાર



**ગીરીશભાઈ**
મોઘજીભાઇ પ્રજાપતિ



**સંજયકુમાર**
અળખાભાઈ ભણાત



**અળખાજી**
દીવાનજી ચૌહાણ



**અમરતભાઈ**
બદાભાઈ બારોર



**નયનાબેન**
મહેન્દ્રકુમાર વસાવા

# તમે છઠ્ઠા માણસ છો જેને હું આ વાત કહી રહ્યો છું



*ત્રણ કલાકની અંદર આ પગનું ઓપરેશન ના થાય, તો પગ કાં તો કાળો પડી જશે અથવા તો કાપવો પડશે*

જિંદગીમાં ક્યારેક એવી પળો આવી જાય છે જ્યારે ઘડિયાળના કાંટા બહુ ઝડપથી ભાગવા લાગે છે, અને એવા સમયે લીધેલો એક નાનકડો નિર્ણય કોઈની આખી જિંદગી બચાવી લે છે. એક દિવસ સાંજે શાળા પૂરી કરીને ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) ના શિક્ષક હિતેશભાઈ ઘરે જવા નીકળ્યા ત્યારે રસ્તામાં જ સંસ્થાના ક્લસ્ટર હેડ સંજયભાઈ પંચાલ અને પરેશભાઈનો ફોન આવ્યો,

"હિતેશભાઈ, તમે અત્યારે જ ભિલોડાની ઓર્થોપેડિક હોસ્પિટલ પહોંચો, આપણા દિનેશભાઈ રેવડનો બહુ ખરાબ અકસ્માત થયો છે." આ સાંભળતાં જ હિતેશભાઈ પોતાનો થાક ભૂલીને સીધા હોસ્પિટલ તરફ દોડ્યા.

હોસ્પિટલ પહોંચીને જોયું તો દિનેશભાઈ બેડ પર દર્દથી કળકળતા હતા અને એમનો જમણા પગેથી લોહી વહી રહ્યું હતું. હિતેશભાઈએ તાત્કાલિક ડૉક્ટર સાથે વાત કરી ત્યારે ડૉક્ટરે ચિંતાજનક ચેતવણી આપી કે, "જુઓ, જો આગામી ત્રણ કલાકની અંદર આ પગનું ઓપરેશન નહીં થાય, તો પગ કાં તો કાળો પડી જશે અથવા તો કાપવો પડશે. તમે છઠ્ઠા માણસ છો જેને હું આ વાત કહી રહ્યો છું, પણ હજી સુધી કોઈ નિર્ણય નથી લઈ શક્યું."

રૂમની બહાર આવીને દિનેશભાઈના પત્ની હેતલબેનના ચહેરા પરની લાચારી જોઈને હિતેશભાઈ સમજી ગયા કે આ ગભરાહટ પાછળ આર્થિક તંગી જવાબદાર છે.

બરાબર એ જ ક્ષણે સંસ્થાના ઝોનલ હેડ રાહુલભાઈનો ફોન આવ્યો, જેમણે હિતેશભાઈને હિંમત આપતા કહ્યું, "હિતેશભાઈ, દિનેશભાઈની તબિયત બરાબર સાચવજો અને હેતલબેનને કહી દો કે પૈસાની જરાય ચિંતા ના કરે, જે કંઈ આર્થિક જરૂર હશે એ બધી આપણું ફાઉન્ડેશન પૂરું કરશે."

આ બે જ શબ્દો સાંભળીને હિતેશભાઈને બહુ મોટી શક્તિ મળી ગઈ. તેમણે તરત જ પરિવારને આશ્વાસન આપી ઓપરેશન માટે રાજી કર્યા અને ડૉક્ટરને પણ કહી દીધું, "સાહેબ, તમે ઓપરેશનની તૈયારી કરો, ખર્ચની ચિંતા ના કરશો." ઓપરેશનનો આશરે સાઈઠ હજારનો ખર્ચ, એનેસ્થેસિયાની વ્યવસ્થા, પગમાં નાખવાનો સળિયો અને બ્લડની સગવડ.. આ બધું જ હિતેશભાઈએ ફટાફટ દોડધામ કરીને ગોઠવી દીધું અને રાત્રે ૯:૪૦ વાગ્યે દિનેશભાઈને ઓપરેશન થિયેટર તરફ લઈ જવામાં આવ્યા.

ઈશ્વરની કૃપાથી ઓપરેશન બિલકુલ સફળ રહ્યું. હિતેશભાઈ મોડી રાત્રે ૧૧ વાગ્યે પોતાના ઘરે પહોંચ્યા ત્યારે એમના મનમાં થાક નહીં, પણ એક જ સંતોષનો ભાવ હતો કે ભગવાને આજે કોઈકના સાચા મદદગાર બનવાનો મોકો આપ્યો. સંસ્થાનો 'બાળક સૌપ્રથમ' નો મંત્ર તો છે જ, પરંતુ આ કિસ્સો સાબિત કરે છે કે KRSF ના શિક્ષકો માત્ર શાળાઓમાં જ નહીં, પણ જિંદગીના મેદાનમાં પણ એકબીજાની વહારે એક પરિવારની જેમ ખડેપગે ઊભા રહે છે.

પ્રતુલભાઈ કહે, "દેશની સફળતામાં ઉત્તમ શિક્ષણનો પ્રભાવ જોવા મળે. ભણેલા ગણેલા વ્યક્તિઓ સરકારમાં નીતિ ઘડતા અધિકારીઓના રૂપે બેસે તો એ વધુ દૃષ્ટિવંત બને, એજ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓના રૂપમાં કાર્ય કરે તો એ લાંબા ગાળાનો વિચાર કરી નિર્ણય લેવાનું કરે, એ એન્જિનિયરીંગ ક્ષેત્રમાં કામ કરે તો એ વધુ સલામત અને ટકાઉ માળખાં ઊભાં કરે, શિક્ષકો નવી પેઢીને વધુ સક્ષમ બનાવે, ડૉક્ટરો ઉત્તમ આરોગ્યસેવાઓ આપે અને વૈજ્ઞાનિકો નવી શોધો દ્વારા સમગ્ર માનવજાતને લાભ પહોંચાડે. એટલે શિક્ષણનો લાભ માત્ર વ્યક્તિ સુધી મર્યાદિત રહેતો નથી પણ આખા રાષ્ટ્રની કાર્યક્ષમતામાં પરિવર્તિત થાય છે."

અર્થશાસ્ત્રીઓ વારંવાર કહે છે કે, કોઈ પણ દેશની સૌથી મોટી સંપત્તિ તેની જમીન કે ખનિજ નથી, પણ તેની માનવ મૂડી (Human Capital) છે. શિક્ષિત, કૌશલ્યવાન, વિચારી શકતા અને મૂલ્યનિષ્ઠ નાગરિકો કોઈપણ દેશને ગરીબીમાંથી સમૃદ્ધિ તરફ લઈ જઈ શકે." એટલે પ્રતુલભાઈ શિક્ષણને ખર્ચ નહીં, પણ સૌથી શ્રેષ્ઠ રોકાણ માને. તેમના માટે શાળા બનાવવી, બાળકોને ભણાવવું, શિક્ષકોને સશક્ત કરવા કે શિક્ષણની તકો ઊભી કરવી એ પરોપકાર કરતા આવનારી પેઢીઓ માટે મજબૂત ભારતનું નિર્માણ. આજે કોઈ એક બાળકને મળેલું સારું શિક્ષણ આવતીકાલે એક સારા શિક્ષક, ઈમાનદાર અધિકારી, સંવેદનશીલ જનપ્રતિનિધિ, કુશળ એન્જિનિયર, વૈજ્ઞાનિક કે ઉદ્યોગસાહસિકના રૂપમાં સમગ્ર સમાજને અનેકગણું વળતર આપશે.

# દર વર્ષે થતાં KRSF ના વાર્ષિક સંમેલનની ઝાંખી













# બાળકો માટે માત્ર શિક્ષક નહીં, પરંતુ વાલી પણ...

શિક્ષણ એ ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનના કાર્યનું કેન્દ્રબિંદુ છે. માત્ર એક પ્રોજેક્ટ નહીં, પરંતુ હૃદયની સૌથી નજીકનું અમારું મિશન છે. અમારો દૃઢ વિશ્વાસ છે કે એક બાળકનું જીવન બદલાય, તો એક પરિવારનું ભવિષ્ય બદલાય; અને હજારો બાળકો શિક્ષિત બને, તો સમગ્ર સમાજમાં પરિવર્તન આવે.

આજે ગર્વ સાથે કહી શકીએ છીએ કે ગુજરાતના ૮ જિલ્લાઓની લગભગ ૯૦૦ સરકારી શાળાઓમાં અમારા ૯૦૦ પૂરક શિક્ષકો ૫૦,૦૦૦થી વધુ બાળકોના જીવનમાં જ્ઞાનનું અજવાળું પાથરી રહ્યા છે. તેમની મહેનતનું પરિણામ એ છે કે બાળકો માત્ર નિયમિત અભ્યાસમાં જ નહીં, પરંતુ NMMS, જ્ઞાન સાધના અને CET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ નોંધપાત્ર સફળતા મેળવી રહ્યા છે.

પરંતુ KRSFના શિક્ષકોની ઓળખ માત્ર સારા શિક્ષક તરીકે નથી. તેઓ બાળકો માટે એક સંવેદનશીલ વાલી પણ બની જાય છે. શાળામાં કોઈ બાળક ફાટેલા કે ગંદા ગણવેશમાં આવે, નહાઈને ન આવ્યું હોય, તેના વાળ વધી ગયા હોય કે કોઈ કારણસર ઉપેક્ષિત દેખાતું હોય, તો અમારા શિક્ષકો તેને માત્ર જોતા નથી. તેઓ તેની ચિંતા કરે છે. પ્રેમથી સમજાવે છે, તેની સંભાળ રાખે છે અને જરૂરી હોય ત્યાં પોતે જ પહેલ કરીને તેની જરૂરિયાતો પૂરી કરે છે.

કોઈ બાળકને પુસ્તકો, ગણવેશ, ફી, અભ્યાસસામગ્રી અથવા અન્ય કોઈ નાની-મોટી જરૂરિયાત હોય, તો ઘણા શિક્ષકો કોઈ ઔપચારિકતાની રાહ જોયા વગર પોતાના સ્તરે મદદ માટે આગળ આવે છે. તેમના માટે દરેક બાળક માત્ર વિદ્યાર્થી નથી, પરંતુ પોતાના સંતાન સમાન છે.

આ જ આત્મીયતા, આ જ સંવેદના અને આ જ નિઃસ્વાર્થ લાગણી KRSFના શિક્ષકોને બીજા કરતાં અલગ બનાવે છે. કદાચ એટલે જ બાળકો તેમને માત્ર "સર" કે "ટીચર" તરીકે નહીં, પરંતુ પોતાના વિશ્વાસપાત્ર માર્ગદર્શક તરીકે જુએ છે. વાલીઓ પણ પોતાના સંતાનોને આવા શિક્ષકોના હાથમાં નિશ્ચિંતપણે સોંપી શકે છે, કારણ કે તેમને ખબર છે કે અહીં માત્ર ભણતર જ નહીં, પરંતુ બાળકના વ્યક્તિત્વ અને જીવનની પણ સાચી કાળજી લેવામાં આવે છે.

**દરેક બાળક શાળાએ પહોંચે એ શરૂઆત છે,
પણ દરેક બાળકનું ભવિષ્ય શાળામાં ઘડાય
એ જ સાચી શિક્ષણ વ્યવસ્થા છે.**

વર્ગખંડથી જીવનઘડતર સુધીની સફરની કેટલી મજાની વાતો..

# જ્યાં શિક્ષક વિદ્યાર્થીના ઘરે પહોંચે છે



*અમરતભાઈને ખબર પડી કે એના મમ્મી-પપ્પા બંને ગુજરી ગયા છે અને ઘરમાં માત્ર અરુણા અને એનો મોટો ભાઈ એમ બે જ જણ રહે છે. આ સાંભળીને થોડીવાર માટે તો સ્તબ્ધ થઈ ગયા.*

ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન સાથે છેલ્લા દોઢ વર્ષથી જોડાયેલા અમરતભાઈ બારોર ખેડવા જૂથ પ્રાથમિક શાળામાં પૂરક શિક્ષક તરીકે કામ કરે છે. આ ગામમાં મોટાભાગના પરિવારો રોજની મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. આવા વાતાવરણમાં અમરતભાઈ બાળકોને બ્રિજ કોર્સ અને અંગ્રેજી ભણાવે છે. જો કોઈ બાળક શાળાએ આવવામાં અનિયમિત થાય, તો તેઓ સીધા એના ઘરે પહોંચી જાય અને પ્રેમથી સમજાવીને શાળાએ પાછું લાવે.

એક વખત તેમના ધ્યાનમાં આવ્યું કે અરુણા નામની એક છોકરી, જે સ્વભાવે એકદમ શાંત હતી અને રોજ નિયમિત શાળાએ આવતી, તે ઘણા દિવસથી ગેરહાજર હતી. ચોમાસાના દિવસો હતા અને એના ઘર તરફ જતો રસ્તો પણ સાવ કાંટા-ઝાંખરાથી ભરેલો હતો. છતાં, અમરતભાઈએ પોતાની ચિંતા છોડીને એના ઘરે જવાનું નક્કી જ કરી લીધું.

જ્યારે તેઓ અરુણાના ઘરે પહોંચ્યા, ત્યારે તેમને ખબર પડી કે એના મમ્મી-પપ્પા બંને ગુજરી ગયા છે અને ઘરમાં માત્ર અરુણા અને એનો મોટો ભાઈ એમ બે જ જણ રહે છે. આ સાંભળીને અમરતભાઈ થોડીવાર માટે તો સ્તબ્ધ થઈ ગયા.



*આ પરિવારની હાલત સુધારવાનો એક જ રસ્તો છે, અને એ છે અરુણાનું ભણતર*

પરંતુ, તેમના મનમાં એક વાત એકદમ સ્પષ્ટ હતી કે આ પરિવારની હાલત સુધારવાનો એક જ રસ્તો છે, અને એ છે અરુણાનું ભણતર. તેમણે તરત જ અરુણા સાથે વાત કરી, શિક્ષણનું મહત્વ સમજાવ્યું અને ફરીથી શાળાએ આવવા માટે હિંમત આપી.

તેમની આ સંવેદનશીલતા અને મહેનત રંગ લાવી. આજે અરુણા રોજ નિયમિત શાળાએ આવે છે. અમરતભાઈ પણ વારંવાર તેની સાથે વાત કરે છે અને એના ભણતર પર પૂરું ધ્યાન આપે છે. ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનના માધ્યમથી એક શિક્ષકે કાંટાવાળો રસ્તો પાર કરીને જે હૂંફ આ બાળકીને આપી, એ જ હૂંફ કદાચ અરુણાના આવનારા ભવિષ્યનો એક મજબૂત પાયો બની જશે.

## ગણિત-વિજ્ઞાનના 32 મોડલ તૈયાર કર્યા

કેટલાક માણસો માટે એમનું કામ એ માત્ર નોકરી નથી હોતું, પણ આખી જિંદગી જીવવાનો રસ્તો હોય છે. ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) સાથે ૨૦૧૮થી જોડાયેલા પ્રદીપભાઈ એક એવા જ આદર્શ શિક્ષક છે. મલાસા અને કિશનગઢ હાઈસ્કૂલથી પોતાના કાર્યની શરૂઆત કરનારા પ્રદીપભાઈ આજે ધોલવાણી અને લીલછાની શાળાઓમાં બાળકોનું ભવિષ્ય ઘડી રહ્યા છે. ૨૦૧૮ થી ૨૦૨૦ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી બદલ સંસ્થા તરફથી તેમને "ગોઈંગ બિયોન્ડ ડ્યુટી" એવોર્ડ પણ મળ્યો છે.

જો કોઈ બાળક બે-ત્રણ દિવસ શાળાએ ના આવે, તો તેઓ સીધા એના ઘરે પહોંચી જાય છે અને વાલીઓને પ્રેમથી સમજાવીને બાળકને પાછા શાળાએ લાવે છે.

પ્રદીપભાઈ બહુ સારી રીતે જાણે છે કે જો ઘરની પરિસ્થિતિ સ્થિર થશે, તો જ બાળક નિરાંતે ભણી શકશે.



*ધોરણ ૯ અને ૧૦ના બાળકોને વિજ્ઞાન અને ગણિતના અઘરા પ્રયોગો સાવ સહેલી અને પ્રેક્ટિકલ રીતે કરાવે*

તેથી જ તેઓ વાલીઓ સાથે બેસીને માત્ર ભણતરની જ નહીં, પણ ગરીબ પરિવારોને મદદરૂપ થાય તેવી સરકારી યોજનાઓ જેવી કે આયુષ્માન કાર્ડ, ઈ-શ્રમ કાર્ડ, વૃદ્ધ પેન્શન અને વ્હાલી દીકરી યોજના વિશે સાચી માહિતી આપીને ફોર્મ ભરાવવામાં મદદ કરે છે.



*૩૨ અદભુત મોડેલ બનાવી પ્રદર્શન ગોઠવ્યું અને વિજ્ઞાન મેળામાં શાળાએ પ્રથમ નંબર મેળવ્યો*

વર્ગખંડમાં પ્રદીપભાઈ ધોરણ ૯ અને ૧૦ના બાળકોને વિજ્ઞાન અને ગણિતના અઘરા પ્રયોગો સાવ સહેલી અને પ્રેક્ટિકલ રીતે કરાવે છે. પુસ્તકાલયમાં સારું વાંચન કરાવવું, સાચા સંસ્કારો આપવા અને રમતો દ્વારા બાળકોનો આત્મવિશ્વાસ વધારવો એ તેમની દિનચર્યા છે. શાળામાં સોલાર કે પ્લમ્બિંગનું નાનું-મોટું કામ હોય તો પણ તેઓ બાળકોને સાથે રાખીને શીખવાડે છે, કારણ કે ચોપડીનું જ્ઞાન હાથની આવડત બને એવો એમનો હમેશાં આગ્રહ હોય છે.

તેમના આ પ્રોત્સાહનથી બાળકોએ ગણિત-વિજ્ઞાનના ૩૨ અદભુત મોડેલ બનાવી પ્રદર્શન ગોઠવ્યું અને વિજ્ઞાન મેળામાં શાળાએ પ્રથમ નંબર મેળવ્યો. નબળા બાળકો માટે તેઓ સવારે વહેલા આવીને અલગથી ક્લાસ લે છે. પ્રદીપભાઈ જેવા શિક્ષકો આપણને ભરોસો અપાવે છે કે સાચો શિક્ષક એ છે જે છેલ્લા બાંકડે બેસેલા બાળકના ચહેરા પર પણ સમજણનું સ્મિત ના લાવી દે, ત્યાં સુધી હિંમત હારતો નથી.

# શિક્ષકના સ્પર્શે, બાળકનું જીવન બદલ્યું



*શિક્ષકે પોતે નેલકટર મંગાવીને અમિતના મેલથી ભરાયેલા નખ કાપ્યા, એને હાથ-પગ ચોખ્ખા રાખતા શીખવાડ્યું અને ગંદા રહેવાથી થતી બીમારીઓ પ્રેમથી સમજાવી.*

પૃથ્વીપુરા પ્રાથમિક શાળામાં નવું શૈક્ષણિક વર્ષ શરૂ થયું ત્યારે આદિવાસી વિસ્તારની આ શાળામાં એક અલગ જ મુશ્કેલી જોવા મળતી હતી. અહીંના ઘણા ખરા બાળકોને સ્વચ્છતાની બહુ સમજ નહોતી, એટલે તેઓ અસ્વચ્છ હાલતમાં જ શાળાએ આવી જતા. પણ એ બધા છોકરાઓ વચ્ચે ધોરણ ૪ નો એક નાનો છોકરો.. અમિત કાળુભાઈ નાયકા, તરત જ આંખે વળગે તેવો હતો.

અમિત આખો દિવસ ક્લાસના એક ખૂણામાં સાવ એકલો-અટૂલો બેઠો રહેતો; કોઈ એની સાથે વાત ન કરે અને એ પણ કોઈની સાથે ભળે નહીં, જાણે એની અને બીજા બાળકો વચ્ચે કોઈ વણદેખાતી દીવાલ ચણાઈ ગઈ હોય!

ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) ના શિક્ષકની નજર આ છોકરા પર પડી અને તપાસ કરતાં ખબર પડી કે અમિતની માતા ચાર-ચાર બાળકોની સંભાળ રાખવામાં એટલી અટવાયેલી રહેતી કે દરેક બાળક પર ધ્યાન આપવું શક્ય નહોતું. એમાંય ચોમાસાના દિવસોમાં અમિત રોજ એ જ મેલા અને ભીના કપડાં પહેરીને શાળાએ આવી જતો, જેના લીધે એના કપડાંમાંથી વાસ આવતી હતી.

બસ, આ જ એક કારણ હતું કે ક્લાસનું કોઈ બાળક એની પાસે બેસવા કે રમવા તૈયાર

નહોતું અને આ માસૂમ બાળકને નકામી સજા ભોગવવી પડતી હતી.

એક દિવસ શિક્ષકે અમિતને બહુ જ વહાલથી પોતાની પાસે બોલાવ્યો અને એના માથે હાથ મૂકીને કહ્યું, "જો અમિત, આજથી હું તારો પાકો મિત્ર છું. તારે જરાય ડરવાની જરૂર નથી." શિક્ષકે પોતે નેલકટર મંગાવીને અમિતના મેલથી ભરાયેલા નખ કાપ્યા, એને હાથ-પગ ચોખ્ખા રાખતા શીખવાડ્યું અને ગંદા રહેવાથી થતી બીમારીઓ પ્રેમથી સમજાવી. શિક્ષકની આ હૂંફ એવી કામ કરી ગઈ કે બીજા જ દિવસે અમિત એકદમ રાજી થતો-થતો શાળાએ આવ્યો અને ગર્વથી પોતાના સાફસુથરા હાથ-પગ શિક્ષકને બતાવવા લાગ્યો.

ધીમે-ધીમે અમિત સરસ વાળ કપાવીને અને એકદમ ચોખ્ખા કપડાં પહેરીને શાળાએ આવવા લાગ્યો, જેનાથી એનો આત્મવિશ્વાસ વધી ગયો. ક્લાસના બીજા બાળકો હવે જાતે જ અમિત પાસે આવવા લાગ્યા અને એની સાથે હસતા-રમતા દોસ્તી કરી લીધી.

જે ખૂણામાં ક્યારેક સાવ એકલતા અને ઉદાસી હતી, ત્યાં હવે ભાઈબંધીનાં કરને ખુશ લાગવા લાગ્યો છે. સાચું કહીએ તો, એક શિક્ષકે અહીં માત્ર અમિતના નખ નથી કાપ્યા, પણ એ નાનકડા બાળકની જિંદગીમાંથી એકલતાનું એ આખું ચોસલું કાપી નાખ્યું છે, જે ખરા અર્થમાં સંસ્થાના શિક્ષણનો સાચો અને પવિત્ર આત્મા છે.

## દિવ્યાંગ બાળક ફક્ત દોડયું જ નહીં જીત્યું પણ...



*એક દિવસ મેદાનમાં એને દોડતો જોયો ત્યારે તેઓ તરત જ સમજી ગયા કે આ બાળકની દોડવાની ગતિ સામાન્ય નથી*

રાવોલ ગામની સરકારી પ્રાથમિક શાળામાં એક એવું બાળક ભણતું હતું, જે કુદરતી રીતે દિવ્યાંગ હોવા છતાં અંદરથી એકદમ મજબૂત હતું. એની અંદર કંઈક કરી છૂટવાની જીદ અને જીવવાની ગજબની ધગશ હતી. પણ સમય જતાં એવું બન્યું કે એ શાળાએ આવવામાં સાવ અનિયમિત થઈ ગયું અને વર્ગના બીજા બાળકો સાથે ભળવાનું ઓછું કરીને સાવ એકલું-અટૂલું

રહેવા લાગ્યું. ત્યાં જ શાળાના સરકારી શિક્ષિકા જયાબેન અને KRSF ના પૂરક શિક્ષક અર્જુનસિંહ ડાભીની નજર આ બાળકની ઉદાસી પર પડી.

બંને શિક્ષકો એના ઘરે પહોંચ્યા, એના મા-બાપ સાથે ખુલ્લા મને વાત કરી અને પ્રેમથી સમજાવીને એ બાળકને ફરીથી રોજ શાળાએ આવતું કર્યું. આ કામમાં શાળાના બીજા બાળકોએ પણ એટલું ધ્યાન રાખ્યું કે આ બાળકને ક્યારેય એવું ના લાગે કે એ બીજાથી અલગ છે.

અર્જુનસિંહે એક દિવસ મેદાનમાં એને દોડતો જોયો ત્યારે તેઓ તરત જ સમજી ગયા કે આ બાળકની દોડવાની ગતિ સામાન્ય નથી, આમાં કંઈક ખાસ વાત છે.

બસ, પછી તો યોગ્ય માર્ગદર્શન મળ્યું અને જોરશોરથી તૈયારીઓ શરૂ થઈ.

એ બાળકને તાલુકા કક્ષાની દોડ સ્પર્ધામાં મોકલવામાં આવ્યું. સ્પર્ધાના મેદાન પર જ્યારે એ દિવ્યાંગ બાળક દોડ્યું, ત્યારે ત્યાં હાજર રહેલા સૌ કોઈ આશ્ચર્યથી જોતા જ રહી ગયા અને બધાને પાછળ છોડીને એણે પહેલો નંબર મેળવ્યો! વાત આટલેથી ના અટકી, એ પછી એણે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ મેદાન માર્યું. આ મોટી જીત બદલ એને પાંચ હજાર રૂપિયાનું રોકડ ઇનામ મળ્યું અને આખા રાવોલ ગામ સહિત શાળાનું નામ રોશન થઈ ગયું.

આજે એ બાળક ખાલી રોજ નિયમિત શાળાએ જ નથી આવતું, પણ શાળાના બીજા બધા બાળકો માટે એક મોટો આદર્શ બની ગયું છે. KRSF ના એક શિક્ષક અને શાળાના સરકારી બહેને સાથે મળીને એ સાબિત કરી દીધું કે જ્યારે કોઈને સાચો સહારો મળે ને, ત્યારે એ સહારો ખાલી ઊભા રહેવાનો ટેકો નથી બનતો, પણ આકાશમાં ઉડવાની પાંખો બની જાય છે.



*જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ મેદાન માર્યું. આ મોટી જીત બદલ એને પાંચ હજાર રૂપિયાનું રોકડ ઇનામ મળ્યું અને આખા રાવોલ ગામ સહિત શાળાનું નામ રોશન થઈ ગયું.*

# વેસ્ટમાંથી આટલું બધુ બેસ્ટ?



*આશિકે લાકડાં અને કચરામાંથી બોરવેલ, ડી.જે. સાઉન્ડ સિસ્ટમ અને જેસીબી જેવા સાધનોના અદભુત મોડેલ પણ બનાવી નાખ્યા.*

અરોડિયા કંપા ગામની સાદી અને શાંત ધરતી પર ઉછરેલા આશિક કાન્તિજી ઠાકોરના ઘરની સ્થિતિ બહુ સામાન્ય હતી. પિતા આખો દિવસ ખેતરમાં મજૂરી કરે, માતા ઘર સંભાળે અને ઘરમાં સગવડોની ભારે અછત. પણ, આ નાનકડા છોકરાના મનમાં એક અનોખો ઉજાસ હતો. કંઈક નવું બનાવવાની ધગશ અને નકામી વસ્તુઓમાંથી કંઈક અદભુત ઘડવાની ઈચ્છા!

આજે તે નારાયણપુરા પ્રાથમિક શાળામાં પાંચમા ધોરણમાં ભણે છે અને KRSF ના પૂરક શિક્ષક પ્રદીપભાઈ વણકર તેની આ અંદરની શક્તિને સતત ઓળખીને આગળ લાવી રહ્યા છે.

આશિક જ્યારે ત્રીજા ધોરણમાં હતો ત્યારથી જ એ શાળાના મેદાનમાંથી લાકડાના નાના-નાના ટુકડા ભેગા કરતો અને કલાકો સુધી ધ્યાનથી જોતો રહેતો. ક્યારેક એ દોડીને પ્રદીપભાઈ પાસે જતો અને પૂછતો,

"સર, આ લાકડાનો ભાગ હું અહીં જોડી દઉં તો મશીન બની જશે ને ?"

આ માસૂમ સવાલો સાંભળીને પ્રદીપભાઈ સમજી ગયા હતા કે આ બાળક ખાલી રમત નથી કરતો, પણ એના મગજમાં કોઈ નવું સર્જન ચાલી રહ્યું છે.

એક દિવસ તો આશિક શાળામાં પોતે બનાવેલું નાનકડું ટ્રેક્ટર લઈને આવ્યો! લાકડાના કટકા, નકામા તાર અને વેસ્ટ સામગ્રીમાંથી બનેલું એ ટ્રેક્ટર દેખાવમાં આબેહૂબ સાચા ટ્રેક્ટર જેવું જ લાગતું હતું. જ્યારે પ્રદીપભાઈએ આશિકની પીઠ થાબડી,

ત્યારે આશિકે બહુ ધીમેથી પણ મક્કમ અવાજે કહ્યું, "સર, જોજો હોં, એક દિવસ હું સાચે જ ચાલે એવું મોટું ટ્રેક્ટર બનાવીશ."

વાત આટલેથી જ ના અટકી. આશિકના મોટાભાઈ નકામી વસ્તુઓમાંથી કામની ચીજો બનાવવાના વીડિયો જોતા, એમાંથી પ્રેરણા લઈને એણે લાકડાં અને કચરામાંથી બોરવેલ, ડી.જે. સાઉન્ડ સિસ્ટમ અને જેસીબી જેવા સાધનોના અદભુત મોડેલ પણ બનાવી નાખ્યા. KRSF ના શિક્ષક પ્રદીપભાઈ, શાળાના શિક્ષિકા નીતાબેન પટેલ અને સીઆરસી સ્મિતાબેન.. આ ત્રણેય જણાએ આ બાળકની પીઠ પાછળ હાથ મૂક્યો અને સતત પ્રોત્સાહન આપ્યું.

આશિક ખાલી આવી વસ્તુઓ બનાવવામાં જ નહિ, પણ ભણવામાં પણ એટલો જ પાકકો છે. એના અક્ષર બહુ સુંદર છે અને ક્લાસમાં પ્રશ્નો પૂછવાની એને મીઠી ટેવ છે.

ગરીબી ક્યારેય એના રસ્તામાં નડતર નથી બની, ઉલટાનું એ જ એને વધુ મહેનતુ બનાવે છે. લાકડાના નાના ટુકડાઓમાંથી ટ્રેક્ટર બનાવનારો આ નાનો છોકરો ખરેખર તો પોતાના ઉજળા ભવિષ્યનો પાયો નાખી રહ્યો છે, અને આ પાયો KRSF ના એક પ્રેમાળ શિક્ષકની નજર અને સાચા સહારા વગર કદાચ ક્યારેય આટલો મજબૂત ના બની શક્યો હોત.

## માત્ર ભણાવ્યું નહીં... જીતવાનું પણ શીખવ્યું



*ભિલોડા તાલુકાની મોટી ડોડીસરા પ્રાથમિક શાળાની*
*અંડર-14 ગર્લ્સ કબડ્ડી ટીમે SGFI ૨૦૨૬-૨૭ સ્પર્ધામાં ફરી એકવાર જીત મેળવી*

અરવલ્લી જિલ્લાના એક તાલુકાએ રમતમાં સતત ચોથા વર્ષે પણ ઈતિહાસ રચ્યો છે. ભિલોડા તાલુકાની મોટી ડોડીસરા પ્રાથમિક શાળાની અંડર-૧૪ ગર્લ્સ

કબડ્ડી ટીમે SGFI ૨૦૨૬-૨૭ સ્પર્ધામાં ફરી એકવાર જીત મેળવી છે. ગામની દીકરીઓની આ સિદ્ધિ ખરેખર ગૌરવની વાત છે.

આ સફળતા એક દિવસમાં મળી નથી. KRSFના પૂરક શિક્ષક અનિલભાઈએ વર્ષો પહેલાં એક સપનું જોયું હતું.. ગામની દીકરીઓની એવી કબડ્ડી ટીમ તૈયાર કરવી કે જે મેદાનમાં કોઈથી ઓછી ન પડે. શરૂઆતમાં તેઓ બાળકોને ભણાવતા, નબળા બાળકોને આગળ લાવતા અને સંસ્કાર આપવાનું કામ કરતા. પછી ધીમે ધીમે દીકરીઓને મેદાનમાં ઉતારી. રવિવારે પણ રજા નહીં... સતત પ્રેક્ટિસ... સતત મહેનત...

એ મહેનતનું ફળ આજે સૌની સામે છે. અગાઉ આ જ ટીમ રાજ્ય કક્ષાએ બ્રોન્ઝ મેડલ જીતી ચૂકી છે. બે દીકરીઓ રાષ્ટ્રીય કક્ષાએ પણ રમવા ગઈ. આ વર્ષે ફરી એકવાર જીત મેળવીને દીકરીઓએ સાબિત કરી દીધું કે જો યોગ્ય માર્ગદર્શન અને તક મળે તો ગામની દીકરીઓ પણ કોઈથી ઓછી નથી.

આ સફળતા માત્ર અનિલભાઈની કે દીકરીઓની નથી. શાળાના આચાર્યશ્રી, શિક્ષકો, વાલીઓ અને ગામના સહયોગ વિના આ સફર શક્ય બનતી નહીં. KRSFના સ્થાપક પ્રતુલભાઈ શ્રોફ વારંવાર કહે છે, "દરેક વ્યક્તિ પોતાનું ઉત્તમ આપે તો સારું પરિણામ મળે જ." અનિલભાઈએ પોતાના કામથી આ વાતને સાચી સાબિત કરી બતાવી.

આપણી તમામ વિજેતા દીકરીઓ, અનિલભાઈ અને મોટી ડોડીસરા પ્રાથમિક શાળાના સમગ્ર પરિવારને દિલથી ખૂબ ખૂબ અભિનંદન. હવે જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે આખી ટીમને શુભકામનાઓ. બાળકો માટે પોતાની ફરજથી પણ આગળ વધીને કામ કરતા આવા શિક્ષકોને કારણે જ KRSF આજે ૯૦૦થી વધુ શાળાઓના ૫૦,૦૦૦થી વધુ બાળકોના જીવનમાં સકારાત્મક બદલાવ લાવી રહ્યું છે.




*KRSFના પૂરક શિક્ષક અનિલભાઈએ વર્ષો પહેલાં એક સપનું જોયું હતું..*
*ગામની દીકરીઓની એવી કબડ્ડી ટીમ તૈયાર કરવી કે જે મેદાનમાં કોઈથી ઓછી ન પડે*

## બાળપણથી સ્વચ્છતા અને સંસ્કારનું સિંચન - KRSFનો અનોખો અભિગમ

*આજે દુનિયા ભલે ગમે તેટલી આગળ વધી ગઈ હોય, પણ સ્વાસ્થ્ય અને સ્વચ્છતા (Health and Hygiene) નો પ્રશ્ન હજી પણ ખૂબ મોટો છે. વૈશ્વિક આંકડા દર્શાવે છે કે દુનિયામાં હજુ પણ ૩.૪ અબજ લોકો સુરક્ષિત શૌચાલય અને સ્વચ્છતાની પાયાની સુવિધાઓ વગર જીવી રહ્યા છે, અને કરોડો લોકો આજે પણ ખુલ્લામાં શૌચક્રિયા કરવા મજબૂર છે. આ જ પરિસ્થિતિમાં આપણો દેશ ભારત પણ ગ્રામીણ વિસ્તારોમાં ખૂબ મોટી લડાઈ લડી રહ્યો છે. યોગ્ય સાફ-સફાઈ અને હાથ ધોવાની નાની જેવી લાગતી ટેવો ન હોવાને કારણે દર વર્ષે લાખો બાળકો બીમાર પડે છે અને તેમનું ભણતર બગડે છે. જ્યાં સુધી લોકો શારીરિક રીતે તંદુરસ્ત અને સ્વચ્છ નહીં હોય, ત્યાં સુધી સમાજનો સાચો વિકાસ શક્ય જ નથી.*

*આ જ વૈશ્વિક અને રાષ્ટ્રીય ચિંતાને ધ્યાનમાં રાખીને, અમારી સંસ્થા ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) એ ગામડાંના લોકો અને ખાસ કરીને બાળકોના સ્વાસ્થ્યને સુધારવાનું ભગીરથ કાર્ય ઉપાડ્યું છે. અમારો હેતુ બીમારીઓ થાય ત્યારે દવા આપવાનો નથી, પણ વિધ્યાર્થીઓ ક્યારેય બીમાર જ ન પડે તેવી સારી આદતો તેમના જીવનમાં વણાઈ જાય તે માટે કામ કરવાનો છે. આ સાથે, બાળકોમાં સ્વચ્છતાની સાચી આદત પાડવા માટે અમે રોજિંદા જીવનમાં નખ કાપવા, નિયમિત નહાવું, બ્રશ કરવું અને જમતા પહેલાં સાબુથી હાથ ધોવાનું જાતે ઊભા રહીને શીખવીએ છીએ. આ ઉપરાંત કિશોરીઓના સ્વાસ્થ્ય માટે સેનિટરી પેડ્સનું પૂરતું માર્ગદર્શન પણ પૂરું પાડીએ છીએ. ગરીબમાં ગરીબ વિદ્યાર્થી પણ એક નિરોગી અને સન્માનભર્યું જીવન જીવે તે માટે KRSF હંમેશાં તત્પર રહે છે.*

## શિક્ષકની સતર્કતાએ બાળકની આંખ બચાવી

ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) સાથે છેલ્લા ચાર વર્ષથી જોડાયેલા પ્રિયંકાબેન પાંડવ સાથે પણ કંઈક આવું જ બન્યું, જ્યારે આ વર્ષે તેમને બે નવી શાળાઓ પરવઠ જૂથ પ્રાથમિક શાળા અને ઈટાવડી પ્રાથમિક શાળા મળી...

એક દિવસ પ્રિયંકાબેન ઈટાવડી શાળાના એક ક્લાસમાં ગયા ત્યારે બધા બાળકો બ્લેકબોર્ડ પરથી જોઈને પોતાની નોટબુકમાં લખી રહ્યા હતા. પ્રિયંકાબેન આખા ક્લાસમાં ફરી રહ્યા હતા, ત્યાં જ એમની નજર ચોથા ધોરણમાં ભણતા દિવ્યાંસુ નામના એક છોકરા પર પડી.

દિવ્યાંસુ બોર્ડ તરફ એટલો બધો નમી ગયો હતો કે જાણે એ અક્ષરોને સાવ નજીકથી જોવાનો પ્રયત્ન કરતો હોય! પ્રિયંકાબેને પાસે જઈને વહાલથી પૂછ્યું, "બેટા, તું આટલો બધો નીચો વળીને કેમ લખે છે?" ત્યારે દિવ્યાંસુએ બહુ ભોળપણથી જવાબ આપ્યો, "બહેન, મને બંને આંખે સાવ ઝાંખું-ઝાંખું દેખાય છે, એટલે નજીક જવું પડે છે."



*જે માસૂમ બાળક વર્ષોથી આંખો સામે ઝાંખપ લઈને ભણવાનો સંઘર્ષ કરતો હતો,*
*તેને એક સજાગ શિક્ષકની નજરે નવું અજવાળું આપ્યું*

આ સાંભળીને પ્રિયંકાબેન ધ્રૂજી ઉઠ્યા અને તેમણે આ બાબતે તાત્કાલિક પગલાં લેવાનું નક્કી કર્યું. તેમણે દિવ્યાંસુના પપ્પાનો સંપર્ક કરીને ડૉક્ટરને બતાવવા કહ્યું, પરંતુ સમયની અછત કે ગંભીરતા ન સમજવાના કારણે તેમણે બહુ ધ્યાન ન આપ્યું.

પ્રિયંકાબેન અહીં જ અટકી ગયા હોત તો દિવ્યાંસુનું ભવિષ્ય કદાચ અંધારામાં હોત. પરંતુ એક દિવસ રસ્તામાં દિવ્યાંસુના મમ્મી મળી જતાં પ્રિયંકાબેને તેમને સાફ શબ્દોમાં ચિંતા વ્યક્ત કરી કે, "તમારા દીકરાને ક્લાસમાં બોર્ડ પર લખેલું કાંઈ દેખાતું નથી. મહેરબાની કરીને એને તાત્કાલિક ઇડરના મોટા દવાખાને લઈ જાઓ."

શિક્ષિકાના અવાજમાં સાચી ચિંતા જોઈને આ વખતે મા-બાપ દિવ્યાંસુને લઈને ઇડર ગયા, જ્યાં આંખના ડૉક્ટરે તપાસ કરીને જણાવ્યું કે બાળકની બંને આંખોનું ઓપરેશન કરવું પડશે.

ડૉક્ટરની સલાહ મુજબ દિવ્યાંસુની એક આંખનું ઓપરેશન સફળતાપૂર્વક થઈ ગયું છે અને હવે એ બિલકુલ સાફ જોઈ શકે છે, જ્યારે બીજી આંખનું ઓપરેશન પણ ટૂંક સમયમાં થવાનું છે. જે માસૂમ બાળક વર્ષોથી આંખો સામે ઝાંખપ લઈને ભણવાનો સંઘર્ષ કરતો હતો, તેને એક સજાગ શિક્ષકની નજરે નવું અજવાળું આપ્યું; ખરા અર્થમાં આ કિસ્સો સંસ્થાના 'બાળક સૌપ્રથમ' ના મૂળ મંત્રનું જીવતું-જાગતું ઉદાહરણ છે.

**શિક્ષણનો પ્રકાશ જ્યાં પહોંચે છે,**
**ત્યાં ગરીબી અને લાચારી ધીમે ધીમે રસ્તો બદલી દે છે.**

# શિક્ષકની સંવેદનાએ તમન્નાને ફરી ઊભી કરી

નવી શાળામાં જવાનું થાય ત્યારે દરેક શિક્ષક પોતાના ક્લાસના બાળકોને ઓળખવામાં વ્યસ્ત હોય છે, પણ કોઈ બાળકની અંદર છુપાયેલું દર્દ એના ચહેરા પરથી વાંચી લેવું એ જ સાચા શિક્ષકની પરખ છે. ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) સાથે જોડાયેલા પ્રિયંકાબેન પાંડવ ઈટાવડી પ્રાથમિક શાળામાં બાળકોનું ભવિષ્ય ઘડી રહ્યા છે.

એક દિવસ 'ઝીરો તાસ' દરમિયાન ફાઉન્ડેશનના ટીમ લીડર ધીરજભાઈ શાળાની મુલાકાતે આવ્યા ત્યારે તેમની નજર પાંચમા ધોરણમાં ભણતી તમન્ના ખરાડી પર પડી. તમન્ના જ્યારે પોતાની જગ્યા પરથી ચાલવા ગઈ, ત્યારે તેનો પગ સરખો ઉપડતો નહોતો અને તે લંગડાતી-લંગડાતી ચાલી રહી હતી. તે છેલ્લા ત્રણ દિવસથી શાળાએ પણ ગેરહાજર હતી, જે જોઈને ધીરજભાઈ ચિંતિત થઈ ગયા.

ધીરજભાઈએ તમન્ના પાસે જઈને વહાલથી પૂછ્યું ત્યારે એ નાની બાળકીના સંયમનો બંધ તૂટી ગયો અને તે ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડી. તેણે જણાવ્યું કે તે પગમાં ખરાબ રીતે દાઝી ગઈ છે, ત્યાં મોટો ફોલ્લો થઈ ગયો છે અને પગ જમીન પર મૂકવો અશક્ય છે.

જ્યારે તેમણે પૂછ્યું કે તે દવાખાને કેમ ન ગઈ, ત્યારે તમન્નાએ જે જવાબ આપ્યો તે કાળજું કંપાવી દે તેવો હતો. તેણે કહ્યું કે તેની માતા મજૂરીએ જતી રહી છે અને પિતા વ્યસનમાં ડૂબેલા રહે છે, એટલે ઘરમાં તેને દવાખાને લઈ જાય તેવું કોઈ નથી.



*તમન્નાનો પગ સરખો ઉપડતો નહોતો અને તે લંગડાતી-લંગડાતી ચાલી રહી હતી*

આ સાંભળીને ક્લાસમાં સન્નાટો છવાઈ ગયો. આ નાનકડી દીકરી ત્રણ દિવસ સુધી ઘાનું અસહ્ય દર્દ સહન કરીને ઘરે એકલી રહી, છતાં માત્ર ભણવાની ધગશને કારણે તે લંગડાતા પગે શાળાએ આવી હતી. પ્રિયંકાબેન અને ધીરજભાઈ એક પળ પણ થોભ્યા નહીં; તેમણે તાત્કાલિક આચાર્યને જાણ કરી, તમન્નાની માતાની ફોન પર મંજૂરી લીધી અને ધીરજભાઈ તેને પોતાની બાઈક પર બેસાડીને ચિઠોડા સરકારી દવાખાને લઈ ગયા.

ત્યાં ડૉક્ટરે ઘા સાફ કરી, જરૂરી ઈન્જેક્શન અને દવાઓ આપીને તેની યોગ્ય સારવાર કરી અને ત્યારબાદ તેઓ તમન્નાને આરામથી તેના ઘરે મૂકી આવ્યા.

જે માસૂમ દીકરીના ઘા પર ત્રણ દિવસ સુધી મલમ લગાવનાર ઘરમાં કોઈ નહોતું, ત્યાં KRSF ના બે પ્રેમાળ હાથ એક વાલી બનીને પહોંચ્યા અને તેનું દર્દ શાંત કર્યું. સંસ્થાનો જે મૂળ મંત્ર છે કે 'બાળક હંમેશા પહેલા સ્થાને હોવું જોઈએ', આ કિસ્સો તે વાતને સાચા અર્થે સાર્થક કરે છે. શિક્ષકોની આ સંવેદનશીલતા અને સમયસૂચકતાને કારણે આજે તમન્ના ફરી એકવાર ભણતર તરફ આગળ વધવા માટે તૈયાર થઈ છે.

# ...નહીં તો ચિનુનું શું થાત!!





*"પ્રથમ સત્ર પૂરું થયું ત્યારે શાળામાં યોજાયેલા વાલી મિલનમાં પોતાની દીકરીને આટલી સરસ રીતે ભણતી જોઈને મા—બાપની આંખોમાં હરખના આંસુ આવી ગયા."*

જ્યારે કોઈ બાળક કુદરતી ખામી સાથે જન્મ લે છે ને, ત્યારે સમાજ અને ક્યારેક એના પોતાના વાલીઓ પણ એનાથી આશા છોડી દેતા હોય છે. પણ એક સાચો શિક્ષક એ જ છે, જે બાળકની મર્યાદાઓ પાછળ છુપાયેલી એની શક્તિને વહેલી ઓળખી લે છે. કણાદર પ્રાથમિક શાળાની આ વાર્તા પણ એક એવી જ દીકરી ચીનુની છે, જે જન્મથી જ બોલી કે સાંભળી શકતી નહોતી.

શાળામાં જ્યારે ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) ના શિક્ષક સંજયભાઈ નિનામાએ એની પ્રાથમિક કસોટી લીધી. ત્યારે ચીનુના સુંદર અને મરોડદાર અક્ષરો જોઈને એમના મનમાં એક આશા જાગી. પણ મુશ્કેલી એ થઈ કે આ ટેસ્ટના બે જ દિવસ પછી ચીનુએ શાળાએ આવવાનું સાવ બંધ કરી દીધું.

સંજયભાઈ નિનામાએ આચાર્ય સાહેબ અને ફાઉન્ડેશનના ટીમ લીડર ભુપેન્દ્રભાઈ પંચોલાને આ દીકરી વિશે જણાવ્યું કે જો આ બાળકી પાછળ થોડી મહેનત કરવામાં આવે, તો એ બહુ આગળ નીકળી શકે એમ છે. પરંતુ જ્યારે ફરીથી એની પરીક્ષા લેવાઈ ત્યારે પેપર સાવ કોરું રહ્યું અને ચીનુ પાછી ઘરે બેસી ગઈ.

સંજયભાઈ નિનામા જ્યારે એના ઘરે પહોંચ્યા ત્યારે ચીનુના મા-બાપે સાફ ના પાડી દીધી, "અમારે એને ભણાવવા નથી મોકલવી. એને કાંઈ આવડતું નથી, એના કરતાં ઘરે રહીને કામ કરશે તો સારું." આ સાંભળીને શિક્ષકે હિંમત ના હારી. ભુપેન્દ્રભાઈ, આચાર્ય સાહેબ અને ફાઉન્ડેશનના સંજયભાઈ નિનામા વારંવાર ચીનુના ઘરે આંટા મારવા લાગ્યા.

આ વખતે સંજયભાઈ નિનામાએ મન મક્કમ કરીને વાલીઓને એક વચન આપી દીધું, "તમે મને બસ આ દિવાળી સુધીનો સમય આપો. જો દિવાળી સુધીમાં ચીનુની અંદર કોઈ સુધારો ના આવે, તો પછી તમને જે યોગ્ય લાગે એ કરજો." મા-બાપ માંડ-માંડ આ છેલ્લી તક આપવા માટે માન્યા.

હવે સંજયભાઈ નિનામા માટે ખરી અગ્નિપરીક્ષા શરૂ થઈ. ચીનુને ભણાવવા માટે શિક્ષકે ગામની જ એક નાની છોકરીની મદદ લીધી જે ચીનુના ઈશારાઓ સમજી શકતી હતી. એ છોકરી ચીનુ સાથે રોજ શાળાએ આવવા લાગી. ક્લાસમાં સંજયભાઈ નિનામા જે ભણાવે, એ છોકરી ચીનુને ઈશારામાં સમજાવે. આ દરમિયાન સંજયભાઈ નિનામાએ પોતે પણ મહેનત કરીને ચીનુની ઈશારાઓની ભાષા શીખી લીધી.

ત્યાર પછી તો જાણે જાદુ થયો! પ્રવૃત્તિઓ અને રમતો દ્વારા જ્યારે ભણાવવાનું શરૂ થયું, ત્યારે ચીનુ બધું બહુ ધ્યાનથી સમજવા લાગી. જે દીકરી માટે પેપર કોરું રહેતું હતું, એ હવે સરવાળા, બાદબાકી અને ગુણાકારના દાખલા જાતે ગણવા માંડી! ગણિત અને અંગ્રેજીના બ્રિજ કોર્સમાં એનું બહુ સરસ પરિણામ આવ્યું.

પ્રથમ સત્ર પૂરું થયું ત્યારે શાળામાં યોજાયેલા વાલી મિલનમાં પોતાની દીકરીને આટલી સરસ રીતે ભણતી જોઈને મા-બાપની આંખોમાં હરખના આંસુ આવી ગયા. તેમણે ગળગળા થઈને કહ્યું, "અમારી દીકરીમાં આટલો મોટો બદલાવ આવી જશે, એવું તો અમે સપનામાંય નહોતું વિચાર્યું."

આજે ટીમ લીડર ભુપેન્દ્રભાઈ કે ક્લસ્ટર હેડ સંજયભાઈ પંચાલ જ્યારે પણ આ શાળાની મુલાકાતે આવે, ત્યારે ચીનુને અચૂક મળે છે. આ એક દીકરીની સફળતા પાછળ આખી ટીમનો અતૂટ વિશ્વાસ અને ક્યારેય હાર ન માનવાની સાચી ભાવના છુપાયેલી છે.

## અડધી રાત્રે દોડતી શિક્ષિકા

"હેલો બેન, તમારી જરૂર પડી છે."

"રાત્રે એક વાગ્યે ? શું થયું ?"

"બધું કહું છું બેન... પણ તમે ના ન પાડતા..."

રાત્રે આવેલા આ ગભરાયેલા ફોનથી KRSFના પૂરક શિક્ષક કિંજલ પ્રજાપતિની ઊંઘ ઊડી ગઈ. વર્ષ ૨૦૨૫થી તેઓ દાંતા ક્લસ્ટરની શ્રી ભાણપુર પ્રાથમિક શાળામાં બાળકોને ભણાવે છે. થોડા જ સમયમાં તેઓ માત્ર બાળકોના જ નહીં, શાળાના શિક્ષકો અને આખા ગામના વિશ્વાસુ બની ગયા.

એ રાત્રે ગામના એક નાનકડા બાળકની તબિયત અચાનક ખૂબ બગડી ગઈ હતી. પેટની તકલીફ એટલી વધી ગઈ કે બાળક સરખું જમી શકતું નહોતું, ઊભું પણ રહી શકતું નહોતું. પરિવાર ગભરાઈને તેને લઈને




*રાત્રે ગામના એક નાનકડા બાળકની તબિયત અચાનક ખૂબ બગડી ગઈ હતી. પેટની તકલીફ એટલી વધી ગઈ કે બાળક સરખું જમી શકતું નહોતું, ઊભું પણ રહી શકતું નહોતું*

ખેડબ્રહ્માની ચિલ્ડ્રન હોસ્પિટલ પહોંચ્યો. ડૉક્ટરોએ બાળકને તરત જ દાખલ કરવાની સલાહ આપી.

પણ એક મોટી મુશ્કેલી સામે આવી. સારવાર માટે આયુષ્માન ભારત કાર્ડ જરૂરી હતું અને પરિવાર પાસે તે નહોતું. બાળકની હાલત ખરાબ થતી જતી હતી અને દરેક મિનિટ કિંમતી હતી.



*લાગણી અને જવાબદારીથી KRSFના પૂરક શિક્ષકો પોતાના વિસ્તારના બાળકો માટે કામ કરી રહ્યા છે.*

આવી ઘડીએ કિંજલબેને એક ક્ષણ પણ વિચાર કર્યો નહીં. બાળક તેમની શાળાનો નહોતો, છતાં એ વાતને બાજુએ મૂકી તેમણે તરત જ મદદ માટે દોડ લગાવી. રાતોરાત જરૂરી કાર્યવાહી કરીને બાળકનું આયુષ્માન ભારત કાર્ડ કઢાવ્યું. કાર્ડ મળતાં જ સારવાર શરૂ થઈ અને સમયસર સારવાર મળવાથી બાળકની તબિયતમાં સુધારો થવા લાગ્યો.

એ દિવસે કિંજલબેને માત્ર એક કાર્ડ કઢાવી આપ્યું નહોતું, પરંતુ એક પરિવારની ચિંતા ઓછી કરી હતી. શિક્ષકનું કામ માત્ર વર્ગખંડમાં ભણાવવા પૂરતું નથી હોતું, જરૂર પડે ત્યારે બાળક અને તેના પરિવારની પડખે ઊભા રહેવું પણ એટલું જ જરૂરી હોય છે. આવી જ લાગણી અને જવાબદારીથી KRSFના પૂરક શિક્ષકો પોતાના વિસ્તારના બાળકો માટે કામ કરી રહ્યા છે.

# માનવ અધિકાર

## અધિકારથી સશક્તિકરણ સુધીની સફર

માનવ અધિકાર એ કોઈ દાન કે કૃપા નથી, પરંતુ દરેક વ્યક્તિને માત્ર માણસ હોવાના નાતે મળેલો મૂળભૂત અધિકાર છે. દરેક વ્યક્તિને સન્માનભર્યું જીવન જીવવાનો, શિક્ષણ મેળવવાનો, આરોગ્યની સુવિધા મેળવવાનો અને સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવાનો અધિકાર છે.

પરંતુ સમાજના અનેક વંચિત અને છેવાડાના પરિવારો માટે સૌથી મોટી મુશ્કેલી એ છે કે તેઓ પોતાના અધિકારો અને પોતાના માટે ઉપલબ્ધ તકો વિશે પૂરતી જાણકારી ધરાવતા નથી. માહિતીના અભાવને કારણે ઘણી વખત તેઓ સરકારી યોજનાઓથી વંચિત રહી જાય છે.

ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) માને છે કે સાચું સશક્તિકરણ ત્યારે જ શક્ય બને જ્યારે વ્યક્તિને પોતાના અધિકારોની જાણ થાય અને તે તેનો યોગ્ય ઉપયોગ કરી શકે. આ વિચાર સાથે ફાઉન્ડેશન પોતાના કાર્યક્ષેત્રના ગામોમાં કાર્યરત શિક્ષકોને માત્ર શિક્ષણ પૂરતું મર્યાદિત ન રાખતા, સમાજ વિકાસ માટે પણ સંવેદનશીલ બનવા પ્રેરિત કરે.

જ્યાં KRSFના શિક્ષકો કાર્ય કરે છે, ત્યાં તેઓ બાળકોના શિક્ષણ સાથે ગામના વંચિત પરિવારોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ સાથે જોડવામાં પણ સહયોગ આપે છે. પરિણામે અનેક પરિવારોને આયુષ્માન કાર્ડ, રેશન કાર્ડ, પાલક માતા પિતા યોજનાની સહાય, જન્મના દાખલા અને અન્ય જરૂરી સરકારી દસ્તાવેજો મેળવવામાં મદદ મળી છે. આવા નાના દેખાતા પ્રયાસો અનેક પરિવારો માટે મોટા પરિવર્તનનું કારણ બને છે.

KRSF જે સંસ્થાઓ માનવ અધિકાર, સામાજિક ન્યાય અને વંચિત સમુદાયોના સશક્તિકરણ માટે ઊંડું અને અસરકારક કાર્ય કરે છે તેમને પણ સહયોગ કરે છે.

### માનવ અધિકાર અને સામાજિક સશક્તિકરણના ક્ષેત્રમાં થયેલા આવા જ કેટલાક પ્રેરણાદાયી પ્રયાસોની વાત

## અનાથ બાળકોને દર મહિને ત્રણ હજાર રૂપિયાની મદદ અમારા શિક્ષકના પ્રયત્નથી મળી

પોશીના તાલુકાના ટેબડા ગામની એક નાની ટેકરી પર રહેતા ઢાપુબેનનું જીવન પહેલેથી જ સંઘર્ષમય હતું, પરંતુ એક અકસ્માતમાં તેમના દીકરાનું અવસાન થતાં તેમના પર દુઃખનો પહાડ તૂટી પડ્યો. દીકરાના અવસાન બાદ માતાએ બીજા લગ્ન કરી લેતાં ત્રણેય માસૂમ બાળકો સાવ અનાથ થઈ ગયા અને તેમની તમામ જવાબદારી દાદી ઢાપુબેનના માથે આવી ગઈ.



*ત્રણેય અનાથ બાળકોના ખાતામાં દર મહિને ત્રણ હજાર રૂપિયાની સરકારી સહાય આવવાની શરૂ થઈ*

સરકાર તરફથી મળતા વિધવા પેન્શનના બારસો રૂપિયા આજના જમાનામાં ત્રણ-ત્રણ બાળકોના ભણતર અને ઘરના ગુજરાન માટે સાવ અપૂરતા હતા.

જોકે, સરકારની 'પાલક માતા-પિતા યોજના' હેઠળ આવા અનાથ બાળકોને દર મહિને ત્રણ હજાર રૂપિયાની સહાય મળવાપાત્ર હતી, પણ મુશ્કેલી એ હતી કે ઘરમાં કોઈ ભણેલું ન હતું. કાગળિયા બધા અધૂરા હતા અને સરકારી કચેરીઓના ધક્કા ખાવા કે ફોર્મ ભરવા પાછળ ખર્ચ કરવા જેટલા પૈસા પણ દાદી પાસે નહોતા.

આવામાં ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) ના પૂરક શિક્ષક મોહિતભાઈ પરમાર અનાથ બાળકોના સર્વે દરમિયાન આ પરિવારના સંપર્કમાં આવ્યા.

સંસ્થાના 'બાળક સૌપ્રથમ' ના સિદ્ધાંતને સાચા અર્થે જીવતા સંવેદનશીલ શિક્ષક મોહિતભાઈ ટેકરી ચડીને ઢાપુબેનના ઘરે પહોંચ્યા અને જરૂરી દસ્તાવેજોની તપાસ કરી. દાદીએ જ્યારે પોતાની લાચારી અને આર્થિક તંગી વ્યક્ત કરી, ત્યારે મોહિતભાઈએ એક પણ ક્ષણનો વિચાર કર્યા વગર વચન આપ્યું કે, "દાદી, તમે ચિંતા ના કરો. બધું કામ હું કરાવી આપીશ અને જે કંઈ ખર્ચ થશે એ પણ હું ભોગવીશ."

ત્યાર પછી શરૂ થઈ સરકારી કચેરીઓના ચક્કર કાપવાની એક લાંબી યાત્રા. મોહિતભાઈએ ફાઉન્ડેશનના ટીમ લીડર શાંતિભાઈ મકવાણા અને ગામના સરપંચ

જીગ્નેશભાઈની મદદથી લાંબડીયા પંચાયતમાંથી આવકનો તેમજ માતાના પુનર્લગ્નનો દાખલો કઢાવ્યો.

ત્યારબાદ બાળકોના બેંક ખાતા ખોલાવવા માટે તેઓ દાદી અને બાળકોને લઈને છેક ખેડબ્રહ્મા ગયા અને ત્રણ વખત ધક્કા ખાઈને, પોતાના ખિસ્સામાંથી પંદરસો રૂપિયાનો ખર્ચ ભોગવી ખાતા ખોલાવ્યા અને આખરે બધા જ કાગળો બાળ સુરક્ષા કચેરીમાં જમા કરાવ્યા.

તેમની આ નિઃસ્વાર્થ મહેનત આજે રંગ લાવી છે અને ત્રણેય અનાથ બાળકોના ખાતામાં દર મહિને ત્રણ હજાર રૂપિયાની સરકારી સહાય આવવાની શરૂ થઈ ગઈ છે.

આ કોઈ એકલદોકલ કિસ્સો નથી, માર્ચ મહિનામાં જ પોશીના વિસ્તારમાં KRSF ના શિક્ષકોએ ભેગા મળીને આવા ૧૫ અનાથ બાળકોને આ યોજનાનો લાભ અપાવ્યો છે, જેથી દર મહિને કુલ પિસ્તાલીસ હજાર રૂપિયાની આર્થિક મદદ જરૂરિયાતમંદ બાળકો સુધી સીધી પહોંચી રહી છે. જ્યારે કોઈ શિક્ષક પોતાની નોકરીની સરહદો છોડીને અનાથ બાળકોના ભવિષ્ય માટે લડે છે, ત્યારે તે માત્ર નોકરી નથી રહેતી પરંતુ ઈશ્વરના ઘરની સાચી સેવા બની જાય છે.



ઢાપુબેન

## 390 પરિવારોને મળ્યું ઓળખનું સોનાથીયે વધુ કિંમતી લટકણિયું

પુરાવા વગર ગરીબી દેખાતી નથી, વંચિતતા નોંધાતી નથી, અને હક્કો મળતા નથી. દસ્તાવેજો વગર વ્યક્તિ “અદૃશ્ય” બની જાય. જાતિ પ્રમાણપત્ર એ અદૃશ્યતામાંથી દૃશ્યમાન થવાનું જાણે સોપાન.

સદીઓથી ભટકતા રહેલા વિચરતી જાતિના પરિવારો માટે “ઓળખ” માત્ર શબ્દ નથી પણ એ જીવનનું અસ્તિત્વ. સ્થાયી સરનામું ન હોવાને કારણે આ પરિવારો પાસે પોતાનું અસ્તિત્વ સાબિત કરવા જરૂરી આધાર પૂરાવાઓ નહોતા. પરિણામે તેઓ સરકારની અનેક કલ્યાણકારી યોજનાઓથી વંચિત રહ્યા. અલબત એક સમયે તો એમના માટે કલ્યાણકારી યોજનાઓ પણ ઝાઝી નહોતી.

જાતિ પ્રમાણપત્ર કે સરકારી આધાર પુરાવા એ આ સમુદાયો માટે તેમના



*ઘરબાંધકામ સહાય, શિક્ષણમાં અનામત, શિષ્યવૃત્તિ, માનવ ગરીમા યોજના, રોજગાર સહાય આ બધી યોજનાઓ સુધી પહોંચવાનો પ્રથમ દરવાજો એટલે જાતિ પ્રમાણપત્ર.*

અધિકારની ચાવી. તમે આ દેશના નાગરિક છો, તમારી ઓળખ છે, અને તમે સરકારી યોજનાઓનો લાભ લેવાને અધિકારી છો એ આ પુરાવાથી સાબિત થાય.

ઘરબાંધકામ સહાય, શિક્ષણમાં અનામત, શિષ્યવૃત્તિ, માનવ ગરીમા યોજના, રોજગાર સહાય આ બધી યોજનાઓ સુધી પહોંચવાનો પ્રથમ દરવાજો એટલે જાતિ પ્રમાણપત્ર.

KRSF ની સાથી સંસ્થા VSSM વર્ષોથી વિચરતી જાતિના પરિવારોને શોધીને, એમને આધાર પુરાવા કઢાવવામાં, નાગરિક તરીકેની ઓળખ અપાવવામાં કાર્યરત. અત્યાર સુધી લાખો લોકોને જાતિ પ્રમાણપત્ર, મતદારકાર્ડ, રેશનકાર્ડ વગેરે જેવા દસ્તાવેજો અપાવવામા અમે VSSM સાથે રહી નિમિત્ત બન્યા છીએ.

પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના બંધવડ, રાધનપુર અને કમાલપુર ગામોમાં વસતા વિચરતી જાતિના અનેક પરિવારો પાસે જાતિ પ્રમાણપત્ર નહોતા. વર્ષો સુધી કચેરીના ધક્કા ખાધા પણ કામ થતું નહોતું.

આવામાં પાટણ જિલ્લા નાયબ નિયામક તરીકે દિવ્યંકાબેન જાનિ આવ્યા ને સંસ્થાના કાર્યકર ખોડાભાઈએ એમને રજૂઆત કરી ને એમની લાગણીથી ૩૯૦ પરિવારોને જાતિ પ્રમાણપત્ર મળ્યા.

પ્રમાણપત્ર હાથમાં લેતા જ લોકોના ચહેરા આનંદીત થયા. કોઈએ કહ્યું, “હવે અમે સરકારની ઘરબાંધકામ સહાય માટે અરજી કરી શકીશું.”

રમેશભાઈની આંખોમાં આનંદ સાથે વર્ષોની પીડા પણ ઝલકતી હતી. તેમણે કહ્યું, “હું વર્ષોથી આ પ્રમાણપત્ર માટે કચેરીના ધક્કા ખાતો હતો, પણ મળતું નહોતું. આજે પ્રમાણપત્ર હાથમાં આવ્યું પણ જાણે વિશ્વાસ નથી થતો.”

રાધનપુર મુકામે યોજાયેલા વિતરણ કાર્યક્રમમાં દરેક વ્યક્તિના હાથમાં “સોનાથી પણ કિંમતી લટકણિયું” મળ્યાનો રાજીપો હતો. આ કાર્યમાં મદદ કરનાર દિવ્યંકાબેનના અમે આભારી છીએ.

# રાજકોટના પડધરીમાં 124 પરિવારોને મળ્યું કાયમી સરનામું



*રેશનકાર્ડ કે મતદારકાર્ડ મેળવવા માટે લોકો પાંચ નાળિયેરની, પગપાળા રણુજા કે ચોટીલા જવાની માનતા રાખતા*

"ઘર એટલે શું? જ્યાં 'હાશ' હોય. જ્યાં અડધી રાતે કોઈ કાઢી મૂકશે એવો ભય ન હોય. જ્યાં ભીંતો ભલે માટીની હોય, પણ એના પર હક પોતાનો હોય."

વર્ષો પહેલા જ્યારે KRSF ની સાથી સંસ્થા VSSM એ વિચરતા સમુદાયો વચ્ચે કામ શરૂ કર્યું, ત્યારે સૌથી મોટો પડકાર 'ઓળખ'નો હતો. એક સમય એવો હતો કે રેશનકાર્ડ કે મતદારકાર્ડ મેળવવા માટે લોકો પાંચ નાળિયેરની, પગપાળા રણુજા કે ચોટીલા જવાની માનતા રાખતા. પણ વર્ષોના પ્રયત્નોના કારણે ને સરકારની લાગણીના લીધે આજે લાખો પરિવારોને એ માનતા રાખવામાંથી મુક્તિ મળી છે, તેમને પોતાની ઓળખના પુરાવા મળી ગયા છે.

જો કે ઓળખ પછીની સૌથી મોટી લડાઈ 'જમીન'ની એટલે કે પોતાના સરનામાની. પોતાની નાનકડી જમીન હોય જ્યાં તેઓ સપનાનું ઘર બાંધી શકે. આ દિશામાં સરકારી કચેરીઓમાં અમારી હજારો અરજીઓ મંજૂરીની મહોર મેળવવાની રાહમાં પડી છે. સંસ્થાના આ કાર્યમાં આપણા આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખૂબ લાગણીથી મદદ કરી રહ્યા છે.

રાજકોટ વહીવટીતંત્રની ઉમદા કામગીરીને કારણે પડધરીમાં ૧૨૪ પરિવારોને રહેણાંક અર્થે પ્લોટ ફાળવવામાં આવ્યા. જેમાંથી ૫૩ પરિવારોને તો 'સનદ' (માલિકી હક) પણ મળી ગઈ! બાકીના પરિવારોને પણ ટૂંક સમયમાં સનદ મળી જશે. જે પરિવારો સદીઓથી



*KRSF ની સાથી સંસ્થા VSSM એ વિચરતા સમુદાયો વચ્ચે કામ શરૂ કર્યું, ત્યારે સૌથી મોટો પડકાર 'ઓળખ'નો હતો*

વગડો ખૂંદતા રહ્યા છે, જેમના નસીબમાં માત્ર તંબુ કે ખુલ્લું આકાશ હતું, હવે તેમના આંગણે તુલસીનો ક્યારો હશે.

જે પરિવારોને પ્લોટ મળ્યા છે તેમને ખૂબ ખૂબ અભિનંદન! સરકારશ્રી તેમજ રાજકોટ ને પડધરી વહીવટી તંત્રનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. હજુ પણ હજારો પરિવારો પોતાના સરનામાની રાહમાં છે, સરકાર આવી જ સંવેદનશીલતા સાથે બાકીના પરિવારોને પણ વહેલી તકે પ્લોટ ફાળવે તેવી આશા..



*સરકારી કચેરીઓમાં અમારી હજારો અરજીઓ મંજૂરીની મહોર મેળવવાની રાહમાં પડી છે.*
*સંસ્થાના આ કાર્યમાં આપણા આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખૂબ લાગણીથી મદદ કરી રહ્યા છે*

# ઘર - માત્ર ચાર દિવાલ નહીં પણ એક સન્માનભર્યું જીવન

માણસની મૂળભૂત જરૂરિયાતોમાં રોટલી, કપડાં અને મકાન. આમાં ઘરનું સ્થાન સૌથી મહત્વપૂર્ણ. કારણ કે ઘર માત્ર માથું ઢાંકવા માટેની જગ્યા નથી, પરંતુ એક પરિવારની સુરક્ષા, સ્વાભિમાન અને ભવિષ્યનો આધાર છે. પોતાના નામનું એક નાનું ઘર પણ વ્યક્તિને એક અલગ ઓળખ આપે છે, બાળકોને સ્થિર વાતાવરણ આપે છે અને પરિવારમાં આવતીકાલ માટેનો વિશ્વાસ જગાવે છે.

જે પરિવારો વર્ષોથી ભટકતું જીવન જીવે છે, જેમની પાસે કાયમી સરનામું નથી, તેમના માટે ઘરનું મહત્વ અનેકગણું વધી જાય છે. સરનામું ન હોવાને કારણે ઘણી વખત તેઓ ઓળખના પુરાવા, સરકારી યોજનાઓ, શિક્ષણ અને અન્ય મૂળભૂત સુવિધાઓથી પણ વંચિત રહી જાય છે. ઘર મળે એટલે માત્ર રહેવાની જગ્યા મળતી નથી, પરંતુ જીવનને એક સ્થિર દિશા મળે છે.

સમાજના છેવાડે રહેતા આવા પરિવારો માટે પાકું ઘર એક સપનું હોય છે. વર્ષોથી મુશ્કેલ પરિસ્થિતિમાં જીવ્યા પછી જ્યારે તેમને પોતાના ઘરની આશા મળે છે, ત્યારે તેમની આવનારી પેઢીઓ માટે જાણે નવા અધ્યાયની શરૂઆત થાય છે.

ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) માને છે કે વિકાસનો સાચો અર્થ ત્યારે જ સાકાર થાય, જ્યારે સમાજના વંચિત અને જરૂરિયાતમંદ પરિવારોને પણ સન્માનભર્યું જીવન જીવવાની તક મળે. તેથી જ જ્યાં માત્ર સહાય પૂરતી ન હોય અને જ્યાં એક પરિવારના જીવનમાં કાયમી બદલાવ લાવી શકાય, ત્યાં ફાઉન્ડેશન સહયોગ કરે છે.

KRSF માટે ઘર બનાવવામાં મદદ કરવાનો અર્થ માત્ર એક મકાન પૂરું કરવામાં સહયોગ આપવો નથી. તેનો અર્થ છે, એક પરિવારને સુરક્ષા આપવી, બાળકોને સ્વસ્થ વાતાવરણ આપવું, મહિલાઓને ગૌરવપૂર્ણ જીવન આપવું અને એક આખા સમુદાયને સ્થિરતાની દિશામાં આગળ વધારવો.

આ કાર્યમાં અમારો વિશ્વાસ હંમેશાં સહિયારા પ્રયાસોમાં રહ્યો છે. સ્થાનિક સંસ્થાઓ, સમાજના સહયોગીઓ અને પરિવારોના પોતાના પ્રયત્નો થકી જ કાયમી પરિવર્તન શક્ય બને છે. જ્યારે અનેક હાથ એક સંકલ્પ સાથે જોડાય છે, ત્યારે વર્ષોથી અધૂરાં રહેલા સપનાં પણ સાકાર બની શકે છે.

આ જ ભાવના સાથે KRSFએ અનેક પરિવારોને પોતાના ઘરનું સપનું સાકાર કરવામાં સહયોગ આપવાનો સંકલ્પ કર્યો.

**જે પેઢીઓએ છતની શોધમાં ભટકતું જીવન વિતાવ્યું, તેમની પહેલી પેઢીને જ્યારે પોતાનું ઘર મળે છે, ત્યારે એ માત્ર ઘર નથી હોતું.. એ સ્થિર જીવન, સુરક્ષા અને આવતી પેઢીના સપનાઓની પહેલી ઈંટ હોય છે."**

આવા જ પરિવારોની સફરની વાતો જેઓ ભટકતા જીવનમાંથી પોતાના સરનામાવાળા થયા ને હવે તેમના ઘરો બંધાવાના શરૂ થયા.

# 13 મદારી પરિવારોના નવા જીવનની શરૂઆત




*વગડામાંથી વ્હાલપની વસાહતની ઝંખના વિચરતા પરિવારોને કેવી એની વાત કરતા*

એક સમય હતો જ્યારે મદારી પરિવારોનું જીવન વિચરણ સાથે જોડાયેલું હતું. સાપના ખેલ બતાવીને તેઓ ગામે ગામ ફરતા અને પોતાનું ગુજરાન ચલાવતા. તેમની પાસે કોઈ કાયમી સરનામું નહોતું, ઓળખના પુરાવા નહોતા અને સમાજના મુખ્ય પ્રવાહથી તેઓ ઘણા દૂર રહી ગયા હતા.

સમય બદલાયો. પરંપરાગત વ્યવસાય પર પ્રતિબંધ આવ્યો અને જીવનનિર્વાહનો જૂનો રસ્તો બંધ થવા લાગ્યો. આવી પરિસ્થિતિમાં સ્થાયી જીવન તરફ આગળ વધવું તેમની સૌથી મોટી જરૂરિયાત બની. કાયમી સરનામું ફક્ત રહેવાની જગ્યા નથી આપતું, પરંતુ વ્યક્તિને પોતાની ઓળખ, બાળકોને શિક્ષણ અને પરિવારોને વિકાસની નવી તકો આપે છે.

આ સમજ સાથે અમારી સાથી સંસ્થા VSSM વર્ષોથી ભટકતા અને વંચિત સમુદાયોને સ્થાયી જીવન તરફ લઈ જવા માટે પ્રયત્નશીલ છે. ખેડા જિલ્લાના તૈયબપુરા ગામમાં રહેતા ૧૩ મદારી પરિવારો સાથે પણ આ જ પ્રયાસ કરવામાં આવ્યો. સંસ્થાના પ્રયત્નોથી આ પરિવારોને જરૂરી ઓળખના

પુરાવા મળ્યા અને તેમના રહેઠાણ માટે પ્લોટ ફાળવવાની પ્રક્રિયા પણ આગળ વધી.

પરંતુ જીવનમાં પોતાનું ઘર મળે ત્યારે જ સ્થાયિત્વનો અનુભવ થાય. મદારી બહેનો કહેતી કે, "જ્યારે કામ ન હોય ત્યારે અમે લોકો પાસે મદદ માંગવા જઈએ છીએ, ત્યારે બીજાના સુંદર ઘરો જોઈને મનમાં થાય કે કાશ, આવું ઘર આપણું પણ હોય..."

તેમનું સ્વપ્ન બહુ મોટું નહોતું. બે રૂમ, રસોડું અને નાનું ટોયલેટ-બાથરૂમ ધરાવતું એક સાદું પરંતુ પોતાનું ઘર.

સરકારમાંથી મળતી રકમમાંથી આવું ઘર પૂર્ણ કરવું મુશ્કેલ હતું. મદારી પરિવારો પોતાની ક્ષમતા મુજબ સહયોગ આપવા તૈયાર થયા, પરંતુ બાકી રહેલી જરૂરિયાત માટે VSSM દ્વારા KRSFને મદદની વિનંતી કરવામાં આવી.

ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) જાણે છે કે, વંચિત પરિવારો માટે ઘર એ સન્માન, સુરક્ષા અને ભવિષ્યનો આધાર છે. તેથી જ આ પરિવારોના સ્વપ્નને સાકાર કરવા માટે ફાઉન્ડેશને તરત સહયોગ આપવાનો નિર્ણય કર્યો. આ કાર્યમાં VSSMના અન્ય સહયોગીઓ પણ પોતાની ભૂમિકા ભજવી રહ્યા છે.

આજે આનંદની વાત છે કે આ સહિયારા પ્રયાસોથી મદારી પરિવારોની એક આખી પેઢીને ભટકતા જીવનમાંથી સ્થિર અને સન્માનભર્યા જીવન તરફ લઈ જવાની શરૂઆત થઈ છે. ઘરના બાંધકામ પહેલાં માનનીય મંત્રીશ્રી રમણભાઈના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું અને હવે આ પરિવારોના નવા ઘરોનું નિર્માણ શરૂ થઈ ગયું.

અમને આનંદ છે કોઈના માથે પાકી છત અપાવવામાં નિમિત્ત બન્યાનો.




*૧૩ મદારી પરિવારોના ઘરો જ્યાં બંધાવાના એ જગ્યાનું ભૂમિપૂજન કરતા મંત્રીશ્રી રમણભાઈ સોલંકી તેમજ ધારાસભ્ય શ્રી અમારા આદરણીય શ્રી ભગવાનદાસ પંચાલ (કાકા) ને અન્ય આગેવાનોને અમારા મદારી પરિવારો*




*પોતાના પાક્કા ઘર બાંધવાના એહારખ સાથે ભૂમિપૂજન કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મદારી પરીવારોને એમના સગાવ્હાલા*

# રઝળપાટભર્યા જીવનમાંથી પોતાના સરનામા સુધીની સફરમાં KRSF ને નિમિત્તનો આનંદ



*૨૧ ગાડલીયા પરિવારોના ઘા જ્યાં બંધાવાના તે જગ્યાનું ભૂમિપૂજન કરતા ધારાસભ્ય શ્રી દુર્લભજી ભાઈ દેથલીયા*

મોરબીના હરબટિયાળી ગામમાં રહેતા ૨૧ ગાડલિયા પરિવારોની જીવનયાત્રા વર્ષોથી સંઘર્ષ અને વિચરણથી ભરેલી હતી. ગાડામાં પોતાનો મર્યાદિત સામાન લઈને ગામે ગામ ફરવું, જ્યાં કામ મળે ત્યાં થોડા દિવસ રોકાવું અને ફરી નવી જગ્યાએ નીકળી પડવું. આ જ તેમનું જીવન હતું.

સદીઓથી ચાલતા આવેલા આ ભટકતા જીવનને કારણે આ પરિવારો પાસે પોતાનું કહી શકાય એવું કાયમી સરનામું નહોતું. ઓળખના આધાર પુરાવા નહોતા અને તેના અભાવે તેઓ અનેક મૂળભૂત સુવિધાઓથી પણ દૂર રહ્યા હતા. શિક્ષણની સ્થિતિ પણ ખૂબ પડકારજનક હતી. આ ૨૧ પરિવારોમાં મોટા ભાગના વડીલોએ ક્યારેય શાળાનું પગથિયું જોયું નહોતું અને નવી પેઢીમાં પણ શિક્ષણનો પ્રવેશ હજુ ખૂબ મર્યાદિત હતો.

પરંતુ બદલાવની શરૂઆત ત્યારે થઈ, જ્યારે KRSFની સાથી સંસ્થા VSSM આ પરિવારો સુધી પહોંચી. સંસ્થાના પ્રયત્નોથી તેમને પોતાની ઓળખ મેળવવા માટે જરૂરી દસ્તાવેજો મળ્યા અને સૌથી મહત્વપૂર્ણ, સ્થાયી વસવાટ માટે રહેણાંકના પ્લોટ પણ મળ્યા.

પોતાનો પ્લોટ મળ્યો એટલે વર્ષોથી જોયેલું પોતાના ઘરનું સ્વપ્ન હવે સાકાર થવાની આશા જાગી. પરંતુ ઘર બનાવવું એટલું સરળ નહોતું. સરકાર તરફથી મળતી સહાયમાં સંપૂર્ણ પાકું ઘર બનાવવું શક્ય ન હતું. પરિવારોની આ

સ્થિતિને સમજીને VSSM દ્વારા ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF)ને સહયોગ માટે વિનંતી કરવામાં આવી.

KRSF માટે આ માત્ર ઘર બાંધવાનો પ્રશ્ન નહોતો, પરંતુ એક આખા સમુદાયને સ્થિરતા અને સન્માનભર્યું જીવન આપવાનો પ્રયાસ હતો. છેવાડે વસતા અને જેમના સુધી ઘણી વખત મદદ પહોંચતી નથી, એવા પરિવારોના જીવનમાં પરિવર્તન લાવવું એ ફાઉન્ડેશનના કાર્યનો મહત્વપૂર્ણ ભાગ. તેથી જ આ પરિવારોના ઘરના સ્વપ્નને સાકાર કરવા માટે KRSFએ સહયોગ આપવાનો નિર્ણય કર્યો.

આ ઘરોના નિર્માણની શરૂઆત પહેલાં ભૂમિપૂજન કરવામાં આવ્યું, જેમાં સ્થાનિક ધારાસભ્ય શ્રી દુર્લભજીભાઈ દેથરિયાની ઉપસ્થિતિ રહી અને ત્યારબાદ નવા ઘરોના બાંધકામની શરૂઆત થઈ.

આજે જ્યારે આ પરિવારો પોતાના ઘરના સપનાને સાકાર થતા જોઈ રહ્યા છે, ત્યારે આ માત્ર ઈંટ અને સિમેન્ટનું બાંધકામ નથી, પરંતુ એક નવી જિંદગીની શરૂઆત છે. ઘર મળશે તો બાળકોને સ્થિરતા મળશે, શિક્ષણ માટે અનુકૂળ વાતાવરણ મળશે અને ધીમે ધીમે આખી પેઢીનું જીવન બદલાશે.

અમે માનીએ છીએ કે સુખ વહેંચવાથી વધે છે. કોઈ પરિવારના જીવનમાં સુખનું એક નાનું કારણ બનવું પણ આપણા માટે ગૌરવની વાત છે. ગાડલિયા પરિવારોના જીવનમાં આજે ઘર રૂપે આશાનો સૂર્ય ઊગ્યો છે. એક એવું ઘર, જે માત્ર છત નહીં આપે, પરંતુ ઓળખ, સુરક્ષા અને ઉજ્જ્વળ ભવિષ્યનો માર્ગ પણ ખોલશે ને અમે એમાં નિમિત્ત બન્યા એનો રાજીપો..







*નવઘણભાઈ કહે એમ "અમે ક્યારેય વિચાર્યું નહોતું કે અમારા ઘર થશે. પણ ભગવાને અમારી સામે જોયું."*
*ભૂમિપૂજન કાર્યક્રમમાં ઉપસ્થિત ૨૧ ગળાલીયા પરિવારો અને તૈયાર થઈ રહેલું ઘર*

# 350 ની વસતિ ધરાવતું ગામ. અહીં એક પણ દીકરી છ પાસ નથી ને એક પણ દીકરો દસ પાસ નથી



૯૫ પરિવારોના ઘર જ્યાં બાંધવાના એ જમીનનું ભૂમિપૂજન કરતા મંત્રી શ્રી પ્રવીણભાઈ માળી, ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ અને અન્ય આગેવાનો તેમજ ફૂલવાદી પરિવારો

બનાસકાંઠાનું કાકર ગામ, એમાંય આ 'ધૂડાનગર'. નામ જેવી જ જાણે સ્થિતિ. ફૂલવાદી સમુદાયના ૩૫૦થી વધુ પરિવારો અહીં વસે.

સાપના ખેલ બતાવવા એ એમનો પરંપરાગત વ્યવસાય, પણ સમય બદલાયો અને ખેલ બંધ થયા. હવે ખેતમજૂરી થકી પેટિયું રળે.

આ પરિવારોએ સદીઓ સુધી રઝળપાટ વેઠ્યો. કાચા છાપરામાં ટાઢ, તડકો અને વરસાદ સહન કર્યો પણ હવે એમના જીવનમાં એક નવો સૂર્યોદય થવા જઈ રહ્યો છે.

થોડા સમય પહેલા ધૂડાનગરમાં એક ઐતિહાસિક 'ભૂમીવંદના'નો કાર્યક્રમ યોજાયો. આ ભૂમીવંદના માત્ર જમીનની નહોતી, પણ આ પરિવારોના સન્માન અને સ્થિરતાની હતી.

KRSF ની સાથી સંસ્થા VSSM ના માધ્યમથી રાજ્ય સરકારે ૯૪ પરિવારોને પ્લોટ ફાળવ્યા અને 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના' હેઠળ ૧.૭૦ લાખની સહાય આપી.

પણ આપણે સૌ જાણીએ છીએ કે આજના મોંઘવારીના સમયમાં આટલી રકમમાં ઘર ન બને.

KRSF અને VSSM સાથે સંકળાયેલા અન્ય સ્વજનો સાથે મળીવને આ પરિવારોને પાક્કા ઘરમાં લઈ જશે. આ ભૂમીવંદના પ્રસંગે મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી, ધારાસભ્યશ્રી




*ભૂમિપૂજન કાર્યક્રમ પછી આયોજિત સભામાં ઉપસ્થિત ફૂલવાદી પરિવારો અને તેમનું તૈયાર થઈ રહેલું ઘર*

કેશાજી ચૌહાણ અને વહીવટીતંત્રના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

પ્રવિણભાઈએ તો ખૂબ લાગણીથી આ પરિવારોની વસાહતને હરિયાળી કરવામાં મદદ કરવા કહ્યું. સાથે બાળકોને શિક્ષીત કરવા પર પણ ભાર મુક્યો.

સૌથી સુંદર દશ્ય તો એ હતું કે જે ફૂલવાદી દીકરીઓ ક્યારેય શાળાના પગથિયાં નથી ચઢી, એ દીકરીઓ આજે આશાભરી નજરે આ ભૂમિપૂજનમાં બેઠી હતી.

ગરીબ માણસ માટે ઘર એ માત્ર ઈંટો અને સિમેન્ટનું માળખું નથી, એ એની સુરક્ષાની દીવાલ છે.

રઝળતા સમુદાયોને જ્યારે પોતાનું આંગણું મળે, ત્યારે તે આશીર્વાદની જાણે વર્ષા વરસાવે. આ આશિષ મેળવી શક્યા એ માટે ઈશ્વરનો આભાર.

જે ભૂમી પર આ પરિવારોના ઘરો બંધાશે. ત્યાં માત્ર દીવાલો નહીં ચણાય, પણ ફૂલવાદી સમુદાયના બાળકોના ભવિષ્યના સપનાઓ પણ ચણાશે.

દરેક માણસને પોતાનું ઘર હોય ને ઘરમાં રહેતા દરેક બાળકના ભણતરનો દીવો એમના ઘરના ઉંબરે સતત પ્રગટ્યા કરે એવી અભ્યર્થના.





*ભૂમિપૂજન કાર્યક્રમ પછી ફૂલવાદી વસાહત નજીક આવેલા VSSM સંચાલિત શ્રીમતી વિરાબહેન મેઘજીભાઈ શાહ (ચંદેરીયા) છાત્રાલયણી મુલાકાતે મંત્રી શ્રી, ધારાસભ્ય શ્રી તેમજ અન્ય સન્માનિત ગણ*

## KRSF થકી જે પરિવારોના ઘર બાંધાવાના એમની વિગતો

| જીલ્લો | બાંધેલા ઘરની સંખ્યા |
|---|---|
| બનાસકાંઠા | ૮૩ |
| મોરબી | ૨૦ |
| ખેડા | ૧૩ |
| **કુલ** | **૧૧૬** |

## KRSF અને VSSM સાથે મળીને સાકાર થયેલા ઘરોનાં સપનાઓ...








# સ્વાવલંબન : આત્મસન્માન તરફનું પ્રથમ પગલું

માણસના જીવનમાં શિક્ષણ જેટલું જ મહત્વ આર્થિક સ્વાવલંબનનું. જ્ઞાન વ્યક્તિને વિચારવાની અને આગળ વધવાની શક્તિ આપે છે, જ્યારે આર્થિક સક્ષમતા તેને પોતાના નિર્ણય જાતે લેવાની અને સન્માન સાથે જીવન જીવવાની શક્તિ આપે છે.

એક વ્યક્તિ જ્યારે પોતાના પગ પર ઊભી થાય છે, ત્યારે માત્ર તેનું જ જીવન બદલાતું નથી, પરંતુ સમગ્ર પરિવારનું ભવિષ્ય બદલાય છે. રોજગાર અને આવકનું સ્થાયી સાધન મળે ત્યારે પરિવારમાં આત્મવિશ્વાસ વધે છે, બાળકોના શિક્ષણમાં સ્થિરતા આવે છે, આરોગ્ય અને જીવનની અન્ય જરૂરિયાતો પૂરી કરવાની ક્ષમતા વધે છે અને વ્યક્તિ સમાજમાં ગૌરવભેર જીવી શકે છે.

ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) માને છે કે સાચો વિકાસ ત્યારે જ શક્ય બને, જ્યારે વ્યક્તિ જ્ઞાન સાથે કૌશલ્ય અને આર્થિક સક્ષમતા પણ મેળવે. તેથી જ ફાઉન્ડેશનના કાર્યમાં શિક્ષણની સાથે આજીવિકા અને સ્વાવલંબનને પણ વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે.

જે શાળાઓમાં KRSF બાળકોના શિક્ષણ માટે કાર્ય કરે છે, ત્યાં માત્ર પાઠ્યપુસ્તકનું જ્ઞાન પૂરતું ન રહે, પરંતુ બાળકોમાં જીવન ઉપયોગી કૌશલ્યો વિકસે તે માટે વિવિધ વ્યવસાયિક તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવે છે.

સાથે, સમાજના એવા યુવક યુવતીઓ અને પરિવારો કે જેઓ મહેનત કરવા તૈયાર છે પરંતુ આર્થિક સંસાધનોના અભાવે પોતાનો વ્યવસાય શરૂ કરી શકતા નથી, તેમને પણ ફાઉન્ડેશન દ્વારા સહયોગ આપવામાં આવે છે. ધંધા-રોજગાર માટે જરૂરી મૂડી મળી રહે તે માટે લોન અને માર્ગદર્શન દ્વારા તેમને પોતાના પગ પર ઊભા થવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

KRSFનો વિશ્વાસ છે કે મદદ એવી હોવી જોઈએ જે વ્યક્તિને લાંબા ગાળે સક્ષમ બનાવે. કોઈને માત્ર સહારો આપવો નહીં, પરંતુ તેને એટલો મજબૂત બનાવવો કે તે પોતે આગળ વધે અને અન્ય લોકો માટે પણ પ્રેરણા બને. જ્યારે એક વ્યક્તિ સ્વાવલંબી બને છે, ત્યારે એક પરિવાર મજબૂત બને છે અને અનેક પરિવારો સાથે મળીને એક સશક્ત સમાજનું નિર્માણ કરે છે.

**દાન એક દિવસનો સહારો આપે છે,**
**પણ સ્વાવલંબન આખા જીવનનો આધાર બને છે.**
**એટલે મદદ એવી કરીએ,**
**જે વ્યક્તિને જીવનભર સશક્ત બનાવે.**

સ્વાવલંબન કાર્યક્રમ અંતર્ગત કેટલીક પ્રેરણાદાયી સફરની વાતો

# 31 શાળાઓમાં 1,625 વિદ્યાર્થીઓને ભણતરની સાથે વિવિધ વ્યવસાયિક તાલીમ આપવામાં આવી



*૩૧ શાળાઓમાં ૧,૬૨૫ વિદ્યાર્થીઓને નિયમિત ભણતરની સાથે સોલાર ટેકનોલોજી, ઈલેક્ટ્રિશિયન અને પ્લમ્બિંગ જેવી પાયાની વ્યવસાયિક તાલીમ આપવામાં આવી રહી છે.*

દુનિયાના ઘણા બધા દેશોમાં ઘરના નાના-મોટા કામ જેવા કે પ્લમ્બિંગ, ઈલેક્ટ્રિક રિપેરિંગ કે સુથારી કામ માટે આપણી જેમ અર્બનકંપનીમાં ફોન કરે ને વ્યક્તિ હાજર થઈ જાય એવું હોતું નથી. ત્યાં આ પ્રકારની સ્કીલવાળા માણસોનો અભાવ છે, જેઓ આ કામ કરે તેઓ મહેનતાણું પણ મોટું માંગે એટલે ત્યાં શાળાના સ્તરથી જ બાળકોને 'વોકેશનલ ટ્રેનિંગ' (વ્યવસાયિક તાલીમ) આપવામાં આવે. જેથી, દરેક વ્યક્તિ પોતાની પાયાની જરૂરિયાતો માટે કોઈના પર 'ઓશિયાળું' રહેવાને બદલે પોતે જ સક્ષમ બને.

આપણા દેશમાં વસતિ વધારે છે પણ સ્કીલવાળા માણસોનો અભાવ જોવા મળે છે, જેના લીધે નાની સમસ્યા માટે પણ અન્ય પર નિર્ભર રહેવું પડે છે. વળી, દરેક બાળક ભણીને મોટી સરકારી કે ખાનગી નોકરી મેળવે તે શક્ય નથી. આવામાં જો બાળકમાં કોઈ ચોક્કસ કૌશલ્ય હોય, તો તે સન્માનપૂર્વક પોતાનો વ્યવસાય શરૂ કરી રોજીરોટી મેળવી શકે છે.

આ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) દ્વારા એક ક્રાંતિકારી અભિયાન શરૂ કરવામાં આવ્યું. સંસ્થા બાળકોના અક્ષરજ્ઞાનની સાથે સાથે તેમના 'સર્વાંગી વિકાસ'માં માને. એટલે જ ૩૧ શાળાઓમાં ૧,૬૨૫ વિદ્યાર્થીઓને નિયમિત



*બાળક શાળામાંથી બહાર નીકળે ત્યારે તેની પાસે માત્ર ડિગ્રી જ નહીં,*
*પણ એક એવું 'હુન્નર' હોય જેના જોરે તે દુનિયામાં ક્યાંય પાછો ન પડે.*

ભણતરની સાથે સોલાર ટેકનોલોજી, ઈલેક્ટ્રિશિયન અને પ્લમ્બિંગ જેવી પાયાની વ્યવસાયિક તાલીમ આપવામાં આવી રહી છે. ભવિષ્ય સૌર ઊર્જાનું છે, ત્યારે બાળકોને અત્યારથી જ આ ક્ષેત્રે સજ્જ કરવામાં આવી રહ્યા છે, સાથે જ વીજળીના ઉપકરણો અને નળ-પાણીની લાઈનોનું સમારકામ પણ પ્રેક્ટિકલ રીતે શીખવવામાં આવે છે.

આ તાલીમનું બહુ સુંદર પરિણામ આવ્યું છે. આ નાના બાળકો હવે પોતાની શાળા કે ઘરમાં ઊભી થતી નાની-મોટી ટેકનિકલ ખામીઓ જાતે જ સુધારતા થઈ ગયા છે અને આનાથી તેમના આત્મવિશ્વાસમાં અદ્ભુત વધારો થયો છે.

ભારત સરકારની 'નવી શિક્ષણ નીતિ' (NEP) માં પણ કૌશલ્યવર્ધક શિક્ષણ પર જ ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. KRSF આ નીતિને વાસ્તવિક ધરાતલ પર ઉતારવાનું ભગીરથ કામ કરી રહ્યું છે. ફાઉન્ડેશનનું લક્ષ્ય છે કે બાળક શાળામાંથી બહાર નીકળે ત્યારે તેની પાસે માત્ર ડિગ્રી જ નહીં, પણ એક એવું 'હુન્નર' હોય જેના જોરે તે દુનિયામાં ક્યાંય પાછો ન પડે.

આશા રાખીએ કે રાજ્યની દરેક શાળા બાળકમાં છુપાયેલી પ્રતિભાને ઓળખે અને જે રીતે KRSF બાળકોના ભવિષ્યને નવી દિશા આપી રહ્યું છે, તે રીતે આખું શિક્ષણ જગત પ્રેરણા લે.

**પુસ્તકોમાંથી જ્ઞાન મળે છે,**
**પણ હુન્નર જીવન જીવવાની શક્તિ આપે છે.**
**એટલે ભણતર સાથે વ્યવસાયિક તાલીમ પણ**
**દરેક બાળકનો અધિકાર બનવી જોઈએ.**

# પોતાના ઘરનું અજવાળું જાતે કર્યું




*લાઇટ ફિટિંગ, ઘરનું વાયરિંગ અને બગડેલા સ્વિચબોર્ડ રિપેર કરવાની તાલીમ સરળ અને પ્રેક્ટિકલ રીતે શીખવવામાં આવતી હતી.*

આપણી આસપાસ જ્યારે પણ ઉનાળાની લાંબી રજાઓ પડે, ત્યારે મોટાભાગના યુવાનો શું કરતા હોય છે? કાં તો ટીવી જોવામાં આખો દિવસ કાઢી નાખે, કાં તો મોબાઇલમાં રીલ્સ સ્ક્રોલ કર્યા કરે અને કાં પછી મિત્રો સાથે ગામના ચોરે રખડવામાં જ સમય બગાડે. પણ જો એ જ નવરાશના દિવસોમાં કોઈના હાથને એક સરસ સ્કીલ મળી જાય, તો એ રજાઓ ખાલી સમય પસાર કરવાનું સાધન નથી રહેતી.

ડૉ.કે. આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) દ્વારા નેત્રામલી હાઈસ્કૂલમાં આવું જ એક અનોખું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં KRSF ના વિકાસભાઈ કાપડિયા અને સચીનભાઈ ઠાકોરે નિવૃત્ત એન્જિનિયર ચંદ્રવદનભાઈ શાહના નેતૃત્વ હેઠળ વિદ્યાર્થીઓ માટે વોકેશનલ ટ્રેનિંગનું આયોજન કર્યું હતું. ચંદ્રવદનભાઈ શાહ KRSF સાથે જોડાઈને નિઃશુલ્ક રીતે પોતાના જ્ઞાન અને અનુભવથી વિદ્યાર્થીઓને વોકેશનલ ટ્રેનિંગ આપે છે.

આ એક વ્યવસાયિક તાલીમ (વોકેશનલ ક્લાસ) હતી. એનો મુખ્ય હેતુ બહુ મોટો નહોતો, બસ એટલો જ હતો કે ગામના યુવાનોને રોજબરોજની જિંદગીમાં કામ લાગે તેવી પ્રેક્ટિકલ આવડત આવડી જાય. આ તાલીમમાં પાનોલ ગામનો જ એક ઉત્સાહી યુવાન મુકેશભાઈ ઠાકોર પણ જોડાયા.

આ ક્લાસમાં કોઈ મોટી-મોટી ચોપડીઓ નહોતી ભણાવવાની, પણ લાઈટ ફિટિંગ કેવી રીતે કરવું, ઘરનું વાયરિંગ કેમ થાય અને બગડી ગયેલા સ્વિચબોર્ડ કઈ રીતે સુધારવા,



*મુકેશભાઈએ કોઈની રાહ ન જોઈ. જાતે નવી સ્વિચો ખરીદી લાવ્યા અને ક્લાસમાં શીખેલી પદ્ધતિથી આખું કામ પોતાના હાથે જ પૂર્ણ કર્યું.*

એ બધું જ સાવ સરળ અને દેશી ભાષામાં પ્રેક્ટિકલ કરીને શીખવાડવામાં આવતું હતું.

તાલીમ પૂરી થઈ અને હજુ તો થોડા જ દિવસો થયા ત્યાં જ મુકેશભાઈના ઘરે એક નાની મુસીબત આવી ગઈ.

ઘરના સ્વિચબોર્ડ અચાનક બગડી ગયા. હવે જો જૂનો સમય હોત, તો મુકેશભાઈએ ગામમાં કોઈ ઈલેક્ટ્રિશિયનને શોધવા દોડવું પડત, એ ભાઈ ક્યારે નવરા થઈને આવશે તેની વાટ જોવી પડત અને ઉપરથી ખિસ્સાના પૈસા પણ ખરચવા પડત.

પણ આ વખતે મુકેશભાઈએ કોઈની રાહ ન જોઈ. તેઓ પોતે બજારમાં ગયા, નવી સ્વિચો ખરીદી લાવ્યા અને ક્લાસમાં જે રીતે હાથોહાથ શીખ્યા હતા, બરાબર એ જ પદ્ધતિથી આખું કામ પોતાના હાથે જ પૂરું કર્યું. બધું ફિટિંગ થઈ ગયા પછી જ્યારે તેમણે પહેલી સ્વિચ પાડી અને આખા ઘરમાં ઝગમગાટ અજવાળું થયું, ત્યારે એ પ્રકાશની સાથે મુકેશભાઈના ચહેરા પર જે હરખ અને સંતોષ હતો.

જ્ઞાન જ્યારે ખાલી મગજમાં ભરાઈ રહેવાને બદલે માણસના હાથ સુધી પહોંચે છે ને, ત્યારે જ વ્યક્તિ સાચા અર્થમાં આત્મનિર્ભર બને છે. KRSF ની આ નાની લાગતી પહેલ આજે મુકેશભાઈ જેવા કેટલાય યુવાનોના જીવનમાં આત્મવિશ્વાસનું નવું અજવાળું પાથરી રહી છે.

**બીજાના સહારે ચાલનારનું અંતર ક્યારેય ઘટતું નથી,**
**પોતાના પગે ચાલનાર એક દિવસ મંઝિલ સુધી જરૂર પહોંચે છે.**

# 4000 ઉપરાંત પરિવારોને સ્વાવલંબી બનાવવામાં નિમિત્ત બન્યાનો હરખ



*હીરા ઉદ્યોગમાં મંદી આવતાં અઠવાડિયામાં માત્ર ચાર દિવસ કામ મળતું, અને પરિવારનું ગુજરાન ચલાવવું મનીષભાઈ માટે મોટો પડકાર બની ગયો.*

હીરા ઘસવાનું કામ કરતા સૌરાષ્ટ્રના મનીષભાઈ કહાની બહુ રોચક છે. એક વખતે હાથમાં કામ ન હોવાના કારણે એ જગતથી હારી ગયેલા, આજે એમની પોતાની દુકાન છે ને સારી કમાણી કરી રહ્યા છે.

માણસને જ્યારે પરિસ્થિતિ ચારેય તરફથી ઘેરી લે, ત્યારે કાં તો એ હારી જાય ને કાં તો એ લડી લે. હારી જનારને કશું કરવાનું ન હોય પણ લડવા તૈયાર થનારને ઘણીવાર એક નાનકડા ટેકાની જરૂર પડે. અમરેલીના બગસરા પંથકમાં રહેતા મનીષભાઈની વાર્તા પણ કંઈક આવી જ છે.

મનીષભાઈ હીરા ઘસવાનું કામ કરે. પણ સમય બદલાયો ને બગસરામાં આવેલી હીરાની ઘંટીઓ સળંગ ચાલતી બંધ થઈ. અઠવાડિયામાં ચાર દિવસ કામ ચાલે ને ત્રણ દિવસ ફરજિયાત રજા! આવા સમયે ઘર કેમ ચલાવવું? એ પ્રશ્ન રોજ રાતે તેમને ઊંઘવા ન દે.

મનમાં મૂંઝાતા મનીષભાઈને રસ્તો જડે નહીં. વળી, બગસરાના શાપરમાં ખેતી ખરી, પણ એ ખેતીમાં કંઈ બારે મહિના રોજગારી ન મળે. ઉનાળામાં તો ખેતરો પાછા સૂકાભઠ્ઠ. આવામાં મનીષભાઈ કાંઈક નવું કરવાનું વિચાર્યા કરે પણ એમની પાસે એ માટે મૂડી નહીં.

"કામ કરનારા કદી નવ થાકતા,
મુશ્કેલીઓથી એ કદી નવ ભાગતા;
રાહ જો ખુદ ના જડે તો શું થયું? એ તો
નવો જ રસ્તો કંડારતા."

KRSFની સાથી સંસ્થા VSSM આ વિસ્તારમાં વર્ષોથી સેવાકાર્યો કરે. સાપરમાં

પણ અમે ઘણા લોકોને સ્વમાનભેર જીવી શકે એ માટે અમારા સ્વાવલંબન કાર્યક્રમ અંતર્ગત સહાય આપીને પગભર કર્યા. મનીષભાઈના કાને આ વાત પહોંચી. એમણે પંચરની દુકાન કરવા માટે KRSF પાસે લોનની માંગણી કરી. અમે એમને રૂ. ૩૦,૦૦૦ ની સ્વાવલંબન સહાય આપી. મનીષભાઈએ દુકાન શરૂ કરી ને એમની મહેનતના જોરે ધંધો સરસ ચાલી નીકળ્યો.

માણસમાં સાચી ધગશ હોય તો ગમે એવી પરિસ્થિતિમાં એને નવા-નવા રસ્તા સૂઝવા માંડે. મનીષભાઈએ પોતાની જાતને માત્ર ટાયર પંચર કરવા સુધી સીમિત ન રાખી. એમણે જોયું કે ગામના ખેડૂતોને બોરવેલ રિપેરિંગ ને અન્ય કામો માટે વારંવાર બજાર સુધી દોડવું પડે છે. બસ, એમણે દુકાનમાં જ એને લગતો જરૂરી સામાન રાખવાનું શરૂ કર્યું. પરિણામે એમનો દૈનિક વકરો વધ્યો.



*KRSFની સ્વાવલંબનની પહેલથી આજે ૪૨૧૮થી વધુ પરિવારો ગૌરવભેર પોતાના પગ પર ઊભા છે.*

પણ વાત માત્ર કમાણી કરવાની નથી, કમાણી પચાવવાની પણ છે. માણસ કમાણી કરે, નફો કરે પણ જો આવ્યું એટલું વાપરી નાખે તો જિંદગીની ગાડી આગળ ન વધે. મનીષભાઈ સમજુ હતા. એમણે નાની-નાની બચત ભેગી કરીને પોતાની સરસ દુકાન ઊભી કરી દીધી. પોતાના જ માદરે વતનમાં, પરિવારની વચ્ચે રહીને સારો નફો આપતી કમાણી એમને મળી ગઈ.

હમણાં એમણે બીજી રૂ. ૩૦,૦૦૦ ની લોન આપવા માટે કહ્યું.

અમે આશ્ચર્ય સાથે પૂછ્યું, "મનીષભાઈ, હવે તો દુકાન સરસ ચાલે છે, હવે નવી લોન લઈને શું કરશો ?"

ત્યારે મનીષભાઈએ જે જવાબ આપ્યો, એ સાંભળીને આમ હરખાઈ જવાયું.

એમણે કહ્યું, "બહેન, મારી આ પંચરની દુકાન જે સાંજના એટલે કે ૫ વાગ્યે બંધ થઈ જાય. પાંચ વાગ્યા પછી હું જો દુકાનમાં જ એક ઘરઘંટી નાખી દઉં, તો રાતના ૯ વાગ્યા સુધી અનાજ દળવાનું કામ કરી શકું! એનાથી મારી આવક વધી જશે ને સમયનો પણ સદુપયોગ થશે."

આમ તો માણસમાં મહેનત કરવાની ભૂખ જાગે ને એમાં સફળતા મળવા માંડે તો એનામાં આત્મવિશ્વાસનો એવો દીવો પ્રગટે ને એને અંધારામાં પણ નવા રસ્તા જડી જાય.

KRSFની લોકોને સ્વાવલંબી બનાવવાની આ નાનકડી પહેલથી આજે મનીષભાઈ જેવા ૪૨૧૮ થી વધુ પરિવારો પોતાના પગ પર ઊભા થઈને ગૌરવભેર જીવન જીવી રહ્યા છે. આવા શુભકાર્યમાં ઈશ્વરે અમને નિમિત્ત બનાવ્યા એનો રાજીપો.

# સ્વાવલંબન કાર્યક્રમ અંતર્ગત સ્વમાનભેર રોજી રળતા કરેલા પરિવારોની વિગતો

| વિસ્તાર | જીલ્લાઓ | લોનની સંખ્યા | આપેલ લોનની કિંમત |
|---|---|---|---|
| મધ્ય ગુજરાત | ૬ જિલ્લા | ૯૪૨ લોન | ₹ ૨૯૮.૦૦ લાખ |
| ઉત્તર ગુજરાત | ૭ જિલ્લા | ૧,૯૦૦ લોન | ₹ ૫૪૦.૬૭ લાખ |
| સૌરાષ્ટ્ર | ૮ જિલ્લા | ૧,૦૭૭ લોન | ₹ ૩૯૭.૯૮ લાખ |
| દક્ષિણ ગુજરાત | ૪ જિલ્લા | ૩૪૯ લોન | ₹ ૭૩.૭૦ લાખ |
| કચ્છ | ૧ જિલ્લો | ૪૧ લોન | ₹ ૧૦.૧૦ લાખ |
| કુલ | ૨૬ જિલ્લા | ૪,૩૦૯ લોન | ₹ ૧૩૨૦.૪૫ લાખ |







*૨૬ જિલ્લાઓમાં ૪,૩૦૯ લોકોને વગર વ્યાજની લોન આપીને પગભર કર્યા*

# વૃક્ષો - આવનારી પેઢીનો અમૂલ્ય વારસો

## ૮,૩૩,૧૮૨ વૃક્ષોના ઉછેરમાં KRSF નિમિત્ત

પૃથ્વી પરનું જીવન પ્રકૃતિ સાથે જોડાયેલું છે અને પ્રકૃતિનું સંતુલન જાળવવામાં વૃક્ષોની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ છે. વૃક્ષો માત્ર હરિયાળી વધારવાનું કામ નથી કરતા, પરંતુ તે આપણને શ્વાસ માટે શુદ્ધ હવા આપે છે, પાણીનું સંરક્ષણ કરે છે, જમીનની ફળદ્રુપતા જાળવે છે અને અસંખ્ય જીવ-જંતુઓ, પક્ષીઓ અને પ્રાણીઓનું જીવન ટકાવી રાખે છે.

આજના સમયમાં ઝડપથી ઘટતું જતું ગ્રીન કવર (Green Cover) ચિંતાનો વિષય બન્યું છે. વધતું શહેરીકરણ, ઔદ્યોગિકીકરણ અને કુદરતી સંપત્તિના અતિશય ઉપયોગને કારણે પર્યાવરણનું સંતુલન ખોરવાઈ રહ્યું છે. હવામાન પરિવર્તન, વધતું તાપમાન, અનિયમિત વરસાદ અને પાણીની સમસ્યાઓ જેવી અનેક મુશ્કેલીઓ સામે લડવા માટે વધુને વધુ વૃક્ષો વાવવા અને ઉછેરવા જરૂરી બન્યા છે.

ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) માને છે કે વૃક્ષારોપણ માત્ર એક દિવસની પ્રવૃત્તિ નથી, પરંતુ આવનારી પેઢીઓ માટેની લાંબા ગાળાની જવાબદારી છે. તેથી જ ફાઉન્ડેશન વૃક્ષો વાવવા સાથે તેના ઉછેર અને સંરક્ષણને પણ એટલું જ મહત્વ આપે છે.

KRSFની વિશેષતા એ છે કે પર્યાવરણ પ્રત્યેનો પ્રેમ માત્ર મોટા અભિયાન પૂરતો મર્યાદિત ન રહે, પરંતુ બાળપણથી જ બાળકોના સંસ્કારમાં વણાય. તેથી જ જે શાળાઓમાં ફાઉન્ડેશનના શિક્ષકો કાર્ય કરે છે, ત્યાં બાળકોને વૃક્ષો સાથે જોડવાના વિવિધ પ્રયાસો કરવામાં આવે છે. શાળાઓમાં નાની નર્સરીઓ તૈયાર કરવી, બાળકોને વૃક્ષો ઉછેરવાની જવાબદારી આપવી અને તેમને પ્રકૃતિ સાથે સીધો સંબંધ અનુભવાય તેવા પ્રયાસો કરવામાં આવે છે.

બાળકોને માત્ર પુસ્તકમાં પર્યાવરણનો પાઠ ભણાવવામાં આવતા નથી, પરંતુ તેમને જંગલ અને કુદરતી સ્થળોના પ્રવાસ કરાવવામાં આવે છે, જ્યાં તેઓ વૃક્ષોનું મહત્વ, જૈવ વૈવિધ્ય અને પ્રકૃતિનું સંતુલન પોતાની આંખે જોઈ શકે.

KRSF પોતાની સાથી સંસ્થા VSSM સાથે મળીને ગામોની ઉજ્જડ, બિનઉપયોગી અને ખરાબ જમીનોને પણ હરિયાળીથી સજાવવાના પ્રયાસો કરે છે. ગામની પડતર જમીન, ગૌચર, સ્મશાન અને કબ્રસ્તાન જેવી જગ્યાઓ પર વૃક્ષો વાવીને તેને હરિયાળા વિસ્તારોમાં પરિવર્તિત કરવામાં આવે છે. વૃક્ષો વાવ્યા પછી ચાર વર્ષ સુધી તેની યોગ્ય સંભાળ અને જાળવણી માટે જવાબદારીપૂર્વક વ્યવસ્થા કરવામાં આવે છે, જેથી આ વૃક્ષો મજબૂત બનીને ભવિષ્યની હરિયાળીનો આધાર બને.

અમારો વિશ્વાસ છે કે એક વૃક્ષ વાવવું એટલે માત્ર એક છોડ ઉછેરવો નહીં, પરંતુ આવનારા વર્ષો માટે જીવનનું સર્જન કરવું. આજે વાવેલું એક વૃક્ષ આવતીકાલે અનેક જીવોને છાંયો, શ્વાસ અને આશ્રય આપશે.KRSF આ જ ભાવના સાથે હરિયાળી, સ્વચ્છ અને સંતુલિત પૃથ્વી માટે સતત પ્રયત્નશીલ છે.

### હરિયાળા સંકલ્પની કેટલીક પ્રેરણાદાયી વાતો....

# વૃક્ષદેવની પ્રાણપ્રતિષ્ઠા : ધૂણસોલગામના હરિયાળા સંકલ્પથી, કૃષ્ણ વીણા ગ્રામવનના નિર્માણની વાત




*૮,૩૩,૧૮૨ વૃક્ષો... પ્રકૃતિ પ્રત્યેની પ્રતિબદ્ધતામાં KRSFનું એક નમ્ર નિમિત્ત.*

આખું ગામ ઉમટ્યું... આમ આ રીતે આખું ગામ ક્યારે ઉમટે? સામાન્ય રીતે કોઈ મેળો હોય, કોઈ મહાનુભાવ આવે કે કોઈ ધાર્મિક પ્રસંગ હોય તો ઉમટે...

પણ વાવ-થરાદના ધૂણસોલ ગામમાં આજે આખું ગામ એક એવા દેવના વધામણા કરવા ઉમટ્યું, જે બોલતા નથી... માંગતા નથી... છતાં આખી સૃષ્ટિને જીવન આપે, એવા વૃક્ષદેવના...સ્થાપન માટે સૌ ઉમટ્યા ને ૧ કિ.મી. થી વધુ ચાલ્યા.

છ મહિના પહેલાં ગામના યુવાનોએ અમને કહ્યું, "અમારે ગામના સ્મશાનને હરિયાળું બનાવવું છે. તમે અમારા સાથે જોડાવો."

આજકાલ "અમે આ કરીશું... અમે તે કરીશું..." એવી વાતો તો ઘણા કરે પરંતુ, વાતોને કર્મમાં ઉતારનારા બહુ ઓછા. ગામના યુવાન તેજાભાઈએ આજે હાથમાં બાલતરુ લઈને અમને કહ્યું,

"અમારે ફક્ત વાતો નહોતી કરવી... અમારે કરીને બતાવવું હતું. આજે તમે સૌ એના સાક્ષી છો."

સાચે જ... ધૂણસોલે કરીને બતાવ્યું.

ગાંડાબાવળથી ભરેલા સ્મશાનને ગામના યુવાનોએ દિવસ-રાત મહેનત કરીને સાફ કર્યું. સ્મશાન સુધી પાણી પહોંચાડ્યું. KRSFએ સાથી સંસ્થા VSSM ના સહયોગથી ખાડા

તૈયાર કર્યા, ડ્રીપની વ્યવસ્થા સિંચાઈ માટે ગોઠવી, તારફેન્સિંગ કર્યું. મહિના સુધીની તૈયારી પછી આજે એ ઐતિહાસિક ક્ષણ આવી.

ગામના શિવમંદિરેથી વૃક્ષદેવની શોભાયાત્રા નીકળી. ઢોલના તાલે... જયઘોષ વચ્ચે... વડીલો, યુવાનો, બહેનો અને બાળકો હાથમાં બાલતરુ લઈને લગભગ એક કિલોમીટર સુધી ચાલ્યા. દૃશ્ય એવું હતું કે જાણે કોઈ દેવની પ્રાણપ્રતિષ્ઠા માટે આખું ગામ નીકળ્યું હોય.

આ શોભાયાત્રામાં આ વિસ્તારના પ્રકૃતિ પ્રેમી ધારાસભ્ય શ્રી કેશાજી ચૌહાણ ને એમની સાથે અન્ય પદાધિકારીઓ પણ હાજર રહ્યા.

અમે સૌને એક વાત કહીયે, "મંદિરમાં ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા કરીએ ત્યારે શોભાયાત્રા ને મહોત્વ કરીએ તો પછી જીવતો-જાગતો દેવ એવા વૃક્ષનું સ્થાપન પણ એ જ ભાવથી કેમ ન કરીએ ?"

આજે કૃષ્ણવીણા ગ્રામવનમાં ૫૫૦૦ વૃક્ષદેવોનું સ્થાપન થયું. અમે ફક્ત વૃક્ષો નથી વાવ્યા...એને સંતાનની જેમ ઉછેરવાનો સંકલ્પ પણ લીધો. દરેક ગામના નસીબમાં આવો દિવસ આવતો નથી. ઈશ્વર જે ગામ પર કૃપા કરે, ત્યાં જ આવી ભાવના જન્મે. ધૂણસોલ એ રીતે ખરેખર નસીબદાર.

KRSF ના હરિયાળા યજ્ઞ થકી અત્યાર સુધી લાખો વૃક્ષો વવાઈ ચૂક્યાં છે અને અનેક ઉજ્જડ જગ્યાઓ આજે હરિયાળા વૃક્ષમંદિરોમાં પરિવર્તિત થઈ છે.

અમારા પ્રતુલભાઈની એક વાત અમને ખૂબ સ્પર્શે તેઓ કહે, "આવનારી પેઢીને માત્ર સંપત્તિ નહીં, પણ શ્વાસ લઈ શકે એવું હરિયાળું પર્યાવરણ પણ વારસામાં આપવું જોઈએ. વૃક્ષો વાવવાથી માત્ર માણસને નહીં, અસંખ્ય પક્ષીઓ, પ્રાણીઓ, જીવજંતુઓને પણ જીવન મળે અને આ કાર્ય થકી ઈશ્વર સૌથી વધુ રાજી થાય."

આવી વિચારધારા ધરાવતા પ્રતુલભાઈને વંદન. ધૂણસોલ ગામના દરેક યુવાનને સલામ. વડીલોને વંદન.



*ગામના યુવાનોની મહેનત અને KRSF–VSSMના સહયોગથી સ્મશાનને હરિયાળું બનાવવાની ઐતિહાસિક શરૂઆત થઈ.*

# 6 શાળાઓના બાળકોએ ભેગા મળીને 75,000 થી વધારે રોપા ઉછેર્યા



*બાળક જ્યારે પોતાના હાથે બીજ રોપે છે, ત્યારે તે માત્ર છોડ નહીં, પણ જવાબદારી, ધૈર્ય અને પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ પણ ઉછેરે છે. KRSF આ માન્યતાને જીવંત રાખવા સતત પ્રયોગો કરે છે.*

વર્ષ 2025-26માં ફોરેસ્ટ વિભાગ, શિક્ષણ વિભાગ અને કે. આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) ના સંયુક્ત પ્રયાસોથી 6 શાળાઓમાં શરૂ થયેલી "બાળ નર્સરી" માં બાળકોએ પોતાના હાથે આશરે 75,000 રોપાઓ તૈયાર કર્યા. માટી ભરવાથી લઈને બિયારણ વાવવું, પાણી આપવું અને છોડની માવજત કરવા સુધીની દરેક પ્રક્રિયામાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

બાળ નર્સરીમાં રોપાઓ ધીમે ધીમે વિકસવા લાગ્યા ત્યારે કેટલાક છોડમાં ઈયળનો ઉપદ્રવ જોવા મળ્યો. બાળકો રોજ જે છોડની માવજત કરતા હતા, તેના પાંદડાઓને નુકસાન થતું જોઈ તેઓ ચિંતિત બન્યા. આ સમસ્યા બાળકો માટે માત્ર એક પડકાર નહોતી, પરંતુ પ્રકૃતિને સમજવાની એક તક પણ બની.

છોડને બચાવવા માટે રાસાયણિક દવાઓનો સીધો ઉપયોગ કરવાને બદલે પ્રાકૃતિક ઉપાય અજમાવવાનું નક્કી કરવામાં આવ્યું. નાગજીભાઈના સહયોગથી ગૌકૃપા અમૃત તૈયાર કરવામાં આવ્યું. ૨૦૦ લિટર પાણી, ૨ લિટર દેશી ગાયની છાશ, ૨ કિલો ગોળ અને જરૂરી બેક્ટેરિયાના મિશ્રણથી તૈયાર કરાયેલા આ દ્રાવણનો આશરે એક અઠવાડિયા બાદ છોડ પર છંટકાવ કરવામાં આવ્યો. બાળકો પણ આ સમગ્ર પ્રક્રિયામાં જોડાયા. પરિણામે ઈયળના ઉપદ્રવમાં ઘટાડો જોવા મળ્યો અને બાળકોને પ્રકૃતિ આધારિત રીતે છોડનું રક્ષણ કરવાની સુંદર પ્રાયોગિક સમજ મળી.

પ્રાયોગિક જ્ઞાન શિક્ષણનું ખૂબ મહત્વનું પાસું છે. તેનાથી બાળકમાં આત્મવિશ્વાસની મજબૂત દીવાલો ઊભી થાય છે. જ્યારે બાળક



*KRSF, શિક્ષણ વિભાગ અને જંગલ વિભાગના સહયોગથી સાબરકાંઠા અને અરવલ્લીના ૬ અંતરિયાળ શાળાઓમાં બાળકો થકી નર્સરી તૈયાર કરવાનો અનોખો પ્રયોગ શરૂ થયો.*

પોતાના હાથે બીજ રોપે છે, ત્યારે તે માત્ર વનસ્પતિશાસ્ત્ર જ નથી શીખતું, પરંતુ ધૈર્ય, માવજત અને સર્જનનો આનંદ પણ શીખે છે. એક રીતે કહીએ તો, પુસ્તકની વ્યાખ્યાઓ મગજમાં સચવાય છે, પરંતુ હાથે કરેલું કામ હૃદયમાં કોતરાઈ જાય છે. KRSF આ વિચારમાં વિશ્વાસ રાખે છે અને આવા પ્રયોગો દ્વારા બાળકોને અનુભવ આધારિત શિક્ષણ આપવાનો સતત પ્રયાસ કરે છે.

આ વિચારને વધુ વિસ્તૃત કરતાં 342 બાળકો માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિર યોજાઈ. BISEGના live session દ્વારા આ પહેલનો સંદેશ 30,000થી વધુ શિક્ષકો સુધી પહોંચ્યો.

બાળ નર્સરીના આ સફળ અનુભવને આગળ વધારી "એક પેડ માં કે નામ–૩.૦" અંતર્ગત સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠાના ૮ તાલુકા, ૧૨૬ ક્લસ્ટર અને ૫૯૬ શાળાઓમાં ૨૨,૨૬૮ રોપાઓ પહોંચાડવામાં આવ્યા.

આ અભિયાનની શરૂઆત માનનીય ડૉ. ધવલભાઈ ગઢવી સાહેબ, DCFના હસ્તે થઈ અને તમામ RFO સાહેબશ્રીઓના માર્ગદર્શન તથા સહકારથી કામગીરી આગળ વધી. KRSF તરફથી સમગ્ર પ્રોજેક્ટની જવાબદારી અને સંકલન ગિરીશ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું.

આ સફર માત્ર વૃક્ષારોપણની નથી—બાળકોના હાથથી પ્રકૃતિપ્રેમ, જવાબદારી અને અનુભવ આધારિત શિક્ષણનું બીજ વાવવાની સફર છે.

"આજે એક રોપું વાવીશું, આવતીકાલે હરિયાળું ભવિષ્ય બનાવીશું."



*દરેક બાળક ડૉક્ટર કે એન્જિનિયર બને એ જરૂરી નથી. પરંતુ બાળપણથી મળેલું એક હુન્નર તેના માટે રોજગાર અને સ્વાવલંબનનો માર્ગ જરૂર બની શકે.*

પરિવર્તન
સપ્ટેમ્બર, ૨૦૨૬

# વેસ્ટમાંથી બેસ્ટ નર્સરી



*'આત્મનિર્ભર બાળ નર્સરી' શરૂ કરી*

નકામી સમજીને કચરામાં ફેંકી દેવાતી દૂધની પ્લાસ્ટિકની કોથળીઓ જો કોઈ આખી શાળાના મેદાનને હરિયાળું અને લીલુંછમ બનાવી દે, તો એ કોઈ ચમત્કારથી ઓછું નથી. પણ સાહેબ, આ ચમત્કાર પાછળ કોઈ મંત્ર નથી હોતો, પણ એક સાચા શિક્ષકની કોઠાસૂઝ અને નાના-નાના છોકરાઓની તનતોડ મહેનત છે.

ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) ના પૂરક શિક્ષક ભરતભાઈ સોલંકી છેલ્લા બે વર્ષથી પીપોદરા પ્રાથમિક શાળામાં સેવા આપે છે. સંસ્થા તરફથી એક ચોખ્ખી વાત કહેવાયેલી કે બાળકોને ખાલી ચોપડીઓ ગોખાવવા પૂરતા મર્યાદિત નથી રાખવાના, પણ તેમના મગજનો વિકાસ થાય એવી બીજી પ્રવૃત્તિઓ પણ કરાવવાની છે.

આ માટે ભરતભાઈએ શાળાના જ એક ઉત્સાહી શિક્ષક અજીતભાઈ સાથે મગજ દોડાવ્યું. બંનેના મનમાં એક જોરદાર વિચાર આવ્યો કે કેમ નહિ શાળામાં જ બાળકોની

મદદથી એક 'આત્મનિર્ભર બાળ નર્સરી' શરૂ કરીએ!

હવે પ્રશ્ન એ હતો કે નર્સરી માટે પ્લાસ્ટિકના નાના કુંડા કે કોથળીઓ લાવવી ક્યાંથી? એના માટે તેમણે એક બહુ જ દેશી અને મફતનો રસ્તો શોધ્યો.

શાળામાં બાળકોને 'દૂધ સંજીવની' યોજના નીચે રોજ જે દૂધ મળે છે, એની ખાલી થેલીઓનો જ ઉપયોગ કરવાનું નક્કી કર્યું. બાળકો દૂધ પી લે એટલે એ કોથળીને ઉપરથી કાતરથી વ્યવસ્થિત કાપે અને એક ડોલમાં ભેગી કરે. પછી રિસેસના સમયે બધા છોકરાઓ હોંશે-હોંશે ભેગા થાય અને એ ખાલી થેલીઓમાં માટી ભરવા મંડી પડે. જોતજોતામાં આવી બારસો જેટલી થેલીઓ તૈયાર થઈ ગઈ!

હવે વારો હતો બીજનો. એના માટે પણ ભરતભાઈએ એક મસ્ત આઈડિયા લગાવ્યો. તેમણે પ્રાર્થના સભામાં બધા બાળકોને કહી દીધું, "તમારે બધાએ પોતપોતાના ઘરેથી પાંચ-પાંચ ગમે તે બીજ લઈ આવવાના."

શાળામાં જ એક 'બીજ બેન્ક' બનાવવામાં આવી, જ્યાં બધા બાળકોએ લાવેલા બીજ ભેગા કર્યા અને પછી એ માટી ભરેલી થેલીઓમાં વાવી દીધા.

બાળકો રોજ સવારે આવીને આ થેલીઓને વહાલથી પાણી પાતા. તેમની આ રોજની



*નકામી લાગતી દૂધની પ્લાસ્ટિકની કોથળીઓ, એક શિક્ષકની કોઠાસૂઝ અને બાળકોની મહેનતથી આખી શાળાને હરિયાળી આપતી નર્સરીમાં બદલાઈ ગઈ.*

માવજત રંગ લાવી અને નાના-નાના કૂંપળો ફૂટ્યા ને છોડ ઊગી નીકળ્યા. એ પછી તો શાળામાં એક સરસ વૃક્ષારોપણનો પ્રોગ્રામ રાખીને એ બધા છોડને મેદાનમાં રોપી દેવાયા.

આજે એ નાના છોડ મોટા થઈને શાળાના મેદાનમાં હવામાં લહેરાઈ રહ્યા છે. જે કચરો પર્યાવરણને બગાડવાનો હતો, એ જ કચરામાંથી આજે આખું મેદાન મહેકી ઉઠ્યું છે. ભણતરની સાથે સંસ્કાર આપવા એને જ તો સાચું શિક્ષણ કહેવાય!

**વૃક્ષો પરના પાઠ પુસ્તકોમાં નહીં,
શાળાના આંગણામાં લખાવા જોઈએ.
કારણ કે હાથથી ઉછેરેલો એક છોડ,
હજાર ભાષણ કરતાં વધુ શીખવે છે.**

# KRSF થકી અત્યાર સુધી વાવેલા ને એમાંથી ઉછરી રહેલા વૃક્ષોની સંખ્યા

| જીલ્લો | વાવેલા વૃક્ષોની સંખ્યા |
|---|---|
| વાવ-થરાદ | ૩,૨૬,૪૪૮ |
| અરવલ્લી | ૩,૦૦૦ |
| બનાસકાંઠા | ૨,૧૧,૧૨૬ |
| ગાંધીનગર | ૧૭,૫૪૬ |
| પાટણ | ૨,૦૬,૦૨૬ |
| કચ્છ | ૬,૪૦૦ |
| સાબરકાંઠા | ૬૨,૬૩૬ |
| **કુલ વાવેલા વૃક્ષોની સંખ્યા** | **૮,૩૩,૧૮૨** |




નાના બાળકોથી લઈને ઘરડા વૃદ્ધો સુધીના લોકો અમારા આ યજ્ઞમાં જોડાયા છે

# જળ વ્યવસ્થાપન

## પાણી જીવનનો આધાર અને આવનારી પેઢી માટેની જવાબદારી

જળ એટલે માત્ર એક કુદરતી સંસાધન નહીં, પરંતુ સમગ્ર જીવસૃષ્ટિના અસ્તિત્વનો આધાર. પૃથ્વી પરનું દરેક જીવન જળ સાથે જોડાયેલું છે. માણસ હોય કે પશુ-પક્ષી, ખેતી હોય કે પર્યાવરણ દરેક માટે પાણી અનિવાર્ય છે. તેથી જ જળનું સંરક્ષણ અને તેનું યોગ્ય સંચાલન કરવું એ આજના સમયની સૌથી મોટી જવાબદારીઓમાંની એક છે.

આજે વિકાસની દોડમાં ભૂગર્ભજળનો અતિશય ઉપયોગ થયો છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત જેવા વિસ્તારોમાં ભૂગર્ભજળની સ્થિતિ ખૂબ જ ચિંતાજનક બની છે. વર્ષો સુધી બોરવેલ અને ટ્યુબવેલ દ્વારા જમીનમાંથી સતત પાણી ખેંચાતું રહ્યું, પરંતુ તેના પ્રમાણમાં વરસાદી પાણીનું જમીનમાં પુનઃભરણ (Recharge) પૂરતું થયું નહીં. પરિણામે અનેક વિસ્તારોમાં પાણીના સ્તર ખૂબ ઊંડા ગયા છે અને ભવિષ્ય માટે પાણીની સુરક્ષા એક મોટો પડકાર બની છે.

આ પરિસ્થિતિમાં તળાવો, જળાશયો અને પરંપરાગત જળસ્રોતોનું મહત્વ અનેકગણું વધી જાય છે. તળાવ માત્ર પાણી સંગ્રહવાનું સ્થાન નથી, પરંતુ તે ગામના જીવનનું કેન્દ્ર છે. તે વરસાદી પાણીને સાચવે છે, ભૂગર્ભજળનું સ્તર ઊંચું લાવવામાં મદદ કરે છે, ખેતી અને પશુપાલનને આધાર આપે છે અને સમગ્ર પર્યાવરણનું સંતુલન જાળવે છે.

ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) માને છે કે જળનું કાર્ય માત્ર એક વિકાસલક્ષી પ્રવૃત્તિ નથી, પરંતુ સમગ્ર જીવસૃષ્ટિ પ્રત્યેની આપણી ફરજ છે. પાણી બચાવવું એટલે આવનારી પેઢીઓ માટે જીવન બચાવવું. આ જ ભાવના સાથે KRSF પોતાની સાથી સંસ્થા VSSM સાથે મળીને ગામોના પરંપરાગત જળસ્રોતોને પુનર્જીવિત કરવા માટે સતત કાર્ય કરી રહ્યું છે.

આ સહિયારા પ્રયાસોથી અત્યાર સુધીમાં ૧૦૫ જેટલા જળમંદિરોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. આ કાર્યમાં સૌથી મહત્વની વાત એ છે કે આ સમગ્ર પ્રક્રિયામાં ગામના લોકો પણ સહભાગી બન્યા. પોતાના ગામના તળાવ ઊંડા થાય એ માટે ગ્રામજનોએ માટી ઉપાડી.

પ્રતુલભાઈ હંમેશાં ભાગીદારીના અભિગમમાં વિશ્વાસ રાખે. તેમનું માનવું છે કે જ્યારે સરકાર, સામાજિક સંસ્થાઓ અને સ્થાનિક સમાજ એકસાથે આવે ત્યારે જ કોઈપણ કાર્યનું પરિણામ વધુ વ્યાપક અને લાંબા ગાળાનું બને. તેથી જ ક્યાંક સરકારની સુજલામ સુફલામ યોજના સાથે ભાગીદારી કરીને, તો ક્યાંક સ્થાનિક ધારાસભ્યોની ગ્રાન્ટના સહયોગથી અને ગામ લોકોના સહયોગથી જળસંરક્ષણના અનેક કાર્યોને સફળ બનાવવામાં આવ્યા.

જળનું કાર્ય માત્ર માણસ માટે જ નહીં, પરંતુ સમગ્ર જીવસૃષ્ટિ માટે જરૂરી છે. એક તળાવમાં ભરાયેલું પાણી માત્ર એક ગામની તરસ નથી છીપાવતું, પરંતુ તે જમીન, વૃક્ષો, પશુ-પક્ષીઓ અને સમગ્ર પર્યાવરણને જીવન આપે છે.

આજે જ્યારે પાણીનું મહત્વ દરેક વ્યક્તિ અનુભવી રહી છે ત્યારે જળમંદિરોનું પુનર્જીવન એ ભવિષ્ય માટેની સૌથી મોટી સેવા છે.

### જળસંરક્ષણના સંકલ્પની કેટલીક પ્રેરણાદાયી વાતો

## જળ ખૂટ્યા પછી જળમંદિર તરફની યાત્રા



*નર્મદાના નીરથી આ તળાવ ફરી જીવંત બનશે અને ગામના ભૂગર્ભજળમાં નવજીવનનો સંચાર થશે.*

દિયોદરના સેસાણ ગામે તળાવની પાળે અમે ઊભા, ત્યારે કુતૂહલવશ ત્યાં રમી રહેલા બાળકોને અમે એક સહજ પ્રશ્ન પૂછ્યોઃ

“આને શું કહેવાય ?”

એક બાળક (ઉત્સાહમાં): "નદી!"

મેં હસીને પૂછ્યું: "નદી કેવી રીતે કહેવાય ? નદી તો વહેતી હોય, અનેક ગામોમાં જાય..."

બાળક (નિર્દોષતાથી): "તો શું આ નદી નથી ?"

મેં કહ્યું: "ના, આ તો ’તળાવ’ છે."

બધા બાળકો એકસાથે અચરજથી બોલી ઉઠ્યાઃ "ઓહ... તલાવ!"

જે પેઢીએ તળાવોને છલકાતા જોયા જ નથી, એને બિચારાને ખબર પણ ક્યાંથી હોય કે 'તળાવ' એટલે શું?

'જળખૂટ્યા' પુસ્તક હમણાં વાંચ્યું એમાં આ વાત આલેખી છે. અમે હંમેશા કહીએ કે, જો ગામનું તળાવ મરે, તો ધીમે ધીમે આખું ગામ મરવા લાગે. પશુ-પક્ષીઓ અને માણસોનું સ્થળાંતર શરૂ થાય.

આપણા શિક્ષકો બાળકોને માત્ર પુસ્તકોમાં નહીં, પણ પ્રત્યક્ષ રીતે નદી, તળાવ, વોકળા અને સ્મશાન કોને કહેવાય તેનું નિદર્શન કરાવે તેની આજે જરૂર છે. આપણી ધરોહર એવા તળાવો વિષે બાળકો નહીં જાણે, એને નહીં ઓળખે, તો પર્યાવરણને કોણ બચાવશે?

KRSF ની સાથી સંસ્થા VSSM ના માધ્યમથી આજે સેસાણ ગામે જળમંદિરના નિર્માણનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ કાર્યમાં ધારાસભ્ય શ્રી કેશાજી ચૌહાણ ની ગ્રાન્ટમાંથી ચોક્કસ સહયોગ સાંપડ્યો છે. જેના કારણે આ કાર્યને વેગ મળ્યો. ગામલોકો પોતે માટી ઉપાડીને આ પવિત્ર કાર્યમાં જોડાયા.

આ તળાવમાં હવે મા રેવા (નર્મદા) ના નીર પધારવાના છે. ઉત્તર ગુજરાતના ઘણા ઠેકાણે ભૂગર્ભ જળ જ્યારે જોખમી સપાટીએ પહોંચ્યા છે, ત્યારે નર્મદાના નીર થકી તળ ફરી જીવંત થશે. નર્મદાના નીર તળાવમાં નંખાશે તો ગામના જોખમી સ્થિતિએ પહોંચેલા ભૂગર્ભજળને આમ તો લોકોના જીવમાં જીવ આવશે..

ઉત્તર ગુજરાતની ધરતી ફરી પાણીદાર બનાવવામાં નિમિત્ત બન્યાનો હરખ..



*VSSM ના સ્થાપક મિત્તલ પટેલનું 'જળખૂટ્યા' પુસ્તક હમણાં વાંચ્યું એમાં આ વાત આલેખી છે. અમે હંમેશા કહીએ કે, જો ગામનું તળાવ મરે, તો ધીમે ધીમે આખું ગામ મરવા લાગે. પશુ-પક્ષીઓ અને માણસોનું સ્થળાંતર શરૂ થાય.*

# 25 ફૂટે મળતું પાણી આજે 1000 ફૂટે પહોંચ્યું



*ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ, KRSFની ભાગીદારી અને ગામના સહયોગથી તળાવને નવજીવન આપવાનું કાર્ય શરૂ થયું.*

"ગામનું પાદર વર્ષોથી ગામની રાહ જોતું હતું!" વાવ થરાદના ચગવાડા ગામના પાદરે આવેલું વર્ષો જૂનું 'જલમંદિર' (તળાવ) એક સમયે આખા ગામની જીવાદોરી હતું. પણ સમય જતાં, બોરવેલ થકી પાતાળને ચીરીને પાણી ખેંચવાની લ્હાયમાં આપણે આકાશના અમૃતને ઝીલનારા તળાવની કિંમત ભૂલતા ગયા. જોકે, પાતાળના તળિયાની પણ એક મર્યાદા હોય છે. ચગવાડા ગામે જ્યારે જોયું કે ક્યારેક ૨૫ ફૂટે મળતું પાણી આજે ૧૦૦૦ ફૂટની જોખમી સપાટીએ પહોંચી ગયું છે, ત્યારે સૌને આત્મભાન થયું અને જલમંદિરનો એ મૂંગો પોકાર આખરે ગામના લોકોના હૃદય સુધી પહોંચ્યો.

આ જાગૃતિ આવતા જ ગામના લોકો પોતાના પરંપરાગત તળાવને ઊંડું કરવા અને તેને નવું જીવન આપવા માટે એકસાથે તૈયાર થયા. આ ભગીરથ કાર્યમાં દિયોદરના ધારાસભ્ય શ્રી કેશાજી ચૌહાણ પણ જોડાયા અને તેમણે પોતાની ગ્રાન્ટમાંથી આ પવિત્ર કાર્ય માટે આર્થિક ફાળો આપ્યો. પોતાનો વિસ્તાર પાછો પાણીદાર ન થાય ત્યાં સુધી એમણે કોઈ સન્માન ન સ્વીકારવાનો પણ સંકલ્પ લીધો છે. આવા જાગૃત અને સંવેદનશીલ ધારાસભ્ય દરેક વિસ્તારમાં ઈચ્છનીય..

જળનું કાર્ય ઘણું મહત્વનું. એટલે KRSF પણ પોતાની સાથી સંસ્થા VSSM સાથે મળીને આ કાર્ય કરે. ધારાસભ્ય શ્રીની ગ્રાન્ટ સાથે KRSF એ પણ ભાગીદારી કરીને ગામના તળાવને ઊંડુ કરવાનું નક્કી કર્યું. આ કાર્યમાં ગામ પણ સહભાગી બન્યું.



*વાવ થરાદના ચગવાડા ગામના પાદરે આવેલું વર્ષો જૂનું 'જલમંદિર' (તળાવ) એક સમયે આખા ગામની જીવાદોરી હતું.*

સંયુક્ત પ્રયાસોથી ચગવાડાનું આ તળાવ હવે ખાસ્સું ઊંડું થઈ ગયું. આ તળાવમાં આગામી સમયમાં નર્મદાના નીર પણ નંખાવાના છે. આમ ચોમાસા સિવાય પણ આ તળાવ ભરાશે ને ઊંડા ગયેલા પાણીના તળ રિચાર્જ થશે. તળાવની પહોળી થયેલી પાળ પર વૃક્ષો વાવવાની જવાબદારી પણ ગામે ખૂબ ઉત્સાહથી સ્વીકારી છે.

ચગવાડા જેવી જાગૃતિ જો ગુજરાતના દરેક ગામમાં આવે, તો આપણી ધરા ફરી એકવાર સાચા અર્થમાં 'પાણીદાર' અને 'હરિયાળી' બની જાય.

KRSF અત્યાર સુધીમાં ૧૦૫ જલમંદિરના નિર્માણમાં સહભાગી બન્યું એનો રાજીપો...




*KRSF અત્યાર સુધીમાં ૧૦૫ જલમંદિરના નિર્માણમાં સહભાગી બન્યું*

# ક્યા જિલ્લામાં જલમંદિરના નિર્માણમાં KRSF નિમિત્ત બન્યું એની વિગત

| જીલ્લો | ઊંડા કરેલ તળાવની સંખ્યા |
|---|---|
| વાવ-થરાદ | ૩૯ |
| પાટણ | ૨ |
| સાબરકાંઠા | ૩૬ |
| ગાંધીનગર | ૨ |
| મહેસાણા | ૧૨ |
| બનાસકાંઠા | ૧૪ |
| **કુલ ઉંડા કરેલા તળાવોની સંખ્યા** | **૧૦૫** |



*મેઘરાજાની મહેરથી ખાલી તળાવો ફરી ભરાયા*

## પ્રાકૃતિક ખેતી

આજે જમીનની ફળદ્રુપતા અને આપણું સ્વાસ્થ્ય બંને કેમિકલવાળા ખાતરો અને દવાઓને લીધે બગડી રહ્યા છે, જેનો સાચો ઉપાય પ્રાકૃતિક ખેતી (ગાય આધારિત ખેતી) તરફ પાછા વળવું એ જ છે. ખેડૂત એ આપણો અન્નદાતા છે, પણ આજે દેવાના ડુંગર અને પાકના ઓછા ભાવોને લીધે તે મુશ્કેલીમાં છે. આ પરિસ્થિતિને બદલવા માટે અમારી સંસ્થા ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) એ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવાનું મોટું અભિયાન શરૂ કર્યું છે. આ કામમાં અમે એકલા ચાલવાને બદલે, ખેડૂતોના હિત માટે કામ કરતી અલગ-અલગ સંસ્થાઓને આર્થિક મદદ કરી છે અને તેમની સાથે ખભેથી ખભો મિલાવીને જમીન સ્તર પર કામ કર્યું છે. અમે ખેડૂતોને માત્ર ઓર્ગેનિક ખેતી કરતા જ નથી શીખવતા, પણ તેમની મહેનતથી પકવેલા અનાજ અને શાકભાજીને વેચવા માટે સારા બજારો (માર્કેટ) મળી રહે તે માટે પણ પૂરતી વ્યવસ્થા કરી આપીએ છીએ. અમારો હેતુ એક જ છે કે ખેડૂતોનો ખેતી ખર્ચ ઘટે, લોકોને શુદ્ધ ખોરાક મળે અને આપણા ખેડૂત ભાઈઓ આર્થિક રીતે સધ્ધર બનીને ગર્વથી જીવી શકે.

## ભણતર સાથે કુદરતી ખેતી શીખતા બાળકો



*જો બાળકો શાળાથી જ સજીવ ખેતી શીખે, તો આવતીકાલે તેઓ માત્ર સારા ખેડૂત નહીં, પણ ઓછી કિંમતમાં વધુ ટકાઉ ખેતી કરનારા ખેડૂતો બની શકે.*

સાબરકાંઠાના અંતરિયાળ અને ખાસ કરીને આપણા આદિવાસી વિસ્તારોની એક મોટી મુશ્કેલી કઈ છે? ત્યાં રોજગારી બહુ ઓછી છે, જેના કારણે લોકોને કામ ધંધા માટે પોતાના વતન છોડીને બહાર ગામ પલાયન કરવું પડે છે. પણ આવા કપરા વિસ્તારોમાં ડૉ.

કે.આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) દ્વારા એક બહુ જ સરસ અને નવી કેડી કંડારવામાં આવી છે.

સંસ્થાએ જે શાળાઓમાં શિક્ષકો નહોતા ત્યાં પૂરક શિક્ષકોની વ્યવસ્થા તો કરી જ, પણ સાથે-સાથે બાળકો માટે 'વર્મીકમ્પોસ્ટ' એટલે કે અળસિયાનું ખાતર બનાવવાની એક અનોખી તાલીમ પણ શરૂ કરી દીધી.

આ પ્રોજેક્ટ પાછળનો વિચાર બહુ ઊંડો છે. જો બાળકો શાળાના સમયથી જ 'સજીવ ખેતી' (ના ફાયદા સમજતા થઈ જાય, તો ભવિષ્યમાં જ્યારે તેઓ મોટા થઈને ખેતી સંભાળશે ત્યારે રાસાયણિક ખાતરો પાછળ પૈસા બગાડવાના બદલે આ દિશામાં બહુ સરળતાથી આગળ વધી શકશે.

તમને જાણીને નવાઈ લાગશે કે સરકારી સહાય અને KRSF ના ટેકાથી સાબરકાંઠાની ૨૪ શાળાઓમાં આ પ્રોજેક્ટ ધમધમી રહ્યો છે, જેમાં ૫૯૯ જેટલા નાના-મોટા બાળકો હોંશે-હોંશે જોડાયા છે.

બાળકોને ખાતર બનાવવાની એવી મસ્ત પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી કે આજે અલગ-અલગ શાળાઓમાં અળસિયાના ખાતર માટેના ૪૪ બેડ તૈયાર થઈ ગયા છે! આ નાના બાળકોના હાથે બનેલું શુદ્ધ ખાતર હવે બજારમાં વેચાવવા પણ માંડ્યું છે.

જે ગામોમાં આ પ્રયોગ થયો છે ત્યાં આજે પણ ખેતી જ આજીવિકાનો મુખ્ય આધાર છે.

જો આ બાળકો અત્યારથી જ રાસાયણિક ખાતરોને બદલે અળસિયાના ખાતરનું મહત્વ સમજી જશે, તો આવનારા સમયમાં તેઓ પોતાના ખેતરોને કેમિકલના ઝેરથી મુક્ત કરી શકશે. એનાથી જમીનની ફળદ્રુપતા તો વધશે જ, પણ સાથે ખેતીનો ખર્ચ સાવ ઘટી જશે અને આખા પરિવારની કમાણી સુધરશે.

લાખો બાળકોના જીવનને નવી દિશા આપવા માટે શાળાના આંગણે રોપાયેલું આ નાનકડું બીજ, ભવિષ્યમાં આખા સમાજને સ્વાવલંબી અને મજબૂત બનાવશે એમાં કોઈ શંકા નથી.



*આજે ૪૪ અળસિયાના ખાતરના બેડ તૈયાર થયા છે, અને બાળકોના હાથે બનેલું શુદ્ધ ખાતર હવે બજારમાં પણ વેચાઈ રહ્યું છે.*

# M.Sc. પાસ ખેડૂત



*કેવલ ચૌધરી. B.Sc. કેમિસ્ટ્રી અને M.Sc. જેવી ઉચ્ચ ડિગ્રીઓ મેળવી હોવા છતાં, નોકરીઓની પાછળ દોડવાને બદલે છેલ્લા એક વર્ષથી ખેતીના વ્યવસાયમાં ઝંપલાવ્યું છે.*

બહુ જૂના સમયની વાત છે, એક ચતુર રાજાએ પોતાની પ્રજાને પૂછ્યું કે, "આ પૃથ્વી પર સૌથી મોટો જાદુગર કોણ છે?" કોઈએ મંત્ર વાંચનારા વિદ્વાનનું નામ આપ્યું, તો કોઈએ વૈજ્ઞાનિકનું. પણ એક વૃદ્ધ ખેડૂતે હસીને ખેતરની માટી હાથમાં લીધી અને બોલ્યો, "રાજાજી, સૌથી મોટો જાદુગર આ માટી છે! તમે આમાં એક નાનો દાણો નાખો છો અને એ આપણને હજારો દાણા પાછા આપે છે." પણ અફસોસ કે છેલ્લા કેટલાય વર્ષોથી રાસાયણિક ખાતરોનો આંધળો ઉપયોગ કરીને આપણે આ જાદુઈ માટીની ફળદ્રુપતા અને તેનો જીવ છીનવી લીધો છે.

જ્યારે માટી પોતાનો શ્વાસ લેવાનું બંધ કરે છે, ત્યારે એ માટી સાથે જોડાયેલા ખેડૂતની આશા પણ કરમાવા લાગે છે. પરંતુ આ બદલાતા સમયમાં જમીનને ફરીથી સજીવન કરવાનો, એની જૂની ફળદ્રુપતા પાછી લાવવાનો અને કેમિકલમુક્ત પ્રાકૃતિક ખેતી તરફ પાછા ફરવાનો એક બહુ જ સુંદર અને આશાસ્પદ પવન ફૂંકાયો છે.

આવા જ એક વિઝનરી અને સકારાત્મક પરિવર્તનનું જીવંત ઉદાહરણ છે કેવલ સતીશભાઈ ચૌધરી. B.Sc. કેમિસ્ટ્રી અને M.Sc. જેવી ઉચ્ચ ડિગ્રીઓ મેળવી હોવા છતાં, નોકરીઓની પાછળ દોડવાને બદલે તેમણે પોતાની માટીની સેવા કરવાનું નક્કી કર્યું અને છેલ્લા એક વર્ષથી ખેતીના પવિત્ર વ્યવસાયમાં ઝંપલાવ્યું છે.

કેવલભાઈને કુદરતી ખેતી તરફ વાળવામાં અને એ ક્ષેત્રમાં સ્વનિર્ભર બનાવવા માટે ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) એ બહુ મોટો ભાગ ભજવ્યો. સંસ્થાએ તેમને માત્ર પ્રોત્સાહન જ નથી આપ્યું, પણ વર્મીકમ્પોસ્ટના ખાસ બેડ પૂરા પાડીને જીવામૃત તથા અળસિયાનું ઉત્તમ ખાતર બનાવવાની વૈજ્ઞાનિક અને વ્યવહારુ તાલીમ પણ આપી.

સંસ્થાના વિકાસભાઈ કાપડિયા અને સચીનભાઈ ઠાકોર તરફથી આપવામાં આવેલી તાલીમ અને પોતાની વિજ્ઞાનની સમજનો ઉપયોગ કરીને કેવલભાઈએ છેલ્લા એક વર્ષમાં વર્મીકમ્પોસ્ટ ખાતરની સફળતાપૂર્વક ૫ વર્મીકમ્પોસ્ટ બેડ તૈયાર કરી લીધી છે. ઉચ્ચ શિક્ષિત યુવાન જો ખેતરમાં ઉતરે અને નવી તકનીક સાથે માટીની સેવા કરે તો ખેતી પણ કેટલી નફાકારક અને શ્રેષ્ઠ બની શકે તે તેમણે સાબિત કર્યું છે.

વર્મીકમ્પોસ્ટ ખાતર જમીનમાં ઓર્ગેનિક કાર્બન અને ફાયદાકારક સૂક્ષ્મજીવોનું પ્રમાણ ઝડપથી વધારે છે. આ ખાતરથી જમીનની પાણી પકડી રાખવાની ક્ષમતા સુધરે છે, છોડના મૂળનો વિકાસ મજબૂત થાય છે, અને સૌથી અગત્યનું એટલે કે રાસાયણિક ખાતરો પરનો આંધળો ખર્ચ અને નિર્ભરતા સાવ ઘટી જાય છે.

જેમ કેવલભાઈ આજે વિજ્ઞાન અને જૈવિક પદ્ધતિનો સમન્વય કરીને જમીનની તંદુરસ્તી જાળવી રહ્યા છે, તેમ ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન પણ ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણ અને સ્વનિર્ભરતાની અનોખી ક્રાંતિ લાવી રહ્યું છે. એક ભણેલો ખેડૂત જ્યારે પ્રાકૃતિક ખેતી અપનાવે છે ત્યારે આખા ગામ માટે પ્રેરણાસ્રોત બની જાય છે.

સંસ્થા દ્વારા ૧૭ જેટલા પ્રગતિશીલ ખેડૂતો સાથે મળીને ૩૮ વર્મીકમ્પોસ્ટ બેડ અને ૩૧ શાળાઓના ૧,૬૨૫ બાળકોને ટેકનિકલ તાલીમ આપીને શિક્ષણ, પોષણ, કૌશલ્ય અને જૈવિક ખેતી ક્ષેત્રે પાયાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે, જે આવનારા સમયમાં આત્મનિર્ભર ગામડાઓનું સપનું પૂરું કરશે.



*વર્મીકમ્પોસ્ટ ખાતર જમીનમાં ઓર્ગેનિક કાર્બન અને ફાયદાકારક સૂક્ષ્મજીવોનું પ્રમાણ ઝડપથી વધારે છે. તેથી પાણી પકડી રાખવાની ક્ષમતા સુધરે છે, છોડના મૂળનો વિકાસ મજબૂત થાય છે*

# KRSF ની શાળાઓમાં અલગ પહેલ



*KRSF દ્વારા વોકેશનલ તાલીમ અંતર્ગત ૩૧ શાળાઓના ૧,૬૨૫ વિદ્યાર્થીઓ અને ૧૨૨ શિક્ષકોને શાળામાં જઈને જ વર્મી કમ્પોસ્ટિંગની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી છે.*

રાસાયણિક ખાતરોના અંધાધૂંધ વપરાશથી જમીનનું આરોગ્ય બગડી રહ્યું છે, ત્યારે નવી પેઢી નાની વયથી જ ખેતી પ્રત્યે રસ દાખવે અને જૈવિક ક્રાંતિની દિશામાં આગળ વધે તે અત્યંત જરૂરી છે. જો બાળકો શાળામાંથી જ રાસાયણિક ખાતરોથી થતા ગંભીર નુકસાન પ્રત્યે જાગૃત થાય, ખેતીનું સાચું મૂલ્ય સમજે અને ભવિષ્યમાં પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રેરાય, તો ગ્રામીણ ભારતનું ભવિષ્ય ઉજ્જ્વળ બની શકે. આ જ હેતુથી શાળાઓમાં જ વોકેશનલ ટ્રેનિંગ (વ્યવસાયિક



તાલીમ) અંતર્ગત બાળકોને જૈવિક ખેતીનું પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવે છે, જેથી શિક્ષણની સાથે સાથે તેમનું વ્યવસાયિક કૌશલ્ય પણ ખીલી ઉઠે.

આ સમગ્ર મિશનનો સૌથી મહત્વનો ભાગ શાળાના બાળકો છે. KRSF દ્વારા વોકેશનલ તાલીમ અંતર્ગત ૩૧ શાળાઓના ૧,૬૨૫ વિદ્યાર્થીઓ અને ૧૨૨ શિક્ષકોને શાળામાં જઈને જ વર્મી કમ્પોસ્ટિંગની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી છે. બાળકો પોતાના હાથે અળસિયાં બેડમાં મૂકી, પાણી છાંટીને ખાતર બનાવતા જાતે શીખે છે. આનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો નાની વયથી જ ખેતીનું મહત્વ સમજે, જમીનને રાસાયણિક ઝેરથી બચાવે અને સક્ષમ બને તે છે. આમ, શિક્ષણ અને જૈવિક ખેતીના સમન્વયથી KRSF નવી પેઢી દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં આત્મનિર્ભરતાનું સપનું સાકાર કરી રહ્યું છે.

કોઈ પણ સંસ્થાનો વિકાસ તેના મુલ્યોના આધારે નક્કી થાય છે. KRSF એ ટીમ સાથે મળી સંસ્થાના પાયાના મુલ્યો તેમજ સંસ્થાનો DNA નક્કી કર્યો. મુલ્યો અને DNA અમારી સંસ્થાની કાર્ય કરવાની પધ્ધતિ દર્શાવે ને એનાથી સંસ્થાનું / કાર્યકર્તાઓનું જીવન ઘડતર પણ થાય.

## અમારા પાયાના મૂલ્યો




## સંસ્થાના DNA




**Dr. K. R. Shroff Foundation**
9, Aaryans Corporate Park, Nr. Shilaj Railway Crossing,
Thaltej – Shilaj Rd, Thaltej, Ahmedabad, Gujarat 380059, India.
Email: info@krsf.in Contact us 72270 64000

## ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન દ્વારા થતા જળસંચય તેમજ વૃક્ષ ઉછેર કાર્યની ઝાંખી











# ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનના પ્રેરણાદાયી કાર્ય માટે મુખ્યમંત્રી શ્રીના હસ્તે સન્માન




વર્ષ ૨૦૧૨થી ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશને ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણના ક્ષેત્રે એક મૌન પરંતુ અત્યંત અસરકારક ક્રાંતિની શરૂઆત કરી. શરૂઆતમાં કાર્યનો વ્યાપ મર્યાદિત હતો, પરંતુ શિક્ષણ પ્રત્યેની દૃઢ પ્રતિબદ્ધતા અને સમાજ પ્રત્યેની સંવેદનાના કારણે આ કાર્ય ધીમે ધીમે ગુજરાતના અનેક વિસ્તારમાં વિસ્તરતું ગયું. આજે ગુજરાતના આદિવાસી વિસ્તારો ઉપરાંત દેશભરમાં બાળકોના શિક્ષણ માટે કાર્યરત અનેક સંસ્થાઓને પણ ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન સતત સહયોગ અને માર્ગદર્શન પૂરું પાડે છે.

શિક્ષણ ઉપરાંત આરોગ્ય, સામાજિક વિકાસ, પર્યાવરણ અને અન્ય અનેક માનવસેવાના ક્ષેત્રોમાં પણ ફાઉન્ડેશનનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે.

VSSM અને ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશના સહિયારા પ્રયાસથી ગાંધીનગર જિલ્લાના પાનસર ગામે **વલ્લભ વિદ્યા વિહાર કાર્યરત છે. જ્યાં ૬૫૦ બાળકો ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી રહ્યા છે.** સમાજના વંચિત અને આર્થિક રીતે નબળા વર્ગના બાળકો માટે આ સંકુલ આશાનું કેન્દ્ર બન્યું છે.

વલ્લભ વિદ્યા વિહાર બાળકોને સમર્પીત કરવાના કાર્યક્રમમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ  શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા ને તેમણે ફાઉન્ડેશન પ્રમુખ ઉદયભાઈનું સન્માન કર્યું.

વ્યક્તિ, સંસ્થા કે ઉદ્યોગજગત રાષ્ટ્રનિર્માણને સંકલ્પ તરીકે સ્વીકારે, ત્યારે હજારો બાળકોના જીવનમાં નવી આશા, નવા અવસર અને ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ શક્ય બને જે ફાઉન્ડેશને કર્યું. આ સન્માન ફાઉન્ડેશનમાં સમર્પીત ભાવે કાર્ય કરતા સૌ કાર્યકર્તાઓનું, શિક્ષકોનું.